કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
રાપર તાલુકાના ફતેહગઢ, બાલાસર, અમરાપર (ખડીર) રામવાવ, સુવઈ, નાની હમીરપર, આડેસર પલાંસવા, ચિત્રોડ, કિડીયાનગર, માખેલ, સરવામોરા, મોમાયમોરા, મોટી હમીરપર, ભીમાસર, ભુટકીયા, પદમપર, પ્રાગપર, સુખપર, વરણો, નાંઢા, તથા આસપાસના વિસ્તારોમાં સર્ક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલિ અભિનંદન, જાહેર ખબરમાં સંપર્ક કરો
સુરેશ ઠક્કર (રાપર) : 99791 99595
સ્થળ : અંબાવી કોમ્પલેક્ષ, પાટીદાર વાડીની સામે, રાપર-કચ્છ.

ગાંધીધામ (પૂર્વ કચ્છ) ભૂજ (પશ્ચિમ કચ્છ)થી પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક તથા ગાંધીનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક કિંમત રૂા. ૨.૦૦/-

ગેસ બચાવો-દેશસેવામાં જોડાવો : ગભરાવો નહીં-ખોટી અફવાઓથી બચો

Website : www.kutchuday.com
E-mail : kutchuday@gmail.com

તા.૦૮ જૂન, ૨૦૨૬ સોમવાર

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ

# કચ્છ ઉદય

33 વર્ષથી અણનમ રહેતું કચ્છનું એક માત્ર અડિખમ સાંધ્ય દૈનિક

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
મુંદરા તાલુકાના ભદ્રેશ્વર, લુણી, વડાલા, ગુંદાલા, બારોઈ, નાના કપાયા, ભુજપુર, સમાઘોઘા, મોટા કપાયા, ફાચરીયા, પ્રાગપર, દેશલપર (કંઠી), વાંઢ, ધ્રબ તથા આસપાસના વિસ્તારોમાં સર્ક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલી અભિનંદન, જાહેર ખબર માટે સંપર્ક કરો
-: મુકેશભાઈ ગોર :-
90990 79342, 98790 41665
૫ મૈત્રી કોમ્પલેક્ષ, તાલુકા પંચાયત રોડ, મુંદરા-કચ્છ.

◆અંક નંબર : ૦૧૭ ◆વર્ષ : 33 ◆પાના - ૧૨ ◆ મુદ્રક, પ્રકાશક, માલીક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ◆Regd No. G-KCH - 184-2019-2021 ◆RNI No. 54972/94◆ સંવત ૨૦૮૨ ◆ જેઠ વદ - ૮ ◆ગાંધીધામ મો.૯૯૨૫૧ ૧૧૪૨૩ ◆ ભુજ મો.૯૮૨૫૦ ૯૪૭૭૪ ◆ ફેક્સ : ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭

# રાજયસભાનો જંગ : ભાજપના ધુરંધરોની વિધીવત દાવેદારી

ગાંધીનગર ખાતે રાજયસભાની ચૂંટણીને લઈને રાજકીય ગરમાવો વચ્ચે ભારતીય જનતા પાર્ટી દ્વારા જાહેર કરાયેલા ચાર ઉમેદવારોએ વિધિવત રીતે પોતાના નામાંકનપત્રો દાખલ કર્યા હતા. ભાજપ તરફથી રાજુ શુકલા, મુકેશ રાઠવા, જીતેન્દ્ર કણજરિયા અને માનસિંહ પરમારે રાજયસભાની ચૂંટણી માટે ઉમેદવારી નોંધાવી હતી.

નામાંકન પ્રક્રિયા દરમિયાન રાજયના મુખ્યમંત્રી, ઉપમુખ્યમંત્રી, મંત્રીમંડળના સભ્યો તેમજ ભાજપના અનેક ધારાસભ્યો અને સંગઠનના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. ભાજપ ના આગેવાનોએ ઉમેદવારોને શુભેચ્છા પાઠવી રાજયસભાની ચૂંટણીમાં પક્ષના તમામ ઉમેદવારોની જીતનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

રાજયસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને ભાજપ દ્વારા સંગઠન અને ધારાસભ્ય દળના સ્તરે વ્યાપક તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. ઉમેદવારોએ નામાંકન દાખલ કર્યા બાદ પક્ષના નેતાઓ સાથે બેઠક યોજી આગામી ચૂંટણી પ્રક્રિયા અંગે ચર્ચા પણ કરી હતી.ભાજપના નેતાઓએ જણાવ્યું હતું કે પક્ષના ચારેય ઉમેદવારો વિવિધ ક્ષેત્રોમાં અનુભવ ધરાવે છે અને રાજય તેમજ રાષ્ટ્રીય સ્તરે જનહિતના મુદ્દાઓને અસરકારક રીતે રજૂ કરવાની ક્ષમતા ધરાવે છે. નામાંકન પ્રક્રિયા દરમિયાન ભાજપના કાર્યકરો અને આગેવાનોમાં ઉત્સાહનો માહોલ જોવા મળ્યો

અનુસંધાન પાના નં.૪ પર

## રાજ્યના ડીજીપી પદે શ્રી જી.એસ મલિકે કાર્યભાર સંભાળ્યો






### અસામાજિક તત્વો કાયદામાં રહે : ચાર્જ સંભાળતા જ ડીજીપી શ્રી મલિકની લાલઆંખ



ગાંધીનગરઃ ગાંધીનગર ખાતે પોલીસ ભવનમાં જી.એસ. મલિકે ગુજરાત રાજ્યના નવા પોલીસ મહાનિર્દેશક (ડીજીપી) તરીકે સત્તાવાર રીતે કાર્યભાર સંભાળ્યો હતો. કાર્યભાર સંભાળ્યા બાદ તેમણે રાજ્યની કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે પોલીસ તંત્ર સમક્ષ રહેલા પડકારો અંગે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા.નવા ડીજીપીએ જણાવ્યું હતું કે ગુજરાત પોલીસ માટે આગામી સમયમાં અનેક મહત્વના પડકારો સામે છે. તેમાં સૌથી મહત્વનો પડકાર દર વર્ષે યોજાતી ભગવાન

અનુસંધાન પાના નં.૪ પર

### રાજયને મળ્યા ૪૧માં ડીજીપીશ્રી




ગાંધીનગરઃ રાજયના નવા ડીજીપી તરીકે આજે ૧૯૯૩ ની બેચના આઈપીએસ અધિકારી જી.એસ મલિકે આજે કાર્યભાર સંભાળ્યો હતો. આ સમયે ઉચ્ચ પોલીસ અધિકારીઓએ નવનિયુક્ત ડીજીપી જી.એસ.મલિક ને પુષ્પગુચ્છ આપીને શુભેચ્છાઓ પાઠવી હતી. રાજયના નવા

અનુસંધાન પાના નં.૪ પર

## રાજ્યભરમાં આજથી નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ

### શાળાઓના વર્ગખંડો અને મેદાનો વિદ્યાર્થીઓના કિલ્લોલથી ગુંજી ઉઠ્યા

ગાંધીનગર : ઉનાળુ વેકેશન પૂર્ણ થતા આજ થી રાજ્યભરમાં શાળાઓ અને કોલેજોમાં શૈક્ષણિક સત્ર નો પ્રારંભ થતાં શાળાઓ ના વર્ગખંડો અને મેદાનો બાળકો અને વિદ્યાર્થીઓના કિલ્લોલથી ગુંજી ઉઠ્યા હતા. કેટલીક શાળાઓમાં શાળાના શિક્ષકો દ્વારા શાળાએ આવતા બાળકોને અને વિદ્યાર્થીઓને કુમકુમ તિલક કરીને આવકાર્યા હતા. ઉનાળુ વેકેશન પૂર્ણ થતા રાજ્યભરમાં આજથી શાળાઓ શરૂ થતા જ નવા શૈક્ષણિક સત્ર વર્ષ ૨૦૨૬-૨૭ નો વિધિવત રીતે પ્રારંભ થયો છે. આજથી શાળાઓ ખુલતા ગાંધીનગર સહિત રાજ્ય ભર માં આવેલી શાળાઓમાં વિદ્યાર્થીઓ અને બાળકો શાળા એ આવતા શાળાના વર્ગખંડો માં પ્રથમ દિવસથી જ શૈક્ષણિક કાર્યનો પ્રારંભ થયો છે. વિદ્યાર્થીઓ શાળાએ આવતા વિદ્યાર્થીઓના સ્વાગત માટે શાળાના શિક્ષકો અને સ્ટાફ ગેટ ઉપર ઉભા રહ્યા હતા અને વિદ્યાર્થીઓને શાળામાં આવકારતાની સાથે કુમકુમ તિલક કરીને મોઢું મીઠું કરાવી આવકાર્યા હતા. વિદ્યાર્થીઓએ પણ શિક્ષકોને પગે લાગીને આશીર્વાદ લીધા હતા.જ્યારે શાળાઓમાં બાળમંદિર અને પહેલા ધોરણમાં પ્રવેશ મેળવનાર બાળકો નો આજે શાળામાં પ્રથમ દિવસ હોય બાળકોના કિલ્લોલ થી વર્ગખંડો ગૂંજ્યા હતાં. આજથી જ શાળાઓ શરૂ થતા શાળા ના મેદાનો માં બાળકો રમતા જોવા મળ્યા હતા. રાજ્યમાં પડી રહેલી ગરમીને ધ્યાનમાં રાખીને શાળાઓ દ્વારા વિદ્યાર્થીઓની સુરક્ષા અને સુવિધા માટે શાળા સંચાલકો દ્વારા ક્લાસરૂમ માં પંખા વેન્ટિલેશન જેવી પ્રાથમિક જરૂરિયાતો પૂરી પાડવા પર ભાર મૂકવામાં આવ્યો છે તેમજ સ્કૂલમાં શુધ્ધ અને ઠંડા પીવાના પાણી માટે વોટર કુલર સહિત ની વ્યવસ્થાઓ


અનુસંધાન પાના નં.૪ પર

## જયપુરમાં ૫ ધાર્મિક સ્થળો પર બુલડોઝર ફરશે : હાઈએલર્ટ

### રસ્તો પહોળો કરવા કાર્યવાહીઃ સોશિયલ મિડીયા પર સંપૂર્ણ પ્રતિબંધઃ ૩ હજાર જવાનો તૈનાતઃ ઈન્ટરનેટ બંધ

જયપુરઃ રાજસ્થાનના પાટનગર અને 'પિંક સિટી' તરીકે ઓળખાતા જયપુરમાં આજે વહીવટીતંત્રનો પીળો પંજો એટલે કે બુલડોઝર ફરી એકવાર મોટી કાર્યવાહી કરવા જઈ રહ્યું છે, જેને પગલે સમગ્ર શહેરમાં ભારે તણાવ અને ચુસ્ત સુરક્ષાનો માહોલ છે. માલવિયા નગર વિસ્તારમાં નંદપુરી અંડરપાસ નજીક વર્ષોથી બંધ પડેલા ૮૦ ફૂટના રસ્તાને ખુલ્લો કરવા માટે જયપુર ડેવલપમેન્ટ ઓથોરિટીએ કમર કસી છે. આ માર્ગમાં અવરોધરૂપ બનેલા પાંચ ધાર્મિક સ્થળો, જેમાં એક મસ્જિદ, ત્રણ મંદિરો અને એક ધાર્મિક મંડળ હોલના ગેરકાયદેસર બાંધકામોને તોડી પાડવામાં આવી રહ્યા છે. આ ઓપરેશન દરમિયાન કોઈપણ પ્રકારની કોમી અશાંતિ કે અફવાઓ ન ફેલાય તે માટે પ્રશાસને અગમચેતીના ભાગરૂપે ૯ જૂનની મધ્યરાત્રિ સુધી સમગ્ર વિસ્તારમાં ઈન્ટરનેટ સેવાઓ અને વોટ્સએપ, ફેસબુક, ઈન્સ્ટાગ્રામ તથા એક્સ જેવા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ સંપૂર્ણપણે બ્લોક કરી દીધા છે.

## મધ્યપૂર્વમાં ફરી હાહાકારઃ ઈરાન V/S ઈઝરાયલઃ મહાજંગ શરૂ




### ઈરાન-હિઝબુલ્લાહએ ઈઝરાયલને ધમરોળ્યુંઃ મિસાઈલ અને ડ્રોનનો વરસાદઃ અનેક શહેરોમાં સાયરન ગુંજ્યાઃ સીઝફાયરના લીરેલીરાઃ વિશ્વ સ્તબ્ધ : ઈઝરાયલનો વળતો પ્રહારઃ ઈરાન પર તૂટી પડયુંઃ ચાર શહેરોમાં અફડાતફડી મચીઃ બંને દેશોના એરસ્પેસ બંધ : ટ્રમ્પે નેતન્યાહુને ખખડાવ્યા છતાં ઇઝરાયલે ઇરાની સેનાને હંફાવી : ટ્રમ્પની ઈરાનને કડક ચેવતણી

તેહરાનઃ મધ્ય પૂર્વ ફરી એકવાર ભયાનક વિનાશના આરે આવીને ઊભું રહી ગયું છે, જ્યાં યુદ્ધની જ્વાળાઓ હવે નિયંત્રણ બહાર જઈ રહી છે. લેબનોન પર ઈઝરાયલના સતત વધી રહેલા સૈન્ય હુમલાના જવાબમાં, રવિવારે મોડી રાત્રે ઈરાન અને હિઝબુલ્લાએ એકસાથે ઈઝરાયલ પર ચોંકાવનારો બેવડો હુમલો કર્યો હતો. ઈરાન તરફથી છોડવામાં આવેલી ચાર શક્તિશાળી બેલિસ્ટિક મિસાઈલો અને લેબનોન સરહદેથી હિઝબુલ્લાના આત્મઘાતી ડ્રોનના હુમલાને કારણે સમગ્ર ઈઝરાયલમાં હવાઈ હુમલાના સાયરન વાગવા લાગ્યા હતા.

અનુસંધાન પાના નં.૪ પર

## 'તમે બેઈમાન છો કાં બેવકૂફ...' ટ્રમ્પની પત્રકાર જોડે તુ..તુ..મેં..મેં..., ઈન્ટરવ્યૂ અધવચ્ચે પડતો મૂક્યો

વોશિંગ્ટન : અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ફરી એકવાર ચર્ચાના કેન્દ્રમાં આવ્યા છે. એક ટીવી ઈન્ટરવ્યૂ દરમિયાન કેલિફોર્નિયા ચૂંટણીમાં ગેરરીતિના પોતાના આરોપો પર પુરાવા માંગવામાં આવતા ટ્રમ્પ ગુસ્સે થઈ ગયા હતા. એન્કર સાથે તીખી ચર્ચા બાદ તેઓ મીડિયાને 'અપ્રમાણિક' કહીને, માઈક્રોફોન હટાવી ઈન્ટરવ્યૂ અધવચ્ચે જ છોડીને ચાલ્યા ગયા હતા. ઈન્ટરવ્યૂના અંતે તેમણે એન્કરને કહ્યું, 'ચલો હવે અહીં જ પૂરું કરીએ. કારણ કે હવે બહુ થયું. શુક્રિયા, ડાર્લિંગ.'આ સમગ્ર ઘટના પ્રખ્યાત શોના ઈન્ટરવ્યૂ દરમિયાન બની હતી.

## વૈશ્વિક બજારમાં ક્રુડ ઓઇલનો ભડકો

### ઇઝરાયલ-લેબેનોન યુધ્ધના કારણે ૨ ટકાનો ભાવ ઉછાળોઃ પેટ્રોલ-ડીઝલ મોંઘા થવાના એંધાણ! : ૯૫.૪૨ ડોલર પ્રતિ બેરલની સપાટીએ પહોંચ્યું

નવી દિલ્હી, પશ્ચિમ એશિયામાં ફરી એકવાર ફાટી નીકળેલી યુદ્ધની જ્વાળાઓએ વૈશ્વિક અર્થતંત્રની ઊંઘ હરામ કરી દીધી છે. ઈઝરાયલ દ્વારા લેબનોન પર કરવામાં આવેલા ભીષણ હવાઈ હુમલાઓ બાદ આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલની કિંમતોમાં અચાનક ૨% થી વધુનો તીવ્ર ઉછાળો જોવા મળ્યો છે. તાજેતરના ટ્રેડિંગ સેશનમાં યુએસ ક્રૂડ ૨.૩૨% વધીને ૯૨.૬૪ પ્રતિ બેરલ અને બ્રેન્ટ ક્રૂડ ઓઈલ ૨.૫% ની તેજી સાથે ૯૫.૪૨ પ્રતિ બેરલની સપાટીએ પહોંચી ગયું છે. થોડા દિવસો પહેલાં જ બન્ને દેશો વચ્ચે યુદ્ધવિરામની જે આશા જન્મી હતી, તેના પર આ નવા હુમલાઓએ સંપૂર્ણપણે પાણી ફેરવી દીધું છે.

## ભારત સહિત ૪ દેશોમાં ભૂકંપઃ ફિલિપાઈન્સમાં ૮.૨ની તીવ્રતાઃ ૧નું મોત

### નેપાળ, ચીન અને બાંગ્લાદેશના સરહદી વિસ્તારોમાં અફડાતફડીઃ કેન્દ્રબિંદુ ભૂટાનમાં નોંધાતા ભારતના પૂર્વોત્તર રાજ્યોમાં ભારે અસર જોવા મળી : ૫ દેશોમાં સુનામીનું એલર્ટઃ શક્તિશાળી ભૂકંપનું કેન્દ્રબિંદુ ભિંડાનાઓ ટાપુ પાસે નોંધાયું

નવી દિલ્હીઃ સમગ્ર એશિયા ખંડમાં કુદરતે એકસાથે રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું હોય તેમ પૂર્વોત્તર ભારતથી લઈને પ્રશાંત મહાસાગર સુધી ભૂકંપના શ્રેણીબદ્ધ પ્રચંડ આંચકાઓથી પૃથ્વીની ધરી હલી ગઈ છે. રવિવારે મોડી રાત્રે ભારત અને ભૂટાન સરહદે આવેલા મધ્યમ આંચકાઓ બાદ, સોમવારે વહેલી સવારે

અનુસંધાન પાના નં.૪ પર



## મીઠીરોહર ફિટનેસ સેન્ટર પર એસીબીનો દરોડો

# હવે પૂર્વ કચ્છ આરટીઓ તંત્ર-સંચાલકોની ભૂમિકા તપાસો

**સૌથી મોટો સવાલ :** જો એક ખાનગી કર્મચારી રૂ. ૨,૨૫૦ લેતા રંગેહાથ ઝડપાઈ શકે છે, તો વર્ષોથી ચાલતી હોવાની ચર્ચામાં રહેલી લાખો રૂપિયાની ગેરકાયદેસર ઉઘરાણી આરટીઓ તંત્રની નજરથી કેવી રીતે બહાર રહી? આ સવાલનો જવાબ હવે તપાસમાં જ બહાર આવશે.

આ સમગ્ર ગેરરીતિ પાછળ કોઈ મોટું નેટવર્ક અથવા સંસ્થાગત મિલીભગત હતી કે નહીં તે બહાર લાવવું હવે તપાસ એજન્સીઓ અને આરટીઓ તંત્ર માટે સૌથી મોટો પડકાર

**અભિષેક ફીટનેશ સેન્ટર માત્રમાં જ આ રીતે લાંચવેળા ચાલતી હતી કે અન્યત્ર પણ પ્રથા બની ચુકી છે?** લાંચનો સફળ દરોડો પડાયો છે કે પછી અભિષેક સેન્ટરમાંથી ગ્રાહકો અન્યત્રવાળી દેવા માટે કોઈ ભ્રષ્ટ અધિકારીના વચેટીયા-વહીવટદારોએ દવા કરાવી દીધી છે? આરટીઓ કચેરીમાં સરકારી રાહે ફીટનેશ સેન્ટરની વ્યવસ્થાઓ ટુંકમાં ચાલુ થવાના ભણકારા ટાંકણે જ પડેલ રેઈડ સૂચક

## તો પૂર્વ કચ્છ આરટીઓ તંત્રને તેની જાણ કેમ ન થઈ?

● શું અભિષેક ઓટોમેટેડ વ્હીકલ ફિટનેસ સેન્ટરમાં આ ગેરરીતિ લાંબા સમયથી ચાલી રહી હતી?● માત્ર એક ખાનગી કર્મચારી જ આટલી મોટી ઉઘરાણી કરતો હતો કે તેની પાછળ કોઈ મોટું નેટવર્ક કાર્યરત હતું?● સંચાલકો અને માલિકોને કર્મચારીની લાંચખોરી અંગે કોઈ જાણ નહોતી કે પછી મૌન સહમતિ હતી? ● કેટલા વાહન માલિકો પાસેથી અત્યાર સુધીમાં ગેરકાયદેસર રીતે વધારાની રકમ વસૂલવામાં આવી? ● ફિટનેસ સર્ટિફિકેટ મેળવવા માટે તમામ વાહનો વાસ્તવમાં ચકાસણી માટે હાજર રહેતા હતા કે કાગળ ઉપર જ પ્રમાણપત્રો અપાતા હતા? ● આરટીઓ વિભાગ દ્વારા આ ફિટનેસ સેન્ટરનું છેલ્લે ક્યારે ઈન્સ્પેક્શન કરવામાં આવ્યું હતું?● અગાઉ પણ આ પ્રકારની ફરિયાદો મળી હતી? જો મળી હતી તો શું કાર્યવાહી થઈ?● સરકારી માન્યતા પ્રાપ્ત ફિટનેસ સેન્ટરમાં ભ્રષ્ટાચાર ચાલતો હોય તો તેની જવાબદારી કોણની ગણાશે?● એસીબીની કાર્યવાહી બાદ આરટીઓ વિભાગ સંચાલકો સામે કોઈ સ્વતંત્ર તપાસ કે ફરિયાદ નોંધાવશે?● ફિટનેસ સેન્ટરની માન્યતા અને પરવાનગી રદ કરવા અંગે સરકાર શું નિર્ણય લેશે?● શું પૂર્વ કચ્છના અન્ય ફિટનેસ સેન્ટરોમાં પણ આવી જ પ્રથા ચાલી રહી છે?● આ સમગ્ર પ્રકરણમાં માત્ર કર્મચારી જ આરોપી છે કે પછી માલિકો અને અન્ય જવાબદારોની ભૂમિકા પણ બહાર આવશે? ● કરોડો રૂપિયાના પરિવહન વ્યવસાય સાથે સંકળાયેલા આ ક્ષેત્રમાં વર્ષોથી ચાલતી ગેરરીતિઓ સામે તંત્ર અત્યાર સુધી મૌન કેમ રહ્યું?● એસીબીની ટ્રેપ બાદ હવે શું સમગ્ર ફિટનેસ પ્રમાણપત્ર વ્યવસ્થાનું ઓડિટ કરવામાં આવશે?

## આરટીઓ તંત્ર ક્યાં બેદરકાર રહ્યું? - સવાલો અને જવાબદારીઓ

● ફિટનેસ સેન્ટરની કામગીરી પર નિયમિત દેખરેખ રાખવાની જવાબદારી આરટીઓના કયા અધિકારીની હતી? ●છેલ્લા એક વર્ષમાં આ ફિટનેસ સેન્ટરનું કેટલા વખત ઈન્સ્પેક્શન કરવામાં આવ્યું હતું? ● ઈન્સ્પેક્શન દરમિયાન કોઈ અનિયમિતતા કે ફરિયાદો સામે આવી હતી કે નહીં?● અરજદારો પાસેથી સરકારી ફી ઉપરાંત વધારાની રકમ વસૂલાતી હોવાની જાણ આરટીઓને કેમ ન થઈ?● ફિટનેસ પ્રક્રિયાના સીસીટીવી, ડિજિટલ રેકોર્ડ અને ટ્રાન્ઝેક્શનની સમીક્ષા આરટીઓ દ્વારા કરવામાં આવતી હતી કે નહીં? ● ફિટનેસ સેન્ટરને અપાયેલી માન્યતા અને લાયસન્સની શરતોનું પાલન થઈ રહ્યું છે કે નહીં તેની ચકાસણી કોણ કરતું હતું?●વાહનનું વાસ્તવિક નિરીક્ષણ કર્યા વગર ફિટનેસ સર્ટિફિકેટ અપાતા હતા કે નહીં તેની તપાસ આરટીઓએ ક્યારેય કરી હતી? ● ફિટનેસ સેન્ટર સામે અગાઉ કોઈ લેખિત કે મૌખિક ફરિયાદો મળી હતી? જો મળી હતી તો શું કાર્યવાહી થઈ?● ખાનગી સંચાલકોને સોંપવામાં આવેલી કામગીરી પર આરટીઓનું નિયંત્રણ માત્ર કાગળ પર જ હતું?● આરટીઓના જવાબદાર અધિકારીઓએ સમયાંતરે ઓડિટ અને સર્વેલન્સની ફરજ બજાવી હતી કે નહીં? ● જો વર્ષોથી ગેરરીતિ ચાલતી હતી તો તે આરટીઓની દેખરેખની નિષ્ફળતા ગણવી કે મિલીભગત?● ફિટનેસ સેન્ટરમાં કામ કરતા કર્મચારીઓની કામગીરી અને વ્યવહાર પર કોઈ મોનિટરિંગ મિકેનિઝમ હતો?● વધારાની રકમની ઉઘરાણી થતી હોવા છતાં આરટીઓ તંત્રને કોઈ માહિતી કેમ ન મળી?● હવે આ કેસમાં આરટીઓના કયા અધિકારીઓની જવાબદારી નક્કી થશે?

ગાંધીધામ : મીઠીરોહર નજીક આવેલા સરકારી માન્યતા પ્રાપ્ત અભિષેક ઓટોમેટેડ વ્હીકલ ફિટનેસ ટેસ્ટિંગ સ્ટેશન પર લાંચ રૂશ્વત વિરોધી શાખા (એસીબી) દ્વારા ગોઠવવામાં આવેલી સફળ ટ્રેપ કાર્યવાહી બાદ સમગ્ર પૂર્વ કચ્છમાં ચર્ચાનો વિષય બન્યો છે. વાહનના ફિટનેસ પ્રમાણપત્ર માટે સરકાર દ્વારા નિયત કરાયેલી ઓનલાઈન ફી ઉપરાંત વધારાના રૂપિયા ૨,૨૫૦ની લાંચ સ્વીકારતા એક ખાનગી કર્મચારીને એસીબીએ રંગેહાથ ઝડપી પ ડ્યો છે. પ્રાથમિક વિગતો મુજબ વાહનવ્યવહાર વિભાગ દ્વારા ફિટનેસ ચકાસણીની સત્તા અપાયેલી આ સંસ્થામાં લાંબા સમયથી કોમર્શિયલ વાહનોના માલિકો પાસેથી કાયદેસરની ફી ઉપરાંત રૂપિયા ૧,૦૦૦થી ૧૦,૦૦૦ સુધીની વધારાની રકમ વસૂલાતી હોવાની ફરિયાદો એસીબી સુધી પહોંચી હતી. આ બાતમીના આધારે એક જાગૃત નાગરિકને ડીકોય ગ્રાહક બનાવી ટ્રેપ ગોઠવવામાં આવી હતી. વાહનના રિપાસિંગ અને ફિટનેસ સર્ટિફિકેટ માટે આવેલા ગ્રાહક પાસેથી કાયદેસરની ફી ઉપ રાંત વધારાની રકમ માંગવામાં આવતા એસીબીએ સ્થળ પર જ કાર્યવાહી કરી ખાનગી કર્મચારી વિક્રમસિંહ મનદ્રુપસિંઘ જાડેજાને લાંચની રકમ સાથે ઝડપી લીધો હતો.એસીબીની આ કાર્યવાહી સરાહનીય છે, પરંતુ હવે આ સમગ્ર પ્રકરણ માત્ર એક કર્મચારી પૂરતું મર્યાદિત નથી રહ્યું. અનેક ગંભીર સવાલો ઉભા થયા છે. જો સરકારી નિયત ફી કરતાં વધુ રકમ નિયમિત રીતે વસૂલાતી હતી તો શું આ કામગીરી માત્ર એક કર્મચારી એકલાએ ચલાવી શકે? કોઈ ખાનગી કર્મચારી લાંબા સમય સુધી આવી ઉઘરાણી કરતો રહે અને સંસ્થાના સંચાલકો કે જવાબદારોને તેની જાણ ન હોય તેવું માનવું મુશ્કેલ જણાય છે.આ ઉપરાંત આરટીઓ વિભાગની કામગીરી પણ પ્રશ્નોના ઘેરામાં આવી ગઈ છે. સરકાર માન્ય ફિટનેસ સેન્ટરો પર નિયમિત દેખરેખ રાખવાની જવાબદારી આરટીઓ તંત્રની હોય છે. ત્યારે

### આરટીઓ તંત્રમાં કોની કોની જવાબદારી બની શકે?

- **સંબંધિત આરટીઓ અધિકારી** સમગ્ર વિસ્તારમાં માન્યતા પ્રાપ્ત ફિટનેસ સેન્ટરોની દેખરેખ અને નિયંત્રણ માટે.
- **ડેપ્યુટી આરટીઓ** / આસિસ્ટન્ટ આરટીઓ અધિકારીઓ — નિરીક્ષણ, મોનિટરિંગ અને ફરિયાદોના અનુસંધાન માટે.
-**મોટર વ્હીકલ ઇન્સ્પેક્ટરો** — ફિટનેસ પ્રક્રિયા અને ટેકનિકલ ચકાસણીની દેખરેખ માટે.- **એન્ફોર્સમેન્ટ શાખા** — ગેરરીતિ અને નિયમભંગ સામે કાર્યવાહી માટે.- **રાજ્ય વાહનવ્યવહાર કમિશનર કચેરી** — ખાનગી ફિટનેસ સેન્ટરોની નીતિ, મંજૂરી અને ઉચ્ચ સ્તરીય ઓડિટ માટે. **ફિટનેસ સેન્ટરને મંજૂરી આપનાર** અને સમયાંતરે રિન્યુઅલ કરનાર સત્તાધિકારીઓ — નિયમોનું પાલન થઈ રહ્યું છે કે નહીં તેની ખાતરી માટે.

જો વર્ષોથી વધારાની રકમોની માંગણી થતી હતી તો તેની જાણ આરટીઓને કેમ ન થઈ? શું ફિટનેસ પ્રક્રિયાની નિયમિત તપાસ થતી નહોતી કે પછી તપાસ છતાં પણ ગેરરીતિઓ નજરઅંદાજ કરવામાં આવી હતી? જાણકારોનું કહેવું છે કે મુન્દ્રા, કંડલા અને આસપાસના ઔદ્યોગિક વિસ્તારોમાંથી દરરોજ મોટી સંખ્યામાં કોમર્શિયલ વાહનો દેશભરમાં અવરજવર કરે છે. સમય અને ખર્ચ બચાવવા માટે કેટલાક વાહનચાલકો તથા માલિકો વધારાની રકમ ચૂકવીને પ્રક્રિયા સરળ બનાવવાનો પ્રયાસ કરતા હોય તેવી ચર્ચાઓ પણ ચાલી રહી છે. જો આ પ્રકારની વ્યવસ્થા લાંબા સમયથી ચાલતી હોય તો તે માત્ર લાંચનો કેસ નહીં પરંતુ સમગ્ર સિસ્ટમમાં રહેલી ગંભીર ખામીઓ તરફ ઈશારો કરે છે.તપાસનો વધુ મહત્વનો મુદ્દો એ પણ છે કે શું તમામ વાહનો ખરેખર ફિટનેસ ચકાસણી માટે કેન્દ્ર પર લાવવામાં આવતા હતા કે પછી કેટલીક જગ્યાએ માત્ર કાગળ ઉપર જ ફિટનેસ પ્રમાણપત્રો જારી કરવામાં આવતા હતા? જો આવું બન્યું હોય તો તે માર્ગ સલામતી માટે પણ ગંભીર જોખમ સમાન છે.એસીબીની કાર્યવાહી બાદ હવે પૂર્વ કચ્છ આરટીઓ વિભાગે પણ સક્રિય બની સમગ્ર પ્રકરણની ઉચ્ચસ્તરીય તપાસ હાથ ધરવી જરૂરી બની છે. આ કેસમાં સંકળાયેલા તમામ જવાબદારોની ભૂમિકા તપાસવામાં આવે, ગેરરીતિ સાબિત થાય તો સંબંધિત સંચાલકો સામે ગુનો નોંધવામાં આવે તેમજ અભિષેક ઓટોમેટેડ વ્હીકલ ફિટનેસ સેન્ટરની માન્યતા અને પ રવાનગી અંગે કડક નિર્ણય લેવામાં આવે તેવી માંગ ઉઠી રહી છે.એક કર્મચારીની ધરપ કડથી કાર્યવાહી પૂર્ણ થતી નથી. આ સમગ્ર ગેરરીતિ પાછળ કોઈ મોટું નેટવર્ક અથવા સંસ્થાગત મિલીભગત હતી કે નહીં તે બહાર લાવવું હવે તપાસ એજન્સીઓ અને આરટીઓ તંત્ર માટે સૌથી મોટો પડકાર બની ગયો છે.


કચ્છ ઉદયને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશે હાર્દિક શુભેચ્છા



કિશોરદાન ગઢવી
પ્રમુખશ્રી, ભુજ શહેર કોંગ્રેસ

કચ્છ ઉદયને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશે હાર્દિક શુભેચ્છા
મુસાભાઇ જુમાભાઇ રાયશીપોત્રા
પ્રમુખશ્રી,
ભુજ તાલુકા લઘુમતી મોરચો
હોડકો (બન્ની), તા.ભુજ-કચ્છ.

કચ્છ ઉદયને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશે હાર્દિક શુભેચ્છા



પચાણભાઈ વીરાભાઈ સંજોટ
ઉપપ્રમુખ-કચ્છ જિલ્લા ભાજપ
પ્રમુખ-અખિલ કચ્છ મારવાડા વણકર વિકાસ સંઘ

સત્યના પર્યાય સમાન કચ્છીજનોની અસ્મિતાના દર્પણ એવા જાગૃત લોકપ્રહરી કચ્છ ઉદયને ૩૩મા વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે ખૂબ ખૂબ શુભેચ્છા...
શંભુભાઈ નંદા
પ્રમુખશ્રી,
ભુજ ભાનુશાલી મહાજન

કચ્છ ઉદયને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશે હાર્દિક શુભેચ્છા
ઈશાભાઈ મુતવા
મંત્રીશ્રી, કચ્છ જિલ્લા કોંગ્રેસ સમિતિ
ગોરેવાલી, તા.ભુજ-કચ્છ.

સત્યના પર્યાય સમાન કચ્છીજનોની અસ્મિતાના દર્પણ એવા જાગૃત લોકપ્રહરી કચ્છ ઉદયને ૩૩મા વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે ખૂબ ખૂબ શુભેચ્છા...
+ ભગત હોસ્પિટલ-ICU
ડૉ. રમેશ ભગત
(MBBS, MD MEDICINE)
General Medicine Physician MBBS
પહેલા માળે, આશીર્વાદ પ્લાઝા, રીલાયન્સ મોલ પાસે, મુન્દ્રા-ભુજ રોડ, ભુજ, ગુજરાત. ૩૭૦૦૦૧

કચ્છ ઉદયને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશે હાર્દિક શુભેચ્છા
સત્યના પર્યાય સમાન કચ્છીજનોની અસ્મિતાના દર્પણ એવા જાગૃત લોકપ્રહરી કચ્છ ઉદયને ૩૩મા વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે ખૂબ ખૂબ શુભેચ્છા...
SILVER SALES AGENCY
Exclusive Laminates & Hardware Showroom
Silver Point, New Station Road, Bhuj-Kutch. 370001
Ph. 02832 - 254961, 255961
silversales.co.in mukesh_gadhecha@yahoo.com

સરહદી કચ્છ જિલ્લાની સાંપ્રત સમસ્યાઓને વાચા આપી સાચા અર્થમાં "સરહદના સંત્રી"ની ભૂમિકા ભજવતા કચ્છી માડુઓના પોતીકા સાંધ્યદૈનિક
કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
ને ૩૩માં વર્ષમાં પ્રવેશ નિમિત્તે
ખૂબ ખૂબ શુભેચ્છા...
ઝંખના NX
હેન્ડીક્રાફ્ટ
હિરેન ઠક્કર - ૯૧૦૬૩ ૧૩૦૮૩ | શનિ ઠક્કર - ૬૩૫૪૨ ૫૪૫૬૫
ભુજ બસ સ્ટેશન, નગરપાલિકા કોમ્પલેક્ષ, એસ.ટી. ઇન ગેટ પર, ભુજ-કચ્છ.
મો. ૯૧૦૬૩ ૧૩૦૮૩, ૬૩૫૪૨ ૫૪૫૬૫

સરહદી કચ્છ જિલ્લાની સાંપ્રત સમસ્યાઓને વાચા આપી સાચા અર્થમાં "સરહદના સંત્રી"ની ભૂમિકા ભજવતા કચ્છી માડુઓના પોતીકા સાંધ્યદૈનિક
કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
ને ૩૩માં વર્ષમાં પ્રવેશ નિમિત્તે
ખૂબ ખૂબ શુભેચ્છા...
વસંત ભાનુશાલી
નુંધાતડ

કચ્છ ઉદયને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશે હાર્દિક શુભેચ્છા
અડગતાથી આગળ વધીને લોકલાગણીને જીતી કચ્છી માડુના હેતાળ હૈયામાં 'ઘર' બનાવનાર 'કચ્છઉદય'ને ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે હાર્દિક શુભેચ્છા....



દિનેશ ચુનીલાલ ઠક્કર
● મહામંત્રી, ભુજ તાલુકા ભાજપ
● મહામંત્રી, અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજન
● ટ્રસ્ટી, માધાપર લોહાણા મહાજન ટ્રસ્ટ
● મહામંત્રી, અખિલ કચ્છ સૌરાષ્ટ્ર રઘુવંશી સેના

# TMC સાંસદ સુખેન્દુ રોયનું રાજ્યસભામાંથી રાજીનામું

નવી દિલ્હીઃ TMCના રાજ્યસભા સાંસદ સુખેન્દુ શેખર રોયએ સોમવારે રાજ્યસભાના સભ્યપદેથી રાજીનામું આપી દીધું છે. તેમણે પોતાનું રાજીનામું રાજ્યસભાના સભાપતિને મોકલી આપ્યું છે. પશ્ચિમ બંગાળમાં ધારાસભ્યોની તૂટફૂટ બાદ ્સ્ઞને હવે સાંસદોના મામલે પણ પહેલો મોટો આંચકો લાગ્યો છે. પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણીનાં પરિણામો બાદથી ્સ્ઞ સતત મુશ્કેલીઓનો સામનો કરી રહી છે

પાર્ટીના ૫૮ ધારાસભ્યોએ અલગ જૂથ બનાવી લીધું છે અને ઋતબ્રત બેનરજીને ધારાસભ્ય દળના નેતા તરીકે પસંદ કર્યો છે.

રોયનું રાજીનામું ્સ્ઞ માટે મોટો આંચકો માનવામાં આવી રહ્યું છે, કારણ કે તેઓ પાર્ટીના વડા અને પશ્ચિમ બંગાળના ભૂતપૂર્વ મુખ્ય મંત્રી મમતા બેનરજીના અત્યંત નજીકના સહયોગી ગણાય છે. તેમણે એવા સમયે રાજીનામું આપ્યું છે જ્યારે મમતા બેનર્જી દિલ્હીમાં ઈન્ડિયા ગઠબંધનની મહત્વપૂર્ણ બેઠકમાં હાજરી આપી રહ્યાં છે. તેમની સાથે પાર્ટીના રાષ્ટ્રીય મહાસચિવ અને સાંસદ અભિષેક બેનરજી પણ હાજર છે.

બીજી તરફ, બળવાખોર ૫૮ ધારાસભ્યોનું કહેવું છે કે તેમની લડાઈ મમતા બેનર્જી વિરુદ્ધ નથી. તેમનું કહેવું છે કે તેઓ મમતાના ભત્રીજા અભિષેક બેનર્જીના પાર્ટીમાં વધતા હસ્તક્ષેપ અને પ્રભાવનો વિરોધ કરી રહ્યા છે. બળવાખોર ધારાસભ્યોનું કહેવું છે કે મમતા બેનર્જી તેમનાં સર્વોચ્ચ નેતા છે અને આગળ પણ રહેશે.

ધારાસભ્યોના બળવા વચ્ચે મમતા બેનર્જીએ થોડા દિવસો પહેલાં સંગઠનમાં મોટા પાયે ફેરફારો કર્યા હતા. તેમણે પાર્ટીમાં પોતાના વિશ્વાસુ અને અનુભવી નેતાઓને મહત્વપૂર્ણ જવાબદારીઓ સોંપી હતી. મમતાએ અભિષેક બેનર્જીને રાષ્ટ્રીય મહાસચિવના પદ પર યથાવત્ રાખ્યા હતા, પરંતુ તેમની સાથે બે સંયુક્ત રાષ્ટ્રીય સચિવોની નિમણૂક કરી હતી. આ પગલાં દ્વારા તેમણે બળવાખોર નેતાઓને સંદેશ આપવાનો પ્રયાસ કર્યો હતો કે પાર્ટીના નિર્ણયો માત્ર અભિષેક બેનર્જી નહીં, પરંતુ સામૂહિક રીતે લેવામાં આવશે.

હવે રાજકીય વર્તુળોમાં સવાલ ઊભો થઈ રહ્યો છે કે શું આગામી દિવસોમાં ્સ્ઞના અન્ય સાંસદો પણ બળવાખોર વલણ અપનાવી શકે છે? અને જો એવું થાય તો મમતા બેનરજી આ મુશ્કેલ રાજકીય પરિસ્થિતિનો સામનો કેવી રીતે કરશે? પશ્ચિમ બંગાળના રાજકારણમાં આ ઘટનાક્રમ આગામી દિવસોમાં વધુ રસપ્રદ બની શકે છે.

# ગાંધીધામમાં સ્વચ્છતા અને પર્યાવરણ માટે મેગા અભિયાન, રેલી-વૃક્ષારોપણ સાથે પ્લાસ્ટિક મુક્તિ ઝુંબેશનો પ્રારંભ










ગાંધીધામ : ગાંધીધામમાં સ્વચ્છતા અને પર્યાવરણ સંરક્ષણને પ્રોત્સાહન આપવા ગાંધીધામ મહાનગરપાલિકા તથા ભારતીય જનતા પાર્ટી ગાંધીધામ મહાનગર દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. વિશ્વ પર્યાવરણ દિવસ અને "સ્વચ્છ ગુજરાત - પ્લાસ્ટિક ફ્રી ગુજરાત" ઝુંબેશ અંતર્ગત સ્વચ્છતા જાગૃતિ રેલી, વૃક્ષારોપણ કાર્યક્રમ અને મેગા સફાઈ અભિયાન યોજાયું હતું.

મેયર દિવ્યાબેન નાથાણીએ મહાનગરપાલિકા કચેરીના પટાંગણમાંથી સ્વચ્છતા જાગૃતિ રેલીને પ્રસ્થાન કરાવ્યું હતું. રેલી દરમિયાન નગરજનોને શહેરને સ્વચ્છ રાખવા અપીલ કરવામાં આવી હતી અને સમાપન સમયે સ્વચ્છતાના શપથ લેવડાવવામાં આવ્યા હતા.

ત્યારબાદ સેક્ટર-૮ સ્થિત રવીન્દ્રનાથ ટાગોર પાર્ક ખાતે મેયર દિવ્યાબેન નાથાણી, કમિશનર બી.ડી. ડાવેરા, ડેપ્યુટી મેયર નવીનભાઈ જરૂ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન તેજશભાઈ શેઠ સહિતના આગેવાનોની ઉપસ્થિતિમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. સાથે જ વડાપ્રધાનના "સ્વચ્છ ભારત - વિકસિત ભારત" સંકલ્પને સાકાર કરવા અને રાજ્ય સરકારની "સ્વચ્છ ગુજરાત - પ્લાસ્ટિક ફ્રી ગુજરાત" ઝુંબેશ અંતર્ગત તા. ૮થી ૧૪ જૂન દરમિયાન પ્લાસ્ટિક વેસ્ટ કલેકશન માટે વિશેષ મેગા સફાઈ અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. ટાગોર પાર્કથી શરૂ થયેલી આ ઝુંબેશ ગાંધીધામ-આદીપુર વિસ્તારના તમામ ૧૩ વોર્ડમાં હાથ ધરવામાં આવી હતી.શિણાય મેઈન ગેટ, સંતોષી મંદિર ટાબી, ગળપાદર, કીડાણા, વલીદાદા સર્કલ, સેક્ટર-૨, સુંદરપુરી, ભારતનગર, ગોપાલપુરી, ટાગોર પાર્ક અને કાર્ગો વિસ્તાર સહિત વિવિધ સ્થળોએ ચૂંટાયેલા પ્રતિનિધિઓ, ભાજપના આગેવાનો, મહાનગરપાલિકાના કર્મચારીઓ, વિદ્યાર્થીઓ અને નાગરિકોએ સફાઈ અભિયાનમાં ભાગ લીધો હતો. આ સમગ્ર અભિયાન દ્વારા સ્વચ્છતા, પ્લાસ્ટિક મુક્તિ અને હરિયાળા પર્યાવરણ અંગે જનજાગૃતિ ફેલાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

# દિલ્હીની જેમ જ બંગાળમાં દારૂ કાંડ ની આશંકા : તપાસ નો ધમધમાટ

નવી દિલ્હીઃ વિશ્વની સૌથી મોટી લોકશાહી ભારતમાં ભ્રષ્ટાચાર મુક્ત શાસન માટે સતત પ્રયાસો થઈ રહ્યા છે ત્યારે દિલ્હીમાં સર્જાયેલા ગામના શરાબ કૌભાંડની જેમ બંગાળમાં પણ અબજો રૂપિયાના ભસ્તાચારની આશંકા ના પગલે તપાસ શરૂ થઈ છે અબ તકના વાચકો માટે સંપૂર્ણ અહેવાલ રજૂ કર્યો છે દેશની રાજધાની દિલ્હીમાં કથિત દારૂ કૌભાંડે જે પ્રકારે દેશભરના રાજકારણમાં ગરમાવો લાવી દીધો હતો, બરાબર તેવો જ મોટો આંચકો હવે પશ્ચિમ બંગાળમાં પણ જોવા મળી રહ્યો છે. દિલ્હીની આબકારી નીતિ ની જેમ પશ્ચિમ બંગાળમાં પણ નવી દારૂ નીતિની આડમાં હજારો કરોડ રૂપિયાનું કૌભાંડ આચરવામાં આવ્યું હોવાની આશંકા પ્રબળ બની છે. આ મામલે એક્સાઈઝ ડિપાર્ટમેન્ટના કેટલાક ગુપ્ત અહેવાલો અને વિપક્ષી નેતાઓના આક્ષેપો બાદ હવે કેન્દ્રીય તપાસ એજન્સીઓ એક્શન મોડમાં આવી ગઈ છે.

પશ્ચિમ બંગાળમાં નવી આબકારી નીતિ અંતર્ગત સરકારી તંત્ર અને કેટલાક ચોક્કસ ખાનગી વિતરકો વચ્ચે સાંઠગાંઠ હોવાના ગંભીર આક્ષેપો ઉઠ્યા છે, જેની તપાસ અત્યારે દેશના રાજકીય અને વહીવટી વર્તુળોમાં ભારે ચર્ચાનો વિષય બની છે.પશ્ચિમ બંગાળ સરકારે થોડા વર્ષો પહેલા પોતાની આબકારી નીતિમાં મોટા ફેરફારો કર્યા હતા. આ નવી નીતિનો મુખ્ય હેતુ રાજ્યમાં દારૂના વિતરણ પર એકહથ્થુ શાસન (ર્સ્રીદ્મઅ) ઊભું કરવાનો હતો તેવો આક્ષેપ થઈ રહ્યો છે. નવી નીતિ હેઠળ પ્રાઈવેટ હોલસેલર્સ (જથ્થાબંધ વેપારીઓ)ના અધિકારો સીમિત કરીને સરકારે દારૂના વિતરણ માટે એક ચોક્કસ સિન્ડિકેટ અથવા માળખું તૈયાર કર્યું હતું.

સિક્રેટ રિપોર્ટ્સ અને આક્ષેપો અનુસાર, સરકારી તિજોરીમાં જવી જોઈતી આવકનો એક મોટો હિસ્સો વચેટિયાઓ અને સત્તાધારી પક્ષના નજીકના ગણાતા વિતરકોના ખિસ્સામાં ડાયવર્ટ કરવામાં આવ્યો હતો. આ સમગ્ર ખેલ દિલ્હીના કથિત દારૂ કૌભાંડની મોડસ ઓપરેન્ડી (કામ કરવાની પદ્ધતિ) સાથે ઘણો મળતો આવે છે.આ નવી નીતિ બનાવવામાં આબકારી વિભાગના પાંચ ઉચ્ચ અધિકારીઓની કમિટી સામેલ હોવાનું કહેવાય છે, જેમણે નાણાં વિભાગની સૂચનાથી આ ડ્રાફ્ટ તૈયાર કર્યો હતો. હવે તપાસ એજન્સીઓ આ અધિકારીઓની ભૂમિકાની પણ ઝીણવટભરી તપાસ કરી રહી છે.બંગાળના આ કથિત શરાબ કૌભાંડમાં નવો વળાંક ત્યારે આવ્યો જ્યારે 'આઈએફબી એગ્રો ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ' જેવી મોટી લિસ્ટેડ કંપનીઓ દ્વારા ભૂતકાળમાં કરાયેલી ફરિયાદો અને સત્તાવાર પત્રો સપાટી પર આવ્યા. કંપનીઓએ રાજ્યના મુખ્ય સચિવ અને આબકારી વિભાગને વારંવાર પત્રો લખીને ફરિયાદ કરી હતી કે કેટલાક આબકારી અધિકારીઓ દ્વારા તેમની પાસે "ગેરકાયદેસર અને અયોગ્ય માંગણીઓ" કરવામાં આવી રહી છે.

# ભાજપના દિગ્ગજોમાં ફફડાટ : રાજ્યસભાની ધૂન વિધાનસભામાં વાગે તો કોણ કોણ કપાઈ જાય?

નવીદિલ્હી : ગુજરાતમાંથી રાજ્યસભાની ૧૧ બેઠકો કોંગ્રેસ મુક્ત બની છે. પરંતુ રાજ્યસભાના નામોએ ભાજપના સીનિયર નેતાઓની ઊંઘ હરામ કરી છે. આ નેતાઓને રાજ્યસભાના ઉમેદવારોના નામો અને ઉંમર જોતા બીક પેઠી છે. સીનિયર નેતાઓના પત્તા કાપીને યુવા ચહેરાઓને તક આપવાની ધૂન જો રાજ્યસભાની જેમ આગામી વિધાનસભાની ચૂંટણીમાં પણ વાગે તો અનેકોના હરિરસ ખાટા થઈ શકે છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની ચોક્કસ કોઈ સંદેશો રાજ્યસભાના નામો પરથી આવતો હોવાનો સિનિયર નેતાઓમાં ચર્ચા શરૂ થઈ છે. રાજ્યસભા માટે સામાન્ય રીતે ૬૨ વર્ષથી ઉપરના વયનાને તક આપવામાં આવતી હોય છે. પણ આ વખતે એકમાત્ર રાજુભાઈ શુક્લા જ ૬૨ વર્ષના છે. બાકીના ત્રણેય નામો ખૂબ યુવાન છે. જો રાજ્યસભામાં પણ યુવાનોને મોકલવામાં આવતા હોય તો ૨૦૨૭ ની વિધાનસભામા કેટલી ઉંમરનાને ટિકિટ અપાશે તે ચર્ચાનું કેન્દ્ર બન્યું છે.

મોટાભાગના સિનિયર નેતાઓ હવે વિધાનસભામાં ટિકિટ નહીં મળે તેવું મન મનાવી રહ્યાં છે. રાજ્યસભામાં પણ 'નો રિપીટ થીયરી' લાગુ કરવામાં આવી. તો શું ફરી પાછી ૨૦૨૭માં 'નો રિપીટ થીયરી' હશે તે વિચાર માત્રથી કેટલાક મંત્રીઓ અને ધારાસભ્યોની ઊંઘ હરામ થઈ ગઈ છે. જો કે ભાજપના સામાન્ય કાર્યકરને પક્ષ માટે કામ કરશો તો ગમે ત્યારે નંબર લાગી શકે તેવી આશા પણ બંધાઈ છે. ભાજપમાં દિગ્ગજ અને સિનિયર નેતાઓની લાઈન લાગી છે, જેમને આગામી વિધાનસભા જવાની બીક હોઈ શકે છે. એવા એક ડઝનબંધ નેતાઓ છે.

# નલ સે જલ કૌભાંડઃ લુણાવાડા પાલિકાના પૂર્વ પ્રમુખ અને ભાજપ નેતા મનહર પટેલની ધરપકડ

(પ્રતિનિધિ દ્વારા)

મહીસાગર : મહીસાગર જિલ્લામાં કેન્દ્ર સરકારની 'નળ સે જલ' યોજનામાં આચરેલા આશરે ૧૨૩ કરોડ રૂપિયાના બહુચર્ચિત કૌભાંડમાં સીઆઈડી ક્રાઈમ બ્રાન્ચે લુણાવાડા નગરપાલિકાના પૂર્વ પ્રમુખ અને ભાજપના નેતા મનહર પટેલની તેના નિવાસસ્થાન 'રામ પટેલના મુવાડા' ખાતેથી ધરપકડ કરી હતી.સરકારી તપાસ મુજબ મહીસાગર જિલ્લાના કુલ ૭૧૪ ગામોમાંથી ૬૨૦ ગામોમાં આ યોજના હેઠળ વ્યાપક ગેરરીતિઓ આચરી છે. પકડાયેલા આરોપી મનહર પટેલે આંબા, સરસવા અને માલવણ ગામોમાં મસમમોટી ગેરરીતિઓ કરી જનતાના નાણાંનો દુરુપયોગ કર્યો છે. બીજા એક આરોપીમાં નવીન ભરવાડ જે સરવરીયા ગામ પાસેથી પકડાયા હતા. તેમની ૩૦ લાખની રીકવરી છે તેઓએ ગામ ફેલસાણી, ખાંડીવાવ, ઓથવાડ, વડદલા ગામોમાં નલ સે જલના કામો પુરા કર્યા નથી.

આ ઉપરાંત અન્ય એક આરોપીમાં પ્રદીપકુમાર કાંતિલાલ શેઠ તેઓએ ગામ સરસવા, માલવણ, આસુંદરીયા, બોર, બાર, ભાનજીની વાવ, રોઝાવ, ખાટા, ઘાટડા, ગોપાલપુરા, જોધપુર, વડાઝાંપા, રતનકુવા ગામના કામો પુરા કર્યા નથી. આ અંગે વાસ્મોના તત્કાલીન યુનિટ મેનેજર ગિરીશ અગોલા દ્વારા ૨૨મી જૂનના રોજ બરોડા સીઆઈડી ક્રાઈમ બ્રાન્ચમાં નોંધાવેલી ફરિયાદના આધારે ચાલી રહેલી તપાસમાં અત્યાર સુધીમાં વાસ્મોના ૫ કર્મચારી, ૨૨મી ઠેકેદાર (કોન્ટ્રાક્ટર), ખાતામાં નાણાં મેળવનાર ૪ આરોપી અને ૩ પાણી સમિતિના સરપંચો સહિત કુલ ૩૪ આરોપીની ધરપકડ કરી ચૂકી છે. આ કૌભાંડમાં અન્ય ૬ મોટા નેતાઓનો સંડોવણી હોવાની પણ આશંકા સેવાઈ રહી છે. જેને પગલે સીઆઈડી ક્રાઈમ આ મામલે હજુ પણ તપાસ ચલાવી રહી છે.

# જો મેં હાઈકમાન્ડ સામે બળવો કર્યો હોત તો શું હું મુખ્યપ્રધાન રહી શક્યો હોત?..અશોક ગેહલોતે ખોલ્યા રહસ્યો

નવીદિલ્હી : રાજસ્થાન કોંગ્રેસમાં ફરી એકવાર ગેહલોત વિરુદ્ધ પાઈલટ જૂથ વચ્ચે રાજકીય ધમાસાણ શરૂ થઈ ગયું છે. રાજસ્થાનના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અશોક ગેહલોત ૨૦૨૦ ની 'માનેસર ઘટના' અંગે વારંવાર પ્રશ્નો ઉઠાવી રહ્યા છે. ૨૫ સપ્ટેમ્બર, ૨૦૨૨ ની ઘટનાઓ પર પોતાનું મૌન તોડતા ગેહલોતે કહ્યું, "કેટલાક લોકો દાવો કરતા હતા કે મેં તે દિવસે પાર્ટી હાઈકમાન્ડ સામે બળવો કર્યો હતો.જો મેં ખરેખર પાર્ટી હાઈકમાન્ડ સામે બળવો કર્યો હોત, તો શું હું એ બળવા બાદ પણ રાજસ્થાનના મુખ્ય પ્રધાન પદે રહ્યો હોત ખરો? જો મેં સોનિયા ગાંધી સામે બળવો કર્યો હોત, તો શું તેમણે મને મુખ્ય પ્રધાન તરીકે ચાલુ રહેવા દીધો હોત?''ગઈકાલ ૭ જૂનને રવિવારે કોન્સ્ટિટ્યુશન ક્લબ ખાતે મીડિયા સાથે વાત કરતા ગેહલોતે સમજાવ્યું કે, ૨૫ સપ્ટેમ્બર, ૨૦૨૨ ના રોજ કરાયેલ બળવો સચિન પાયલટ સામે હતો કારણ કે, સચિનનું નામ મુખ્ય પ્રધાન પદ માટે રજૂ કરવામાં આવી રહ્યું હતું. હુ તેની વિરુદ્ધ હતો,

પાર્ટી હાઈકમાન્ડ સામે નહીં. તે દિવસે રાજસ્થાન કોંગ્રેસના આશરે ૧૦૦ જેટલા ધારાસભ્યે રાજીનામા આપ્યા હતા.તેમણે જણાવ્યું કે, કોંગ્રેસના ધારાસભ્યોએ દલીલ કરી હતી કે તેઓ રાજકીય કટોકટી દરમિયાન એકસાથે રહીને હાઈકમાન્ડની પડખે ઉભા રહ્યા હતા અને સરકારને બચાવી હતી. પરિણામે, ધારાસભ્યોએ આગ્રહ કર્યો કે સો ધારાસભ્યોમાંથી કોઈપણને મુખ્ય પ્રધાન બનાવી શકાય છે, પરંતુ સચિન પાયલટ તેમના માટે સ્વીકાર્ય નહોતા, કારણ કે તેઓ સરકાર તોડવાના પ્રયાસમાં ધારાસભ્યોને માનેસર લઈ ગયા હતા. તેમણે ઉમેર્યું કે, કેટલાક લોકોએ તે ઘટનાના તથ્યોને તોડી-મોડી રજૂ કર્યા હતા.

# યુધ્ધ વકરવાની દહેશતથી શેરબજારમાં ફફડાટ

(એજન્સી દ્વારા) નવીદિલ્હી : અમેરિકા - ઈઝરાયલ અને ઈરાન વચ્ચે આગામી દિવસોમાં યુધ્ધ વધુ વકરે તેવી દહેશતથી આજે સપ્તાહના પ્રથમ દિવસે જ ભારતીય શેરબજારમાં મંદીની સુનામી જોવા મળી હતી. સેન્સેક્સ અને નિફ્ટીમાં તોતીંગ કડાકા બોલી ગયા હતા. બૂલીયન બજારમાં પણ નરમાશ હતી. અમેરિકી ડોલર સામે ભારતીય રૂપિયામાં ધોવાણ જોવા મળ્યું હતું.

અમેરિકા અને ઈરાન વચ્ચે યુધ્ધ વિરામ આડે કોઈને કોઈ અવરોધ આવી જાય છે. જેના કારણે હુમલા ચાલુ જ રહે છે. આજે ફરી હુમલાના કારણે શેરબજાર પટકાયું હતું. આજે ઉઘડતી બજારે સેન્સેક્સે ૭૪ હજારની સપાટી તોડી હતી અને ઈન્ટ્રાડેમાં ૭૩૩૧૮.૯૪ની નીચલી સપાટી સુધી સરકી ગયો હતો. ઉપલી સપાટી ૭૩૭૨૨.૭૫ રહેવા પામી હતી. નિફ્ટીની આજની દિવસ દરમિયાનની નીચલી સપાટી ૨૩૦૭૦.૧૫ રહેવા પામી હતી.જ્યારે ઉપલી સપાટી ૨૩૨૦૨ રહેવા પામી હતી. બેક્ર નિફ્ટી અને નિફ્ટી મીડકેપ-૧૦૦માં ૪૫૯ પોઈન્ટનો કડાકો બોલી ગયો હતો. બૂલીયન બજારમાં પણ નરમાશ રહી હતી. ચાંદીના ભાવ રૂ.૪૯૮૦ જ્યારે સોનાના ભાવ રૂ.૧૬૨૦ તુટ્યા હતા. રૂપિયો પણ ડોલર સામે ધડામ થયો હતો.

## પહેલા પાનાથી... રાજ્યના ડીજીપી પદે





ડીજીપી તરીકે રાજ્ય સરકારે અમદાવાદ શહેર પોલીસ કમિશનર તરીકે ફરજ બજાવતા જી.એસ મલિક ને રાજ્યના ડીજીપી તરીકે નિમણૂંક આપતા. આજે તેઓ પોતાના નવા હોદ્દાનો કાર્યભાર સંભાળ્યો ત્યારે રાજ્યના ઈન્ચાર્જ ડીજીપી ડો. કે એલ.એન રાવ એ ડીજીપી તરીકેનો કાર્યભાર નવનિયુક્ત ડીજીપી જી.એસ.મલિક ને સુપ્રત કર્યો હતો.



**અસામાજિક**

જગન્નાથજીની રથયાત્રાને શાંતિપૂર્ણ અને સફળતાપૂર્વક પૂર્ણ કરાવવાનો છે. રથયાત્રા દરમિયાન લાખો શ્રદ્ધાળુઓ જોડાતા હોવાથી સુરક્ષા અને કાયદો-વ્યવસ્થાની જાળવણી માટે વિશેષ આયોજન કરવામાં આવશે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે રાજ્યમાં ડ્રગ્સ અને દારૂનું દૂષણ ચિંતાજનક રીતે વધી રહ્યું છે. આ સામાજિક બુરાઈઓને નાથવા માટે ગુજરાત પોલીસ વધુ કડક અને અસરકારક કાર્યવાહી કરશે. નશાખોરીના નેટવર્કને તોડવા, ગેરકાયદે પ્રવૃત્તિઓ સામે સખત પગલાં લેવા તેમજ યુવાધનને આવા દૂષણોથી બચાવવા માટે વિશેષ અભિયાન હાથ ધરવામાં આવશે.

જી.એસ. મલિકે ભારપૂર્વક જણાવ્યું હતું કે રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા વધુ મજબૂત બનાવવાની સાથે નાગરિકોની સુરક્ષા, વિશ્વાસ અને પોલીસ પ્રત્યેની સકારાત્મક છબી જાળવી રાખવી તેમની પ્રાથમિકતા રહેશે. રાજ્ય પોલીસ આધુનિક ટેકનોલોજી અને ગુનાખોરી નિયંત્રણના નવા માધ્યમોનો ઉપયોગ કરીને વધુ અસરકારક કામગીરી કરશે તેમ તેમણે જણાવ્યું હતું.

# ચીનના પ્રમુખ જિનપિંગ સાત વર્ષ બાદ ઉત્તર કોરિયાની મુલાકાત લેશે

(એજન્સી દ્વારા)

બેઈજિંગઃ વૈશ્વિક રાજકારણના આજના સૌથી મોટા સમાચારમાં, ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાત વર્ષના લાંબા ગાળા પછી નોર્થ કોરિયાની ઐતિહાસિક મુલાકાતે જઈ રહ્યા છે. વર્ષ ૨૦૨૬માં રાષ્ટ્રપતિ શીનો આ પ્રથમ વિદેશ પ્રવાસ છે. રશિયા, ચીન અને અમેરિકા વચ્ચે બદલાતા સમીકરણો વચ્ચે થઈ રહેલી આ મુલાકાત પર આખી દુનિયાની નજર મંડાયેલી છે. તાજેતરમાં નોર્થ કોરિયાના શાસક કિમ જોંગ ઉનની રશિયા સાથેની સૈન્ય નિકટતા વધવાથી ચીન અસહજ થયું છે. ચીન પોતાના આ પરંપરાગત સાથી પરનો પ્રભાવ ગુમાવવા માંગતું નથી. બીજી તરફ, રશિયા ભલે સૈન્ય મદદ કરતું હોય, પણ નોર્થ કોરિયાને પોતાની ભાંગી પડેલી અર્થવ્યવસ્થા બેઠી કરવા માટે ચીનની આર્થિક મદદની સખત જરૂર છે. આ બેઠકમાં બંને દેશો વચ્ચે પ્રવાસન, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સરહદી આર્થિક પ્રોજેક્ટ્સ પર મોટા નિર્ણયો લેવાય તેવી સંભાવના છે.આ પ્રવાસની સૌથી મોટી કૂટનીતિક ચર્ચા એ છે કે, ચીને હવે પોતાના સત્તાવાર નિવેદનોમાંથી 'પરમાણુ નિઃશસ્ત્રીકરણ' શબ્દ હટાવી દીધો છે.

# રનવે પર અગનગોળો બન્યું પ્રાઈવેટ જેટ : પાયલટ, કો-પાયલટનું મોત

નવીદિલ્હી : કેરેબિયન દેશ ડોમિનિકન રિપબ્લિકના લા રોમાના ઈન્ટરનેશનલ એરપોર્ટ પર એક પ્રાઈવેટ જેટ ક્રેશ થયું. ઈમરજન્સી લેન્ડિંગના પ્રયાસ દરમિયાન વિમાન રનવે પર ઉછળ્યું અને જોતજોતામાં આગના મોટા ગોળામાં ફેરવાઈ ગયું. આ દુર્ઘટનામાં પાયલટ અને કો-પાયલટનું મૃત્યુ થયું.

ડોમિનિકન રિપબ્લિકના લા રોમાના આંતરરાષ્ટ્રીય હવાઈ મથકે એક ખાનગી વિમાન ક્રેશ થયું. આ બિઝનેસ જેટ રવિવારે ઈમરજન્સી લેન્ડિંગ દરમિયાન દુર્ઘટનાગ્રસ્ત થયું. દુર્ઘટના બાદ વિમાનમાં આગ લાગી ગઈ. સોશિયલ મીડિયા પર વાયરલ વીડિયોમાં જોઈ શકાય છે કે એરસ્ટ્રીપ સાથે અથડાયા બાદ વિમાન આગના મોટા ગોળામાં ફેરવાઈ ગયું. આ દુર્ઘટનામાં વિમાનમાં સવાર ક્રૂના બંને સભ્યોના મોત થયા.પ્રત્યક્ષદર્શીઓએ સોશિયલ મીડિયા પર ઘણા વીડિયો શેર કર્યા છે. આ તસવીરો અને વીડિયોમાં વિમાનને ઈમરજન્સી લેન્ડિંગનો પ્રયાસ કરતું જોઈ શકાય છે. અકસ્માત પહેલાં વિમાન ખૂબ જ ઝડપથી રનવે પર ઘસડાતું જોવા મળ્યું હતું. ત્યારબાદ વિમાન રનવે પરથી લપસીને એરપોર્ટ પરિસરમાં જ ઘાસવાળા વિસ્તારમાં જતું રહ્યું અને તે જ સમયે ભીષણ આગ લાગી ગઈ.

# અયોધ્યા રામ મંદિરમાંથી ૭ કરોડની ચોરીનો દાવો

અયોધ્યા ફ સપા અધ્યક્ષ અખિલેશ યાદવનો આરોપ છે કે અયોધ્યા રામ મંદિરમાં આવેલા ચઢાવામાં કરોડો રૂપિયાની ચોરી કરવામાં આવી છે. તેમણે કહ્યું કે, સરકારનું મૌન શંકાસ્પદ છે. કોર્ટે પોતે આ મામલાની નોંધ લેવી જોઈએ. અયોધ્યામાં સપાના પૂર્વ ધારાસભ્ય અને મંત્રી રહી ચૂકેલા પવન પાંડેયએ દાવો કર્યો કે ૫ થી સાડા ૭ કરોડ સુધીની ચોરી કરવામાં આવી છે. જો ચોરી નથી થઈ તો ટ્રસ્ટના મહામંત્રી ચંપત રાય સામે આવે અને પ્રભુ શ્રીરામના સોગંદ ખાઈને કહે કે આરોપો ખોટા છે. જો વાત સાચી છે તો એફઆઈઆર કરાવે.

# 'હોર્મુઝ બાદ બાબ અલ મંદેબ પણ બંધ કરી દઈશું...', ઈરાનની ધમકીથી દુનિયાના શ્વાસ અધ્ધર

નવીદિલ્હી : પશ્ચિમ એશિયા (મિડલ ઈસ્ટ) માં ચાલી રહેલો તણાવ હવે સંપૂર્ણપણે કાબૂ બહાર જઈ ચૂક્યો છે. એપ્રિલ મહિનાના યુદ્ધવિરામ બાદ તેહરાનથી થયેલા સીધા મિસાઈલ હુમલાના જવાબમાં ઈઝરાયલે ઈરાન પર 'શક્તિશાળી વળતો પ્રહાર' (જવાબી હુમલો) કરી દીધો છે. ઈઝરાયલના આ આકરા સૈન્ય એક્શન બાદ હવે ઈરાન તરફથી વિશ્વને હચમચાવી દેનારી આંતરરાષ્ટ્રીય ધમકી ઉચ્ચારવામાં આવી છે, જેના કારણે વૈશ્વિક વેપાર અને તેલ પુરવઠો સંપૂર્ણપણે ખોરવાઈ જવાનો ખતરો પેદા થયો છે.

આંતરરાષ્ટ્રીય ન્યૂઝ એજન્સી ઝ્રદ્ગદ્ગ ના અહેવાલ મુજબ, ઈરાનના વરિષ્ઠ નેતા અલી વિલાયતીએ વર્તમાન પરિસ્થિતિ અંગે કડક વલણ અપનાવતા જણાવ્યું છે કે, "હાલના સંજોગો જોઈને દુશ્મને કોઈ પણ પ્રકારની ગેરસમજમાં રહેવાની જરૂર નથી." તેમણે ઈઝરાયલને સ્પષ્ટ સંદેશ આપતા ધમકી આપી છે કે હવે તેની પાસે માત્ર બે જ રસ્તા બચ્યા છે; કાં તો તે પોતાની બેવકૂફી (સૈન્ય હુમલા) તાત્કાલિક બંધ કરે અથવા તો એવા ગંભીર પરિણામોનો સામનો કરવા તૈયાર રહે જ્યાં વિશ્વના બે સૌથી મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગો પર તેને સણસણતો અને સંતુલિત જવાબ મળી શકે.

વ્યૂહાત્મક અને સૈન્ય નિષ્ણાતોના મતે, અલી વિલાયતીનો ઈશારો સીધો જ વૈશ્વિક દરિયાઈ પરિવહન અને વેપારી જહાજોની અવરજવર પર દબાણ વધારવા તરફ છે. ઈરાન હવે યમનમાં સક્રિય પોતાના સમર્થિત 'હૂતી' લડવૈયાઓનો ઉપયોગ કરીને 'બાબ-અલ-મંદેબ સ્ટ્રેટ'જળમાર્ગને નિશાન બનાવી શકે છે. આ એ જ મહત્વપૂર્ણ સમુદ્રી રસ્તો છે જે યમન, જિબૂતી અને ઈરિટ્રિયા વચ્ચે આવેલો છે અને યુરોપ, એશિયા તેમજ આરબ દેશો વચ્ચેના કરોડો અબજોના વ્યાપાર માટે કરોડરજ્જુ સમાન માનવામાં આવે છે.

## પહેલા પાનાથી...

**રાજ્યસભાનો જંગ :**

હતો. ઉલ્લેખનીય છે કે રાજ્યસભાની ચૂંટણીને લઈને રાજકીય પક્ષોએ પોતાની રણનીતિને અંતિમ સ્વરૂપ આપવાનું શરૂ કરી દીધું છે, ત્યારે ભાજપના ચારેય ઉમેદવારો દ્વારા નામાંકન દાખલ કરાતા ચૂંટણી જંગ વધુ રસપ્રદ બન્યો છે.

**રાજ્યભરમાં આજથી**

શાળાઓમાં ઊભી કરવામાં આવી છે આજથી જ શાળાઓ શરૂ થતા શાળા ના મેદાનો માં બાળકો રમતા જોવા મળ્યા હતા.

**ભારત સહિત**

દક્ષિણપૂર્વ એશિયાઈ દેશ ફિલિપાઈન્સમાં રિક્ટર સ્કેલ પર ૮.૨ ની તીવ્રતાનો અત્યાર સુધીનો સૌથી વિનાશક અને પ્રચંડ મહાભૂકંપ ત્રાટક્યો છે. સ્થાનિક સમય મુજબ સવારે ૭:૪૦ વાગ્યે આવેલા આ આંચકાનું કેન્દ્રબિંદુ મિડાનાઓ ટાપુ નજીક જમીનના પેટાળમાં હતું. આ પ્રલયકારી આંચકો એટલો ભયાનક હતો કે તેનાથી માત્ર ફિલિપાઈન્સ જ નહીં, પરંતુ પડોશી દેશ ઈન્ડોનેશિયાના ઉત્તર સુલાવેસી અને મલુકુ પ્રાંતો પણ ધ્રૂજી ઉઠ્યા હતા.મહાભૂકંપમાં ૧ નું મોત થયું છે.

# 'પુષ્પા' શૈલીની લાલ ચંદનની આંતરરાષ્ટ્રીય તસ્કરીના તાર કચ્છ સુધી લંબાયા ?

**કંડલા બંદર થઈને ચીન મોકલાનારું કરોડોનું લાલ ચંદન કાષ્ઠ ઝડપાયું : ડીઆરઆઈએ ચેન્નાઈના કિંગપિનની ધરપકડ કરી રૂ. ૪.૧ કરોડનું રક્ત ચંદન જપ્ત કર્યું : દક્ષિણ ભારતમાં કડક ચેકિંગના ડરથી તસ્કરોએ કચ્છના કંડલા બંદરનો સેફ રૂટ તરીકે ઉપયોગ કરવાનું ઘડ્યું હતું આયોજન**

ગાંધીધામ - કચ્છઉદય : સિનેમા જગતની સુપરહિટ ફિલ્મ 'પુષ્પા' શૈલીમાં સમગ્ર દેશમાં ચાલી રહેલા લાલ ચંદન (રેડ સેન્ડર્સ)ની દાણચોરીના એક બહુ મોટા આંતરરાષ્ટ્રીય રેકેટનો ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ દ્વારા પર્દાફાશ કરવામાં આવ્યો છે. આ હાઈપ્રોફાઈલ કેસમાં તપાસકર્તાઓએ ચેન્નાઈ સ્થિત મુખ્ય સૂત્રધારની ધરપકડ કરી લીધી છે, જેના કનેક્શન ચીન, કંબોડિયા અને વિયેતનામ સુધી લંબાયેલા હોવાનું સામે આવ્યું છે. આ સમગ્ર ઓપરેશન દરમિયાન અધિકારીઓએ અંદાજે રૂ. ૪.૧ કરોડની કિંમતનું ૧૦.૫ મેટ્રિક ટનથી વધુ પ્રતિબંધિત રક્ત ચંદન જપ્ત કરીને સરહદ પાર ચાલતા એક વ્યાપક નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. આ આંતરરાષ્ટ્રીય નેટવર્કના તાર છેક કચ્છ સુધી પણ જોડાયેલા હોવાની ચોંકાવનારી વિગતો પ્રકાશમાં આવી છે, જેમાં તસ્કરો દ્વારા માલ વિદેશ મોકલવા માટે કચ્છના કંડલા બંદરનો મોટો આશ્રય લેવામાં આવી રહ્યો હતો.

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, દક્ષિણ ભારતના બંદરો પર કડક દેખરેખ હોવાને કારણે આ આંતરરાષ્ટ્રીય તસ્કરો કાયદાની નજરમાંથી બચવા માટે લાંબા અને વાંકાચૂકા રૂટનો ઉપયોગ કરતા હતા. આંધ્રપ્રદેશની શેષાચલમ ટેકરીઓમાંથી મેળવવામાં આવતું આ કિંમતી લાકડું પહેલા ગુપ્ત રીતે ચેન્નાઈના વેરહાઉસમાં લાવવામાં આવતું હતું. ત્યારબાદ, ભૌગોલિક રીતે દક્ષિણના બંદરો નજીક હોવા છતાં, ત્યાં કડક ચેકિંગના ડરથી તસ્કરોએ કચ્છના કંડલા બંદર તેમજ મુંબઈના ન્હાવા શેવા બંદરને પોતાના સુરક્ષિત માર્ગ તરીકે પસંદ કર્યા હતા. ઝડપાયેલા માસ્ટરમાઈન્ડની પૂછપરછમાં ખુલાસો થયો છે કે આંધ્રપ્રદેશથી આ ગેરકાયદેસર જથ્થો નવી દિલ્હી થઈને કચ્છના કંડલા બંદર અથવા મુંબઈ બંદરે પહોંચાડવાનો હતો, જ્યાંથી તેને કન્ટેનર મારફતે ચીન મોકલવાનું આખું આયોજન ઘડવામાં આવ્યું હતું.

આ કેસની વિગતો મુજબ, ગત વર્ષે ડિસેમ્બરમાં શ્રીપેરુમ્બુદુરમાંથી ૨.૭૭ કરોડ રૂપિયાની કિંમતનું ૫.૫૩ મેટ્રિક ટન લાલ ચંદન પકડાતાં આ રેકેટનો પ્રથમ સંકેત મળ્યો હતો. આ મુખ્ય આરોપી જેલમાંથી મુક્ત થયા બાદ ફરીથી સક્રિય થયો હતો, પરંતુ સજાગ બનેલી ડીઆરઆઈની ટીમે નવા પુરાવાઓના આધારે તેની ફરીથી ધરપકડ કરી લીધી છે. આ વખતે તે તિરુવન્નામલાઈની એક ટ્રાન્સફોર્મર ઓઈલ કંપનીના નામે કાર્ગો રૂટ કરીને ચેન્નાઈ બંદરથી કંબોડિયા થઈને ચીન માલ મોકલવાની પેરવીમાં હતો. આરોપીના મોબાઈલ ફોનની તપાસ દરમિયાન કન્ટેનરમાં લાલ ચંદન છુપાવવાની ચેટ્સ, વિડીયો અને તસવીરો જેવા મજબૂત પુરાવા મળી આવ્યા છે, જે તેના આંતરરાષ્ટ્રીય ખરીદદારો અને ભારતના સ્થાનિક લોજિસ્ટિક્સ એજન્ટો સાથેના સીધા સંબંધો સાબિત કરે છે.

ચીન અને જાપાન જેવા દેશોમાં રક્ત ચંદનની ભારે માંગ હોવાને કારણે આ કાળો કારોબાર અત્યંત નફાકારક બન્યો છે. ભારતમાં વન્યજીવન સંરક્ષણ કાયદા હેઠળ આ લાકડાની નિકાસ પર સંપૂર્ણ પ્રતિબંધ છે. જોકે, ચીનના બજારમાં આ લાકડાનો ઉપયોગ અમીર વર્ગ માટે વૈભવી ફર્નિચર બનાવવા, પરંપરાગત સંગીતનાં સાધનો તૈયાર કરવા તેમજ મોંઘી લિપસ્ટિક, સૌંદર્ય પ્રસાધનો અને દવાઓમાં વપરાતા ખાસ લાલ રંગ (સેન્ટાલિન) મેળવવા માટે થાય છે.

આ જંગી નફાની લાલચમાં તસ્કરો કંડલા જેવા મોટા અને વ્યસ્ત બંદરોનો દુરુપયોગ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે, ત્યારે દેશની સુરક્ષા એજન્સીઓ હાલ આ નેટવર્ક સાથે જોડાયેલા અન્ય સ્થાનિક અને વિદેશી સાગરીતોને દબોચી લેવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# કચ્છના અગ્રણી ધારાશાસ્ત્રી અને કચ્છ ક્રિકેટ એસો.ના પ્રમુખ બહાદુરસિંહ જાડેજાના નિધનથી શોક



**જીએમડીસીના ચેરમેન પદે પણ આપી હતી સેવા**

ભુજ - કચ્છઉદય : કચ્છ ક્રિકેટ એસોસિએશનના પ્રમુખ અને બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના પૂર્વ ચેરમેન અને ભુજ બાર એસોસિએશનના સિનિયર ધારાશાસ્ત્રી બહાદુરસિંહભાઈ એસ. જાડેજાનું દુઃખદ અવસાન થયું છે. કાયદાકીય ક્ષેત્રે મોભાદાર સ્થાન ધરાવતા સિનિયર ધારાશાસ્ત્રીના આકસ્મિક નિધનના સમાચારથી સમગ્ર કચ્છ જિલ્લાના વકીલ આલમમાં ઘેરા શોકની લાગણી વ્યાપી ગઈ છે. સ્વ. બહાદુરસિંહજી કાયદાના નિષ્ણાત હોવાની સાથે સાથે રમતગમત ક્ષેત્રે પણ ખૂબ જ સક્રિય હતા અને તેઓ કચ્છ ક્રિકેટ એસોસિએશનના પ્રમુખ તરીકે સેવા આપી રહ્યા હતા તેમજ જીએમડીસીના ચેરમેન પદે પણ સેવા આપી હતી.

તેમના અવસાન બદલ કચ્છ ક્રિકેટ એસોસિએશન પરિવારમાં ઊંડા શોકની લાગણી વ્યાપી ગઈ છે. એસોસિએશનના ઉપપ્રમુખ ભરત ધોળકિયા, મંત્રી અતુલ મહેતા અને સહ-મંત્રી પ્રવીણ હિરાણી સહિતના હોદ્દેદારો અને સભ્યોએ ઊંડા દુઃખની લાગણી વ્યક્ત કરી સ્વર્ગસ્થને શ્રદ્ધાંજલિ અર્પણ કરી છે. સંસ્થાના હોદ્દેદારોએ જણાવ્યું હતું કે, સ્વ. બહાદુરસિંહજીએ રમતગમત ક્ષેત્રના વિકાસ, સંસ્થાની ઉન્નતિ અને ક્રિકેટ જગત માટે જે અનન્ય અને અમૂલ્ય સેવાઓ આપી છે તેને હંમેશા આદરપૂર્વક યાદ રાખવામાં આવશે. એસોસિએશનના તમામ હોદ્દેદારો અને સભ્યોએ દિવંગત આત્માની ચિર શાંતિ માટે પરમકૃપાળુ પરમાત્માના ચરણોમાં પ્રાર્થના કરી ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પી હતી. કાયદા અને રમતગમત જગતના આ સિતારાના અસ્તથી જિલ્લાએ એક સનિષ્ઠ આગેવાન ગુમાવ્યા છે.

# ભચાઉમાં દેશી બંદુક સાથે શખ્સ ઝડપાયો, પોલીસે હથિયાર કબજે કર્યું




ભચાઉ - કચ્છઉદય : ભચાઉ પોલીસે ગેરકાયદેસર હથિયારો સામે કાર્યવાહી કરતાં એક શખ્સને દેશી હાથ બનાવટની બંદુક સાથે ઝડપી પાડ્યો છે. મળતી માહિતી મુજબ ભચાઉ પોલીસને ખાનગી બાતમી મળતા અણુશક્તિ કંપની પાછળના સીમ વિસ્તારના કાચા રસ્તા પર વોચ ગોઠવવામાં આવી હતી. દરમિયાન પોલીસે અસલમ ઉર્ફે કારા જુસબ નારેજા (ઉ.વ. ૩૨), રહે. હિંમતપુરા વિસ્તાર, ભચાઉને શંકાસ્પદ હાલતમાં અટકાવી તપાસ કરતા તેની પાસેથી એક દેશી હાથ બનાવટની બંદુક મળી આવી હતી. પોલીસે અંદાજે રૂ. ૫ હજાર કિંમતની બંદુક કબજે કરી આરોપી સામે આર્મ્સ એક્ટ કલમ ૨૫(૧-બી)(એ) તેમજ જી.પી. એક્ટ કલમ ૧૩૫ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ કાર્યવાહી ભચાઉ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર અને સર્વેલન્સ સ્ટાફ દ્વારા ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી.

# ભુજમાં નિયમોનું ઉલ્લંઘન કરી સ્ટ્રીટ વેન્ડર્સને હટાવવા સામે ભારે રોષ

**કાયદાકીય લડતની ચીમકી સાથે સ્ટ્રીટ વેન્ડર એસોસીએશન દ્વારા અપાયું આવેદન**



ભુજ - કચ્છઉદય : ભુજ શહેરમાં વર્ષોથી રોજીરોટી કમાતા ગરીબ અને મધ્યમ વર્ગના શેરી ફેરિયાઓ, ફૂટપાથ વિક્રેતાઓ તેમજ પાથરણા વાળા વેપારીઓને સ્થાનિક નગરપાલિકાના કર્મચારીઓ દ્વારા કોઈ પણ આગોતરી લેખિત નોટિસ આપ્યા વિના મૌખિક સૂચનાઓ આપીને વર્તમાન ધંધાના સ્થળેથી ખસી જવા દબાણ કરવામાં આવતું હોવાનો ગંભીર આક્ષેપ ઉઠ્યો છે. નગરપાલિકાની આ પ્રકારની જોહુકમી ભરેલી અને કાયદા વિરુદ્ધની કામગીરી સામે સ્ટ્રીટ વેન્ડર એસોસીએશન કચ્છ દ્વારા જિલ્લા મેજિસ્ટ્રેટ, કલેક્ટર તેમજ ભુજ નગરપાલિકાના મુખ્ય અધિકારી સમક્ષ લેખિત રજૂઆત કરીને પોતાનો ઉગ્ર વિરોધ નોંધાવવામાં આવ્યો છે. ફેરિયા સંગઠને તંત્રને સ્પષ્ટ ચેતવણી આપી છે કે જો શેરી ફેરિયાઓ સંદર્ભે બનેલા કાયદાઓનું યોગ્ય અમલીકરણ કરીને સ્થાનિક સ્તરે સહકાર આપવામાં નહીં આવે, તો તમામ નાના વેપારીઓને ન છૂટકે ન્યાય મેળવવા માટે અદાલતના દ્વાર ખખડાવવાની ફરજ પડશે. એસોસીએશનના હોદ્દેદારોએ પોતાની રજૂઆતમાં જણાવ્યું છે કે શેરી ફેરીયા અધિનિયમ ૨૦૧૪ અને ગુજરાત શેરી ફેરી સ્કીમ ૨૦૧૮ની જોગવાઈઓ હેઠળ ફેરિયાઓને તેમના રોજગારના સ્થળેથી હટાવવા માટેના ચોક્કસ નિયમો બનાવવામાં આવ્યા છે. આ કાયદાના સેક્શન ૧૫(૧) મુજબ જો કોઈ શેરી ફેરિયાને તેના કામના સ્થળ પરથી ખસેડવો અનિવાર્ય હોય, તો તેને ઓછામાં ઓછો એક મહિના અગાઉ લેખિતમાં નોટિસ આપવી ફરજિયાત છે, જેથી તે ફેરિયો પોતાની વૈકલ્પિક આજીવિકા મેળવવાની શક્યતાઓ ચકાસી શકે. તદુપરાંત કાયદાના પરિશિષ્ટ મુજબ જ્યાં સુધી અત્યંત અનિવાર્ય કે અવિભાજ્ય કારણ ન હોય ત્યાં સુધી ફેરિયાઓને મૂળ જગ્યા પરથી હટાવી શકાય નહીં. તેમ છતાં ભુજ નગરપાલિકાનું વહીવટી તંત્ર આ તમામ નિયમોને નેવે મૂકીને ગેરકાયદેસર રીતે ફેરિયાઓને રોજગાર વિહોણા કરવાનો પ્રયાસ કરી રહ્યું છે, જેના કારણે અનેક પરિવારોના ગુજરાન સામે મોટું સંકટ ઊભું થયું છે.

કાયદાકીય પ્રક્રિયાનો ભંગ થતો હોવાની વિગતો આપતા સંગઠને ઉમેર્યું છે કે ફેરિયાઓને અન્ય જગ્યાએ ફાળવવા માટેના રિહિલબિલેટેશન પ્રોજેક્ટમાં અસરગ્રસ્ત ફેરિયાઓ કે તેમના પ્રતિનિધિઓની સહભાગીતા હોવી અને તેમની સાથે યોગ્ય ચર્ચા-વિચારણા કરવી અનિવાર્ય છે. જો અનિવાર્ય સંજોગોમાં ફેરિયાઓને ખસેડવા પડે તો પણ તેમની જૂની આવક પર કોઈ વિપરીત અસર ન પડવી જોઈએ તેવો કાયદાનો મૂળભૂત સિદ્ધાંત છે. આ સંદર્ભમાં તમામ સત્તા ટાઉન વેન્ડિંગ કમિટી પાસે હોય છે, પરંતુ ભુજમાં જૂની કમિટીની મુદત પૂરી થઈ ગઈ હોવા છતાં તંત્ર દ્વારા નવી કમિટીની રચના જાણીજોઈને કરવામાં આવી નથી. શહેરમાં ફેરિયાઓનો સર્વે થઈ ચૂક્યો હોવા છતાં બાકી રહેલા અનેક વેપારીઓને હજુ સુધી "ફેરીયા ઓળખ કાર્ડ" કે "વેન્ડિંગ સર્ટિફિકેટ" પણ આપવામાં આવ્યા નથી. આ આવેદનપત્રમાં તંત્રને નમ્ર અપીલ કરવામાં આવી છે કે કાયદા મુજબના નિયત વેન્ડિંગ ઝોન તૈયાર કરીને ફેરિયાઓને વૈકલ્પિક વ્યવસ્થા પૂરી પાડવામાં આવે જેથી તેઓ સન્માનભેર આજીવિકા ચલાવી શકે. હાલ પૂરતું નગરપાલિકાના કર્મચારીઓને આવી ગેરકાયદેસર કાર્યવાહી કરતા રોકવા માટે તાકીદે કડક સૂચનાઓ આપવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે. આ વેળાએ સ્ટ્રીટ વેન્ડર એસોસીએશનના પ્રમુખ મયુર ગોર, ઉપપ્રમુખ વિમલસિંહ ચૌહાણ, મંત્રી અભિષેક ઠક્કર, મહંમદ લાખા વગેરે હાજર રહ્યા હતા.

## ટ્રેક્ટર ચાલક રોડ સાઈડમાંથી ૫ ટન કપચી ચોરી કરી રફુચક્કર

ભચાઉ : ગાગોદર પોલીસ સ્ટેશન વિસ્તારમાં રોડની બાજુમાં રાખેલ કપચીના ઢગલામાંથી આશરે ૦૫ ટન કપચીની ચોરી થવા અંગે સ્વરાજ કંપનીના ટ્રેક્ટર (રજીસ્ટ્રેશન નંબર GJ-12-DG-8170) ના ચાલક વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. આ બનાવ ચિત્રોડ આઈમાતા માતાજીના મંદિરથી નલીયાટીંબા જવાના રસ્તા પર રબારકી તળાવ પાસે તા. ૦૫/૦૬/૨૦૨૬ ના સાંજના સમયે બન્યો હતો, જ્યાં રોડ સાઈડમાં રાખેલ ૨૦ એમ.એમ. ની કપચીમાંથી રૂપિયા ૫,૦૦૦/- ની કિંમતની ૫ ટન કપચી ટ્રેક્ટરમાં ભરીને ચોરી કરી જવામાં આવી હતી. આ અંગે નલીયાટીંબાના રહીશ કિસનસિંહ હેતુભા જાડેજા એ ફરિયાદ નોંધાવતા ગાગોદર પોલીસે બી.એન.એસ. કલમ ૩૦૩(૨), ૨૯૬ મુજબ ગુ.ર.નં. ૧૧૯૯ ૩૦૧૭૨૬૦ ૧૩૦/૨૦૨૬ થી ગુનો નોંધી આગળની તપાસ એ.એસ.આઈ. અમરસિંગ રમણભાઈ મોરી ચલાવી રહ્યા છે.

# ચલો સ્કૂલ ચલે હમ.. પણ બારોઈના જેસરાજનગરમાં ગટરલાઈન તુટી જતાં બાળકોએ શાળાએ પહોચવું બન્યું મુશ્કેલ






**રસ્તા પર ગટરના પાણી ભરાઈ જતાં તળાવમાં તબદીલ : તંત્ર એકબીજા પર ફેકાફેકમાં લોકો પરેશાન**

મુંદરા - કચ્છઉદય : આજથી શાળાઓ ચાલુ થઈ છે, ત્યારે બારોઈના જેશરાજનગરમાં આવેલી પ્લેય સ્કૂળમાં જતા બાળકોએ ગટરના છેલ્લામાંથી પસાર થઈ રહી છે.

આ વિસ્તારમાં ગટરલાઈન તુટી જતાં ગંદુ પાણી રસ્તા પર ફરી વળ્યા છે, જેના કારણે બાળકોને શાળાએ જવું મુશ્કેલ બન્યું છે. ગટર લાઈન તુટી જતા તંત્રને જાણ કરવામાં આવી હતી પરંતુ તંત્રએ એકબીજા પર ફેંકાફેક કરીને કોઈ તૈયાર થતું નથી. રસ્તા પર ગટરલાઈન તુટી જવાના કારણે અહીં ગંદુ પાણી ભરાઈ જવાના કારણે આ વિસ્તારમાં તળાવમાં તબદીલ જઈ ગયું છે. જેથી વાલીઓ કહી રહ્યા છે. ભુલકાઓને શાળાએ કઈ રીતે જવું તે એક પ્રશ્ન ઉભો થયો છે.

# ભુજની હોસ્પિટલમાં ફરજ પરના કોન્સ્ટેબલ પર હુમલો

ભુજ - કચ્છઉદય : ભુજ-મિરજાપર હાઈવે પર આવેલી સંઘવી હોસ્પિટલમાં ફરજ દરમિયાન પોલીસની કાયદેસરની કામગીરીમાં રૂકાવટ કરી પોલીસ કોન્સ્ટેબલ પર હુમલો અને સસ્પેન્ડ કરવાની ધમકી આપવાના મામલે ભુજ એ-ડિવિઝન પોલીસ મથકે ત્રણ શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ છે.

આ બાબતે મળતી વિગતો મુજબ રવિવારની રાત્રે આશરે ૧૧:૩૦ વાગ્યાના સુમારે ૧૧૨ જનરક્ષક હેલ્પલાઈન કંટ્રોલ રૂમથી વર્ધી મળી હતી કે સંઘવી હોસ્પિટલમાં ભુલાખાન નામના શખ્સને સિક્યુરિટી ગાર્ડ્સ સાથે ઝઘડો થયો છે. આ માહિતીના આધારે પોલીસ કોન્સ્ટેબલ દિનેશભાઈ માધાભાઈ ભરવાડ અને તેમના ડ્રાઈવર શક્તિસિંહ ઝાલા ઘટના સ્થળે પહોંચ્યા હતા ત્યાં જઈ તપાસ કરતા જાણવા મળ્યું હતું કે ભુલાખાન હોસ્પિટલના સ્ટાફના વીડિયો ઉતારતો હતો અને ના પાડતા સિક્યુરિટી સ્ટાફ સાથે બોલાચાલી કરતો હતો. પોલીસે જ્યારે ભુલાખાનને આ બાબતે પૂછપરછ કરી અને તેને પોલીસ સ્ટેશન આવવા જણાવ્યું, ત્યારે તે ઉશ્કેરાઈ ગયો હતો. ફરિયાદ અનુસાર, ભુલાખાન અબ્દુલ હાલેપોત્રા, અબ્દુલ ભોલુ હાલેપોત્રા અને સિરાઝખાન સુમાર ફકીરે પોલીસ કર્મચારી સાથે ગાળાગાળી કરી ઝપાઝપી શરૂ કરી હતી. ભુલાખાને પોલીસ કોન્સ્ટેબલના યુનિફોર્મના કોલર પકડી તેમને નીચે પાડવાનો પ્રયાસ કર્યો હતો, જેમાં કોન્સ્ટેબલના શર્ટનું બટન તૂટી ગયું હતું. આ દરમિયાન ત્રણેય આરોપીઓએ પોલીસ કર્મચારીને સસ્પેન્ડ કરાવી દેવાની ધમકી આપી હતી. બાદમાં વધુ પોલીસ મદદ માટે વર્ધી અપાતા અન્ય પોલીસ સ્ટાફ ઘટના સ્થળે આવી પહોંચ્યો હતો અને કોન્સ્ટેબલને વધુ મારથી બચાવ્યા હતા. આ બનાવમાં પોલીસ કર્મચારીને શરીરે મુંઢ ઈજાઓ પહોંચી હતી. ભુજ એ-ડિવિઝન પોલીસે આરોપીઓ ભુલાખાન અબ્દુલ હાલેપોત્રા, અબ્દુલ ભોલુ હાલેપોત્રા (બંને રહે. મિરજાપર) અને સિરાઝખાન સુમાર ફકીર (રહે. માધાપર) વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ભચાઉમાં આખલાના હુમલામાં ૮ વર્ષની બાળકી ગંભીર રીતે ઘાયલ

ભચાઉ - કચ્છઉદય : શહેરના માંડવી ચોક વિસ્તારમાં રખડતા આખલાએ અચાનક હુમલો કરતા આઠ વર્ષની બાળકી ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ છે. ઘટના બાદ વિસ્તારમાં દહેશત ફેલાઈ ગઈ હતી, જ્યારે વહીવટી તંત્રની નિષ્ક્રિયતા સામે સ્થાનિકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. પ્રાપ્ત વિગતો મુજબ, માંડવી ચોક વિસ્તારમાં માતા સાથે ભાઈ-બહેન પસાર થઈ રહ્યા હતા ત્યારે અચાનક રસ્તા પર રહેલા એક આખલાએ બાળકી પર હુમલો કરી તેને શિંગડાથી ઊંચકીને ઉછાળી ફેંકી દીધી હતી. આ અકસ્માતમાં બાળકીને માથા તથા પીઠના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેને તાત્કાલિક સારવાર માટે નજીકની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ શહેરના મુખ્ય વિસ્તારોમાં રખડતા ઢોરોની સમસ્યા સતત વધી રહી છે. ખાસ કરીને દરિયાસ્થાન સામેના ખુલ્લા પ્લોટમાં નાસ્તા સ્ટોલો અને અન્ય વેપારીઓ દ્વારા કચરો ફેંકવામાં આવતો હોવાથી ત્યાં ઢોરોનું મોટું ટોળું ભેગું થઈ જાય છે. આ કારણે નંદીઓ વચ્ચેના ઝઘડા અને અચાનક હુમલાની ઘટનાઓ પણ વધી રહી છે, જેના કારણે સામાન્ય નાગરિકોને વારંવાર જોખમનો સામનો કરવો પડી રહ્યો છે. નાગરિકોએ વહીવટી તંત્રને તાત્કાલિક પગલાં લઈને રખડતા ઢોરોને પકડવાની અને નિયંત્રણમાં લેવા માટે અસરકારક વ્યવસ્થા ઉભી કરવાની માંગ કરી છે.

# ગાંધીધામ મહાનગરપાલિકાના હોદ્દેદારોનું સન્માન કરાયું






ગાંધીધામ - કચ્છ ઉદય : મહાનગરપાલિકાના હોદ્દેદારો, મેયર, ડેપ્યુટી મેયર, એસ. કમિટી ચેરમેન, શાસક પક્ષના નેતા, દંડક તેમજ વોર્ડ નં. ૯ ના ચૂંટાયેલા કોર્પોરેટરોના સન્માન કરાયું હતું.

સમારોહ ગાંધીધામના અગ્રસેન ભવન ખાતે રામ સોસાયટી, કિડાણા - ગાંધીધામ દ્વારા આયોજિત કરવામાં આવ્યો હતો, જેમાં મોટી સંખ્યામાં સ્થાનિક આગેવાનો, સમાજના પ્રતિષ્ઠિત લોકો અને રહેવાસીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન મહાનગરપાલિકાના હોદ્દેદારોનું શાલ ઓઢાડી અને ફૂલહાર પહેરાવી ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું હતું.

# બાલાસર ગામે જૂની અદાવતમાં યુવક પર હુમલો, બે શખ્સો સામે ગુનો નોંધાયો

રાપર - કચ્છઉદય : રાપર તાલુકાના દેસલપર (બાલાસર) ગામે જૂની અદાવતના કારણે એક યુવક પર હુમલો કરાયાની ઘટના સામે આવી છે. આ અંગે બાલાસર પોલીસ મથકે બે શખ્સો વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે અને વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

ફરિયાદ મુજબ, ફરિયાદી પોતાના કાકા સાથે મોટરસાયકલ પર જઈ રહ્યા હતા ત્યારે રસ્તામાં આરોપીઓએ તેમને રોકી લીધા હતા. આ દરમિયાન આરોપીઓએ કોઈ કારણ વગર ગાળો આપી ઝઘડો શરૂ કર્યો હતો. ત્યારબાદ એક આરોપીએ હાથમાં રહેલી લાકડી વડે હુમલો કરી ઈજાઓ પહોંચાડી હતી, જ્યારે બીજા આરોપીએ પણ મારપીટ કરી હતી. હુમલા દરમિયાન ફરિયાદીના કાકા બચાવવા વચ્ચે પડતા તેમને પણ ઈજા પહોંચી હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. આરોપીઓએ ફરિયાદીને ધમકી આપતાં જણાવ્યું હતું કે ભવિષ્યમાં ગામમાં દેખાશે તો જાનથી મારી નાખવામાં આવશે. ઘટનાના પગલે ઈજાગ્રસ્તોએ સારવાર મેળવી પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપીઓ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત કલમો હેઠળ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

## છેલ્લા પાનાનું ચાલુ..

**વેકેશન બાદ ભૂલકાઓના**

૨૦૨૬-૨૭નો વિધિવત અને મંગલ પ્રારંભ થઈ ગયો છે. છેલ્લા બે મહિનાથી શાંત પડેલા ભુજ, અંજાર, ગાંધીધામ, માંડવી અને નખત્રાણા સહિતના તમામ તાલુકા મથકો તેમજ અંતરિયાળ ગામડાઓની શાળાઓના પરિસર અને વર્ગખંડો ફરી એકવાર વિદ્યાર્થીઓની ભીડ અને કિલ્લોલથી જીવંત બન્યા છે. નવા શૈક્ષણિક સત્રના પ્રથમ દિવસે કચ્છી વિદ્યાર્થીઓ અને શિક્ષકોમાં એક અનોખો ઉત્સાહ, ઉમંગ અને નવી આશાઓનો માહોલ જોવા મળ્યો હતો. પ્રથમ દિવસે શાળાના પ્રવેશદ્વારે મોટી બહેનો નાના ભાઈઓનો હાથ પકડીને શાળાએ પહોંચી હતી, જો કે, લાંબા સમય બાદ શાળાએ આવેલા કેટલાક નાના ભૂલકાઓ માતા-પિતાથી અલગ થતાં રડી પડ્યા હોવાના દ્રશ્યો પણ જોવા મળ્યા હતા, જ્યારે મોટા વિદ્યાર્થીઓ પોતાના જૂના અને નવા મિત્રોને મળવાના આનંદમાં મગ્ન દેખાતા હતા. કચ્છના રણપ્રદેશ અને આસપાસના વિસ્તારોમાં હાલમાં અસહ્ય ગરમીનો પ્રકોપ જોવા મળી રહ્યો છે. તીવ્ર ગરમીના આ માહોલ વચ્ચે વિદ્યાર્થીઓની સુરક્ષા અને સુવિધાને વહીવટી તંત્ર દ્વારા સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવી છે. રાજ્યભરમાં વેકેશન લંબાવવાની કોઈ અન્ય સૂચના ન મળતાં પૂર્વ નિર્ધારિત સમયપત્રક મુજબ જ કચ્છ જિલ્લામાં પણ નવું શૈક્ષણિક વર્ષ શરૂ કરી દેવાયું છે. જિલ્લાની આ પારોચ્ય ગરમીને ધ્યાનમાં રાખીને તમામ શાળા સંચાલકો દ્વારા વિદ્યાર્થીઓની સુરક્ષા અને સુવિધા માટે ખાસ અને વિશેષ આયોજનો કરવામાં આવ્યા છે. શાળાના વહીવટી તંત્ર દ્વારા દરેક ક્લાસરૂમમાં પંખા, પૂરતા વેન્ટિલેશન અને વિદ્યાર્થીઓની બેઝિક જરૂરિયાતો પૂરતી રાખવા પર ખાસ ભાર મુકાયો છે. વેકેશન પૂર્ણ કરીને સાતમા અને આઠમા જેવા નવા ધોરણોમાં પ્રવેશેલા કચ્છી છાત્રોમાં નવા શિક્ષકોને મળવાનો અને નવા અભ્યાસક્રમની શરૂઆત કરવાનો ભારે હરખ જોવા મળી રહ્યો છે. પ્રથમ દિવસે જ શાળાઓ શૈક્ષણિક કાર્યથી ધમધમી ઉઠતા સમગ્ર કચ્છના શૈક્ષણિક જગતમાં નવચેતનાનો સંચાર થયો છે.

**મુન્દ્રામાં ગુજરાત**

એજન્સીઓ હાલ અત્યંત સાવચેતીપૂર્વક આગળ વધી રહી છે અને એટીએસના ઉચ્ચ અધિકારીઓ તરફથી પણ તપાસના આદેશો વચ્ચે મૌન સેવવામાં આવ્યું છે. સમગ્ર તપાસ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ જ આ મામલે મોટો ખુલાસો થવાની સંભાવના છે.અત્રે ઉલ્લેખનીય છે કે, મુન્દ્રાનો દરિયા કિનારો અગાઉ પણ દેશવિરોધી પ્રવૃત્તિઓ અને સ્મગલિંગના રડારમાં રહ્યો છે. હજુ ગત ૨૭ મે ૨૦૨૬ના રોજ જ ગુજરાત એટીએસ અને ઈન્ડિયન કોસ્ટ ગાર્ડના સંયુક્ત ઓપરેશનમાં આ જ દરિયાકાંઠેથી આશરે રૂ. ૧,૧૮૦ કરોડની કિંમતનું ૧૧૮.૯૭ કિલોગ્રામ જેટલું મસમોટું કોકેઈન ડ્રગ્સ ઝડપી પાડવામાં આવ્યું હતું. બ્રાઝિલથી પાકિસ્તાન થઈને ભારતમાં ઘુસાડવામાં આવી રહેલો આ ડ્રગ્સનો જથ્થો છેક દિલ્હી સુધી પહોંચાડવાનો હતો. આ અગાઉની મોટી સફળતા બાદ એટીએસ વધુ સક્રિય બની છે, ત્યારે પાકિસ્તાન કનેક્શન ધરાવતા આ વર્તમાન જહાજની તપાસમાંથી શું બહાર આવે છે તેના પર સૌની નજર મંડાયેલી છે.

दीनदयाल पत्तन प्राधिकरण
(आईएसओ 9001:2008 एवं आईएसओ 14001:2004 प्रमाणित पोर्ट)
DEENDAYAL PORT AUTHORITY
(AN ISO 9001:2008 & ISO 14001:2004 CERTIFIED PORT)
India's No.1 Major Port
यातायात प्रबंधक का कार्यालय, दीनदयाल पत्तन प्राधिकरण, श्रमदीप बिल्डिंग, नया कंडला, कच्छ (370210)
G20 भारत 2023 INDIA
SPC KANDLA
SAGARMALA
Azadi ka Amrit Mahotsav
No. Traffic/5105/AdditionalTE/2026/ Date: 08-06-2026
ENGAGEMENT OF TRAFFIC EXECUTIVES (TRAFFIC) ON CONTRACTUAL BASIS
Deendayal Port Authority, a leading Major Port under the administrative control of Ministry of Shipping, Port & Waterways, intends to engage 16 Nos. of Traffic Executives (Traffic) on contractual basis.
For details of eligibility, qualification, experience, age, remuneration, terms & conditions of contract, etc., please visit the Recruitment Section of DPT website at www.deendayalport.gov.in
Traffic Manager
Deendayal Port Authority.

दीनदयाल पत्तन प्राधिकरण
(आईएसओ 9001:2008 एवं आईएसओ 14001:2004 प्रमाणित पोर्ट)
DEENDAYAL PORT AUTHORITY
(AN ISO 9001:2008 & ISO 14001:2004 CERTIFIED PORT)
India's No.1 Major Port
यातायात प्रबंधक का कार्यालय, दीनदयाल पत्तन प्राधिकरण, श्रमदीप बिल्डिंग, नया कंडला, कच्छ (370210)
No. Traffic/5105/AdditionalTE/2026/ Date: 08-06-2026
ENGAGEMENT OF TRAFFIC EXECUTIVES (TRAFFIC) ON CONTRACTUAL BASIS
संविदा आधार पर यातायात कार्यपालकों (यातायात) की नियुक्ति
Deendayal Port Authority, a leading Major Port under the administrative control of Ministry of Shipping, Port & Waterways, intends to engage 16 Nos. of Traffic Executives (Traffic) on contractual basis.
पत्तन, पोत परिवहन एवं जलमार्ग मंत्रालय के प्रशासनिक नियंत्रणाधीन एक महापत्तन, दीनदयाल पत्तन प्राधिकरण, संविदा आधार पर 16 (सोलह) यातायात कार्यपालकों (यातायात) की नियुक्ति हेतु आवेदन आमंत्रित करता है।
For details of eligibility, qualification, experience, age, remuneration, terms & conditions of contract, etc., please visit the Recruitment Section of DPT website at www.deendayalport.gov.in
पात्रता, शैक्षणिक योग्यता, अनुभव, आयु, पारिश्रमिक, संविदा की शर्तें एवं अन्य विवरणों के लिए, कृपया दीनदयाल पत्तन प्राधिकरण की वेबसाइट www.deendayalport.gov.in के भर्ती अनुभाग का अवलोकन करें।
Traffic Manager
Deendayal Port Authority.

# ગાંધીધામમાં સ્ટ્રીટ ફેસ્ટિવલ અને વોકાથોનનું કરાયું આયોજન

## ગાંધીધામ અગ્રવાલ સમાજ દ્વારા આયોજિત કાર્યક્રમમાં ૪૦૦થી વધુ નાગરિકો જોડાયા : ચાર કેટેગરીમાં યોજાયેલી વોકાથોન, યોગા અને રમત-ગમતના વિજેતાઓને ઇનામો આપી પ્રોત્સાહિત કરાયા










ગાંધીધામ - કચ્છઉદય : ગાંધીધામ ખાતે અગ્રવાલ સમાજ, અગ્રવાલ યુવા સંઘ અને અગ્રવાલ મહિલા સંગઠનના સંયુક્ત ઉપક્રમે આનંદ, ફિટનેસ અને ઉત્સવના અનોખા સંગમ સમાન 'સ્ટ્રીટ ફેસ્ટિવલ ૩.૦ અને વોકાથોન'નું ભવ્ય આયોજન રવિવારના રોજ ખૂબ જ ઉત્સાહપૂર્ણ માહોલમાં સંપન્ન થયું હતું. શહેરના જાણીતા રોટરી ફોરેસ્ટ ખાતે વહેલી સવારે ૫:૩૦ વાગ્યાથી શરૂ થયેલા આ અનોખા મહોત્સવમાં અબાલ-વૃદ્ધ સૌ કોઈ હોંશે-હોંશે જોડાયા હતા. આજના આ વિશેષ કાર્યક્રમની સત્તાવાર શરૂઆત આમંત્રિત મહાનુભાવો ગાંધીધામના મેયર દિવ્યા નાથાણી, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન તેજસ શેઠ, સુરેશ દુવા, મીનુ ગોયલ, સમીર ગર્ગ, સંજય ગર્ગ, દેવેન્દ્ર ગોયલ અને કિરણ ગોયલ દ્વારા પરંપરાગત રીતે દીપ પ્રાગટ્ય કરીને તેમજ વોકાથોનને લીલી ઝંડી એટલે કે ફ્લેગ ઓફ આપીને કરવામાં આવી હતી.

આ સમગ્ર આયોજનમાં અંદાજે ૪૦૦ જેટલા ઉત્સાહી લોકોએ હાજર રહીને વિવિધ પ્રવૃત્તિઓનો ભરપૂર લાભ લીધો હતો. સ્વેચ્છાએ જોડાયેલા મોટાભાગના નાગરિકો નિયત કરાયેલા બ્લેક ટી-શર્ટ અને ટ્રેકના ડ્રેસ કોડમાં સજ્જ થઈને આવ્યા હોવાથી રોટરી ફોરેસ્ટનો નજારો આકર્ષક બની રહ્યો હતો. કાર્યક્રમના મુખ્ય આકર્ષણ સમાન વોકાથોન સ્પર્ધા કુલ ચાર અલગ-અલગ કેટેગરીમાં યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને પ્રથમ અને દ્વિતીય ક્રમ મેળવનારા તમામ વિજેતાઓને મંચ પરથી રોમાંચક ઈનામો આપીને નવાજવામાં આવ્યા હતા. આ ઉપરાંત, ત્યાં આયોજિત મનોરંજક રમતો, કરાટે અને યોગા સ્પર્ધામાં શ્રેષ્ઠ દેખાવ કરનારા વિજેતાઓને પણ ખાસ ઈનામો આપી પ્રોત્સાહિત કરાયા હતા. વોકાથોનની સાથે સાથે કાર્યક્રમ સ્થળે રાખવામાં આવેલા મનોરંજક રમતોના સ્ટોલ્સ અને સ્વાદિષ્ટ વાનગીઓથી સભર ફૂડ સ્ટોલ્સ પણ લોકો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. આ ભવ્ય આયોજનના મુખ્ય પ્રાયોજક તરીકે એસઆરજીપ્લાય એન્ડ બોર્ડ્સ તેમજ સહ-પ્રાયોજક તરીકે રુદ્રાક્ષ ગ્રુપ, શાહ ગ્રુપ અને સાંવરિયા ગ્રુપે મહત્વનું યોગદાન આપ્યું હતું. પ્રોજેક્ટ કન્વીનર્સ આનંદ અગ્રવાલ, સંદીપ ગોયલ, પ્રીતિ ગોયલ અને ભાવુક્તા ગર્ગ તેમજ અગ્રવાલ સમાજના પ્રમુખ સમીર ગર્ગ, યુવા પ્રમુખ દેવેન્દ્ર ગોયલ અને મહિલા પ્રમુખ કિરણ ગોયલના નેતૃત્વમાં સમગ્ર ટીમે આ મહોત્સવને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી. સંસ્થાના 'સાથે ચાલો, ફિટ રહો અને સાથે મળીને ઉત્સવ ઉજવો'ના સંદેશને સાર્થક કરતા આ મહોત્સવે ગાંધીધામના નાગરિકોમાં ફિટનેસ પ્રત્યે એક નવો જ ઉત્સાહ જગાડ્યો હતો તેવું મીડિયા પ્રભારી અશોકભાઈ મિત્તલની યાદીમાં જણાવાયું હતું.

## સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | 2 | | 4 | | | 6 |
| 4 | | | | | 7 | 8 | 3 | |
| | 3 | | | | | | | |
| | | 4 | 9 | | | | 2 | 8 |
| | 1 | 6 | 7 | | 2 | 9 | 4 | |
| 2 | 5 | | | | 3 | 1 | | |
| | | | | | | | 9 | |
| | 2 | 1 | 4 | | | | | 5 |
| 9 | | | 5 | | 6 | | | |

**અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.**

**(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.**

**(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.**

**(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો**

**(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.**

**ગઈકાલનો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | 7 | 2 | 4 | 5 | 3 | 8 | 9 | 1 |
| 4 | 1 | 5 | 8 | 7 | 9 | 3 | 6 | 2 |
| 8 | 9 | 3 | 2 | 6 | 1 | 5 | 4 | 7 |
| 7 | 6 | 4 | 3 | 1 | 5 | 9 | 2 | 8 |
| 1 | 3 | 9 | 7 | 2 | 8 | 4 | 5 | 6 |
| 5 | 2 | 8 | 6 | 9 | 4 | 7 | 1 | 3 |
| 2 | 4 | 7 | 5 | 8 | 6 | 1 | 3 | 9 |
| 9 | 5 | 6 | 1 | 3 | 7 | 2 | 8 | 4 |
| 3 | 8 | 1 | 9 | 4 | 2 | 6 | 7 | 5 |

# અવસાન નોંધ

**ગળપાદર (ગાંધીધામ) :** મૂળ ચંદિયાના ધીરજલાલ વેલજીભાઈ ચાવડા તે સ્વ. વેલજીભાઈ રત્નાભાઈ ચાવડા અને સ્વ. પ્રેમુબેનના પુત્ર, ભારતીબેનના પતિ, શિવલાલભાઈ, સ્વ. બલરામભાઈ, સ્વ. લીલાધરભાઈ, ગં.સ્વ. દમયંતીબેનના ભાઈ, મધુબેન, ગં.સ્વ. કરુણાબેનના દિયર, ગં.સ્વ. પારૂલબેનના જેઠ, સ્વ. વીરજીભાઈ ચૌહાણના સાળા, કેતન અને જીનલના પિતા, રિદ્ધિબેન અને અંકિતભાઈ ટાંકના સસરા, સાર્થકના નાના, પ્રકાશ, મનોજ, નિખિલ, ડિમ્પલ, ગુંજન, નયના, મીના, બંસરી, માધવીના કાકા, પ્રિન્સ, અશ્વિનના મોટાબાપા, ગં.સ્વ. ત્રિવેણીબેન પરસોત્તમભાઈ ટાંકના જમાઈ, પંકજભાઈ ટાંક, અજયભાઈ ટાંક, વિપુલભાઈ ટાંક, સ્વ. મનીષાબેનના બનેવી, રમણીકભાઈ પોપટભાઈ ટાંક અને હરિભાઈ મંડાણભાઈ રાઠોડના વેવાઈ તા. ૫-૬ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૮-૬ના સોમવારે સાંજે ૫:૩૦થી ૬:૩૦ ક.ગુ.ક્ષ. નૂતન સમાજ, ગળપાદર ખાતે.

**ગાંધીધામ :** ગં.સ્વ. પ્રભાબેન છત્રે (ઉ.વ. ૮૧) તે સ્વ. અમૃતલાલ વેલજીભાઈના પત્ની, સ્વ. માધવજી માવજી ભાનુના પુત્રી, સ્વ. મહેન્દ્રભાઈ, મુકેશભાઈ, વિનોદભાઈ, કિરીટભાઈ, કુંદનબેન પ્રફુલકુમાર રાસ્તેના માતા, ભારતીબેન, હર્ષિદાબેન, પ્રજ્ઞાબેન, જયનાબેનના સાસુ, સ્વ. હાર્દિક, ગૌતમ, જય, અનુજ, પ્રીત, કિંજલના દાદી, વૈશાલી, માનસી, હેમાંગના નાની, મીતા હાર્દિક છત્રેના દાદીસાસુ, પરિક્ષિતના પરદાદી તા. ૬-૬ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૮-૬ા સોમવારે સાંજે ૫થી ૬ વિશ્વનાથ મહાદેવ મંદિર (ગણેશધામ), રાજહંસ સિનેમાની બાજુમાં, ગુરૂકુળ, ગાંધીધામ ખાતે.

**અંજાર :** જિતેન્દ્ર લાલજી શાહ (વાયડા) (ઉ.વ. ૭૫) તે સ્વ. લીલાવંતીબેન લાલજીભાઈ શાહ (મુંબઈ)ના પુત્ર, સ્વ. જયાવંતીબેન જેઠાલાલ (માંડવી)ના જમાઈ, જયશ્રીબેનના પતિ, પ્રતીકના પિતા, સ્વ. માલતીબેન, સ્વ. ચારૂલતાબેનના ભાઈ, સ્વ. મહેન્દ્રભાઈ, વિરેનભાઈ (જામનગર), સ્વ. હરીશભાઈ, લીલાવંતીબેન, સ્વ. તરલાબેન (મુંબઈ), કેતકીબેન (માંડવી)ના બનેવી, ભાવિન (અમદાવાદ), અમિત (પાટણ), કલ્પેશના મામા, સચિન, પ્રીતિના ફુવા તા. ૭-૬ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૮-૬ના સોમવારે સાંજે ૫થી ૬ ગાયત્રી શક્તિપીઠ, ગાયત્રી સોસાયટી, નવા અંજાર ખાતે.

**અંજાર :** ઔદિચ્ય ઝા.સ. બેનકુંવરબેન પંડ્યા (ઉ.વ. ૮૪) તે સ્વ. કાંતિલાલ પ્રેમજી પંડ્યા (ગામોટ)ના પત્ની, ક્રિષ્નાબેન કાંતિલાલ પંડ્યા (વોંધ), સગુણાબેન નરેન્દ્રભાઈ વેદાંત (નાની ખાખર)ના માતા, સ્વ. જેંતીલાલભાઈ (સિકંદરાબાદ), સ્વ. ચંપકલાલભાઈ (માધાપર), સ્વ. સુશીલાબેનના ભાભી, સ્વ. કલ્યાણજી નરભેરામ વ્યાસ (દેવડિયા)ના પુત્રી, સ્વ. રેવાશંકર, સ્વ. હરિશંકર, સ્વ. જેન્તીલાલ, સ્વ. મોહનલાલ, સ્વ. મુક્તાબેન, સ્વ. જયાબેન, સ્વ. રુક્ષ્મણિબેનના બહેન, સ્વ. ગિરીશભાઈ, સ્વ. યોગેશભાઈ, સ્વ. શૈલેષભાઈ, કનકબેન ભગવાનલાલ જોશી, રમાબેન, સુવર્ણલતાબેન, હેમલતાબેન, ભારતીબેન, રાજકુમાર, કિશોર, લક્ષ્મીબેનના કાકી, ભાવેશ, નિખિલ, જેનીશ, ફોરમના નાની તા. ૬-૬ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૮-૬ના સોમવારે સાંજે ૫:૩૦થી ૬:૩૦ ઔદિચ્ય બ્રહ્મસમાજની વાડી, ટીમ્બીકોઠા, લાયબ્રેરી ચોક, અંજાર ખાતે.

**ભુજ :** ધનલક્ષ્મીબેન ગજાનંદ જાદવ (ઉ.વ. ૫૫) તે સ્વ. રોહિણીબેન ચંદ્રકાન્ત જાદવના પુત્રવધૂ, ગજાનંદ (ઇન્દ્રાબાઈ સ્કૂલ - ભુજ)ના પત્ની, કોમલ પરેશ પટેલ, જાગૃતિ હિરેનકુમાર સોનાવડે, હર્ષ જાદવ (હ્યુન્ડાઈ શો રૂમ - ભુજ)ના માતા, પરેશ પટેલ, હિરેનકુમારના સાસુ તા. ૨-૬ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૮-૬ના સાંજે ૪થી ૫ બિલેશ્વર મહાદેવ મંદિર, ભુજ ખાતે.

**ભુજ :** મૂળ મંજલ (તા. નખત્રાણા)ના બાયડ રાઘવજી માનસંગ (ઉ.વ. ૭૭) (પીડબલ્યુડી રિટાયર્ડ કર્મચારી) તે હરબાઈ રાઘવજીના પતિ, સ્વ. જમનાબેન દાનસંગ, આમરભાઈ રાઠોડ, પાર્વતીબેન હીરજીના જમાઈ, મોહન, પ્રતાપભાઈના પિતા, બીનાબેન, કલ્પનાબેનના સસરા, એન્જલ, ભરત, શિવમના દાદા, જાગૃતિબેનના દાદા સસરા, પરિક્ષિતના પરદાદા, અમેસંગ, કલ્યાણભાઈ, ગજેન્દ્ર, ભાણજીભાઈ, જેઠાલાલ અને પ્રવીણના કાકાઈ ભાઈ તા. ૬-૬ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા સોમવારે ૫થી ૬ ભુજ દશનામ ગોસ્વામી સમાજવાડી ખાતે.

**માનકૂવા (તા. ભુજ) :** અમૃતબેન મનજી વેલાણી (ઉ.વ. ૭૨) તે મનજી દેવજી વેલાણીના પત્ની, ચંદુલાલ વેલાણી, અરવિંદભાઈ વેલાણી, કસ્તૂરબેન બાબુલાલ મેઘાણી, હેમલતાબેન કીર્તિ ગોરાણીના માતા, સાવિત્રીબેન ચંદુલાલ, વિમળાબેન અરવિંદભાઈના સાસુ, કિશન, નિશાબેન, કિશન, જીત, વૃષ્ટિ, શ્રુતિના દાદી, રામજીભાઈ, કાનજીભાઈ, પ્રેમજીભાઈ, જેન્તીલાલ, પરસોત્તમભાઈના ભાભી તા. ૬-૬ના અવસાન પામ્યા છે. બેસણું તા. ૯-૬ના મંગળવારે સવારે ૮:૩૦થી ૧૧ (એક દિવસ) સતપંથ સનાતન સમાજવાડી, જૂનાવાસ, માનકૂવા ખાતે.

**માધાપર (તા. ભુજ) :** અશોક નાનાલાલ પરમાર (ઉ.વ. ૬૫) (નિવૃત્ત કચ્છમિત્ર) તે સ્વ. નાનાલાલ તથા ગં. સ્વ. જયાબેન પરમાર (નિવૃત્ત રેલવે)ના પુત્ર, ગૌરવ, સ્વ. તેજસ, કાજલ અશોક ચૌહાણ, દીપાલી સંજય ચૌહાણના પિતા, મીનાબેનના પતિ, જ્યોત્સનાબેન ડુડિયા, સ્વ. દીપક પરમારના ભાઈ, બંસરીબેનના જેઠ, સીમા, અશોક ચૌહાણ, સંજય ચૌહાણના સસરા, રક્ષાના મોટા સસરા, રાઘવ, રિદ્ધિ, પ્રાચીના દાદા, સ્વ. ભગવાનજીભાઈ ચૌહાણ (જામનગર)ના જમાઈ, રાજેશભાઈના બનેવી, ક્રિષ્ના, હેતરાજ, શ્લોક, માનસી, મનસ્વીના નાના, ધર્મેશ દીપક પરમાર, આરતી મનોજ ડાભી, પૂજા સંદીપ સોલંકી, ખુશ્બૂ હિરેન ઝાલાના મોટાબાપુ, વંદનાબેન રાજેશ રાઠોડ, ભદ્રેશ ડુડિયા, નિશા સુભાષ ગર્ગના મામા તા. ૬-૬ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૮-૬ના સોમવારે સાંજે ૫થી ૬ ઔદિચ્ય બ્રહ્મસમાજ નારાયણ વાડી યક્ષ મંદિર રોડ, કચ્છમિત્ર સર્કલ નજીક માધાપર ખાતે.

**માંડવી :** મ.ક.સ.સુ. દરજી પીયૂષ કિશોરભાઈ (કારિયો દરજી) સોલંકી (ઉ.વ. ૪૫) તે સ્વ. ગીતાબેન કિશોરભાઈ દરજીના પુત્ર, સ્વ. કિરીટભાઈ (ધોરિયો), ગં.સ્વ. ભારતીબેન, હેમલતાબેન ચંદ્રકાન્તભાઈ (બબાભાઈ દૂધવાળા)ના ભત્રીજા, સ્વ. હિરેનના મોટા ભાઈ, દિલેન, હિતેનના મોટાબાપાના પુત્ર, ભાવિની, પાયલના કાકાઈ જેઠ, નિયતિ, ધ્યાની, શિવન્યા, હસ્તીના મોટાબાપા, સ્વ. જગદીશભાઈ (ભાંડુપ), સુનીલભાઈ (ભાંડુપ)ના કાકાઈ ભત્રીજા, સ્વ. કસ્તૂરબેન દામજી મોઢ (કેરા)ના દોહિત્ર, રાજેશભાઈ (કેરા)ના ભાણેજ તા. ૭-૬ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૮-૬ના સોમવારે સાંજે ૪થી ૫ દરજી સમાજવાડી, નાગનાથ રોડ, માંડવી ખાતે.

**બાયઠ (તા. માંડવી) :** ગં.સ્વ. કાન્તાબેન સુરૈયા (ઉ.વ.૯૪) તે સ્વ. કેશવજી હંસરાજ સુરૈયાના પત્ની, સ્વ. દેવજી જેઠાભાઈ સંપટના પુત્રી, ગં.સ્વ. ઉર્મિલાબેન, દિનાબેન, સુશીલાબેન, જયસિંહ, ભૂપેન્દ્ર, વિજય, પ્રવીણ, કાજલના માતા, સ્વ. રમેશભાઈ (લઠેડી), કાંતિભાઈ (દેવીસર), સુનિલભાઈ (અંજાર), નિલેક્ષભાઈ (માંડવી), મમતા, અમિતા, કિલ્પા, દક્ષાના સાસુ, સ્વ. પ્રેમજી, સ્વ. અરુણાબેન ગોકલદાસ, અ.સૌ. ગોદાવરીબેન વિશનજી, સ્વ. વિરમતી (બેબીબેન)ના ભાભી, સ્વ. ખેતશીભાઈ (મુંબઈ), સ્વ. તારામતીના બેન, શિવાની મુકુલ, દિપકા, અભય, સિદ્ધિ, પ્રિયલ, ભાવિકા, અશ્વિની, હેત, વિધિ, પવનના દાદી તા. ૫-૬ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૮-૬ના સોમવારે સાંજે ૪:૩૦થી ૫:૩૦ કલાકે વિષ્ણુ સમાજવાડી બાયઠ ખાતે.

**નાની બેર (તા. અબડાસા) :** ચવાણ આશીબાઈ મામદસિધિક (ઉ.વ. ૭૨) તે ઈશા, અભુભખર, હુશેન, મોલાના અબ્દુલાના માતા, ગફુર, જુસબ, ગુલામ, સફીમામદના મોટીમા, ચવાણ હાજી કાસમના બહેન, ચવાણ હાજી સલીમ (સદસ્ય અબડાસા તાલુકા પંચાયત)ના ફઈ, રજાક, અલ્તાફ, નિઝામના દાદી તા. ૭-૬ના અવસાન પામ્યા છે. જિયારત તા. ૯-૬ના મંગળવારે સવારના ૧૧થી ૧૨ જામા મસ્જિદ કમ્પાઉન્ડ હોલ, નાની બેર ખાતે.

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
**કચ્છ ઉદય**

**કચ્છ જિલ્લામાં સર્વે ગ્રાહકો મિત્રોને જણાવવાનું કે કચ્છ ઉદય સાંધ્ય દૈનિકમાં મરણનોંધ બપોરે ૧૨.૦૦ વાગ્યા સુધી સ્વીકારવામાં આવશે.**

**અવસાન નોંધ માટે મરણનો દાખલો, આધાર પુરાવો, ગામ પંચાયતનો લેટર, તથા કાઉન્સીલરનો લેટર હશે તો અવસાન નોંધ સ્વીકારવામાં આવશે.**

**સંપર્ક : પ્લોટ નં.૨૮૭, સેક્ટર-૧/એ, ગાંધીધામ**

# મુંબઈની અવસાન નોંધ

કચ્છી વિશા ઓશવાળ જૈન ફરાદીના શાંતીલાલ ભાણજી ગાલા (ઉ.વ. ૮૯) તા. ૬-૬ના અવસાન પામેલ છે. કુંવરબાઈ ભાણજીના પુત્ર. મંજુલાબેનના પતિ. પ્રકાશ, ભાવેશ, ચેતનાના પિતા. કેશવજી, લક્ષ્મીચંદ, જયંતીલાલ, દેવકાબેન, ધનવંતીબેનના ભાઈ. નાની તુંબડીના રતનબેન કાનજી છેડાના જમાઈ. પ્રા. વિકાસ સેન્ટર, છટ્ઠે માળે, એન.એસ. રોડ, મુલુંડ (વે). ટા. ૩:૩૦થી ૫.

# ગાંધીધામની કંપનીમાં કામદારનું શંકાસ્પદ મોત

## પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી તપાસ શરૂ કરી

ગાંધીધામ : ગાંધીધામ તાલુકાના સીતારામ એન્ડ કંપની મીઠીરોહર વિસ્તારમાં કામ કરતા એક કામદારનું શંકાસ્પદ સંજોગોમાં મોત થતા પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, વિરાભાઈ બીજલાભાઈ આહિર નામના વ્યક્તિને બેભાન હાલતમાં સારવાર માટે આદિપુર સ્થિત ડૉ. કીર્તન શાહ રામબાગ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. હોસ્પિટલમાંથી પોલીસને જાણ કરવામાં આવતા ગાંધીધામ બી-ડિવિઝન પોલીસ તાત્કાલિક દોડી ગઈ હતી.

પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક સીતારામ એન્ડ કંપનીમાં કામ કરતો હતો. ફરજ દરમિયાન કંપનીના હેડલોડમાં બાંધેલી ગાંઠે ફાંસો ખાઈ જતા તે ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. ત્યારબાદ તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.

ઘટનાની જાણ થતાં ગાંધીધામ બી-ડિવિઝન પોલીસે મ્હજીજી કલમ ૧૯૪ મુજબ અક્સ્માતે મોતનો ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી વધુ તપાસ શરૂ કરવામાં આવી છે. આ કેસની તપાસ પીએસઆઈ સી. ડી. વાઘેલા દ્વારા કરવામાં આવી રહી છે.

# જીકાસ પ્રથમ રાઉન્ડ : કચ્છ યુનિવર્સિટીમાં માત્ર ૨૬૧૮ વિદ્યાર્થીઓએ પ્રવેશ કન્ફર્મ કરાવ્યો

## પહેલા રાઉન્ડ બાદ હવે નવી ચોઇસ આપવા કે જૂની ચોઇસ બદલવાની પ્રક્રિયા શરૂ થતાં કચ્છી વિદ્યાર્થીઓ અને વાલીઓ મુંઝવણમાં મુકાયા

ભુજ - કચ્છઉદય : ગુજરાત કોમન એડમિશન પોર્ટલ એટલે કે જીકાસ દ્વારા ચાલતી સમગ્ર રાજ્યની સરકારી અને ખાનગી યુનિવર્સિટીઓની પ્રવેશ પ્રક્રિયા અંતર્ગત પહેલા રાઉન્ડની મુદત પૂર્ણ થઈ ચૂકી છે. આ પ્રથમ રાઉન્ડના અંતે બહાર આવેલા આંકડાઓ મુજબ, કચ્છની ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટીમાં માત્ર ૨૬૧૮ વિદ્યાર્થીઓએ જ પોતાનો પ્રવેશ કન્ફર્મ કરાવ્યો છે. આ આંકડો દર્શાવે છે કે કચ્છના અનેક વિદ્યાર્થીઓને કાં તો તેમની મનપસંદ કોલેજ કે શાખા મળી નથી અથવા તો ફાળવણી થયા પછી પણ તેમણે પ્રવેશ લેવાનું મુલતવી રાખ્યું છે. આજથી પોર્ટલ પર બીજા રાઉન્ડ માટે નવી ચોઇસ ફિલિંગ કરવા તથા જૂની ચોઇસ એડિટ કરવાની પ્રક્રિયાનો પ્રારંભ કરી દેવામાં આવ્યો છે, પરંતુ આગળ શું કરવું તેની યોગ્ય માહિતી ન હોવાના કારણે અત્યારે કચ્છી વાલીઓ અને વિદ્યાર્થીઓમાં ભારે અસમંજસ અને મુંઝવણભરી સ્થિતિ જોવા મળી રહી છે.

સમગ્ર રાજ્યની સાથે કચ્છ જિલ્લામાં પણ આ વર્ષે જીકાસ પોર્ટલના માધ્યમથી જ કોલેજોમાં એડમિશનની પ્રક્રિયા હાથ ધરાઈ છે. પ્રથમ રાઉન્ડમાં મેરિટના આધારે પ્રવેશ ફાળવીને ગત ૬ જૂન સુધી ફી ભરીને પ્રવેશ પાકો કરવાની સૂચના અપાઈ હતી. જોકે, મુદત પૂરી થતાં જ સામે આવ્યું છે કે કચ્છ યુનિવર્સિટી હસ્તકની કોલેજોમાં ધારણા કરતાં ખૂબ જ ઓછા વિદ્યાર્થીઓએ એડમિશન કન્ફર્મ કર્યું છે. રાજ્યની અન્ય યુનિવર્સિટીઓની સરખામણી કરીએ તો સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં સૌથી વધુ ૧૩૫૪૭ અને ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં ૧૨૧૨૩ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો છે, જ્યારે તેની સામે કચ્છનો આંકડો ઘણો નીચો રહ્યો છે.

હવે જે વિદ્યાર્થીઓને પહેલા રાઉન્ડમાં પ્રવેશ મળ્યો નથી અથવા જેઓ ફાળવાયેલી કોલેજથી સંતુષ્ટ નથી, તેમના માટે આજથી જ પોતાની ચોઇસ બદલવાની તક આપવામાં આવી છે. પરંતુ આ ઓનલાઇન પ્રક્રિયાને લઈને જિલ્લાના અંતરિયાળ વિસ્તારોના વિદ્યાર્થીઓ ભારે મૂંઝવણ અનુભવી રહ્યા છે અને આગળના રાઉન્ડમાં કઈ રીતે ભાગ લેવો તેની પૂછપરછ માટે યુનિવર્સિટી તેમજ સ્થાનિક કોલેજોમાં સતત ફોન કરી રહ્યા છે. ગત વર્ષે પણ આ જ પ્રકારે પ્રક્રિયા લાંબી ચાલતા છેવટે ૩૦થી વધુ રાઉન્ડ કરવા પડ્યા હતા, જેથી આ વર્ષે પણ કચ્છી વાલીઓ પોતાના સંતાનોનું વર્ષ બગડવાના ડરથી જીકાસના ભરોસે બેસી રહેવાને બદલે સીધા જ ખાનગી યુનિવર્સિટીઓ તરફ વળી રહ્યા હોવાનું ચિત્ર ઉપસી રહ્યું છે.

# કચ્છ નોંધ

### ભુજમાં દાંતની તપાસ કરાશે

● અનશનવ્રતધારી, જૈન સમાજરત્ન તારાચંદભાઈ છેડાની પ્રેરણાથી સંસ્થાના પ્રમુખ જીગર તારાચંદભાઈ છેડાના માર્ગદર્શન હેઠળ ક.વી.ઓ. જૈન મહાજન ભુજ સંચાલીત રતનશી ટોકરશી વોરા મેડીકલ ચેકઅપ ભુજ મધ્યે ડૉ. ફાલ્ગુનીબેન મહેતા (દંતરોગના નિષ્ણાંત) સોમવારથી શનિવાર સવારે ૯:૩૦થી ૧૨:૩૦, ડૉ.અંકિતાબેન ગોર (દંતરોગના નિષ્ણાંત) સોમવારથી શનિવાર સાંજે ૪થી ૭ કલાક સુધી દાંતની તમામ પ્રકારની સારવાર રાહતદરે કરી આપવામાં આવશે.

# આપનું અઠવાડીયું કેવું જશે..?

**કનકચંદ્ર સી. વ્યાસ**

મેષ : આ સપ્તાહ દરમિયાન હિમ્મત આવે, દ્રઢતા અને મક્કમતા કેળવવી. સ્વાસ્થય બાબતે કાળજી રાખવી હિતાવહ. માનસિક સ્વાસ્થય જાળવી રાખશો તો પરિસ્થિતિ સાનુકૂળ રહેશે. નાણાંકીય મુંઝવણ અનુભવાય. એક સાંધો ત્યાં તેર તૂટે તેવી પરિસ્થિતિ રહે. ધંધા-વ્યવસાયમાં મિશ્ર સંજોગો રહે. નોકરીયાત વર્ગને લાભ મળે અને ઉન્નતિનો માર્ગ સરળ બને. તક ઝડપી લેવી હિતાવહ. કૌટુંબિક પ્રશ્નોને કારણે મન અશાંત રહે. જીવનસાથી સાથે વિશેષ લગાવ રહે. તેનો સહકાર પ્રાપ્ત થાય.

વૃષભ : આ સપ્તાહ દરમિયાન માનસિક બેચેની, ઉત્પાત, અજંપો વર્તાય. આત્મવિશ્વાસ કેળવવો તેમજ તમારા વિચાર અને સિધ્ધાંતોને વળગી રહેવું. આર્થિક પરિસ્થિતિમાં સુધારો થાય. અગત્યની કામગીરી કે ઉપરી હાથયશ ન મળતા ઉદ્વેગ રહે. જીવનસાથી સાથે કુનેહપૂર્વકનું સહનશીલતા સભર વર્તન રાખવું હિતાવહ. સંતાનોથી સારૂં રહે. ઋતુગત બિમારીથી સાવધ રહેવું. તેમજ ખાવા-પીવામાં કાળજી રાખવી હિતાવહ.

મિથુન : આ સમય દરમિયાન તમારી સમસ્યાનો ઉકેલ મળતા રાહતનો અનુભવ થાય. નાણાંકીય સ્થિતિ મુશ્કેલીભરી રહે. એકબાજુ ખર્ચ વધે જ્યારે બીજી બાજુ આવક યથાવત રહે તેથી નાણાંભીડ અનુભવાય. નોકરીક્ષેત્રે પણ દેખીતા લાભ મેળવી શકાય નહીં. વિરોધીઓના કારણે વિઘ્ન આવે. વેપાર-ધંધા ક્ષેત્રે સંઘર્ષમય સ્થિતિ રહે. દાંપત્ય જીવનમાં સાનુકૂળ અને લાગણીસભર વાતાવરણ રહે. આરોગ્ય એકંદરે સારૂં રહે.

કર્ક : આ સપ્તાહ દરમિયાન આકારણ ચિંતાને કારણે અકળામણ અને અશાંતિ વધે, મનને શાંત રાખવું હિતાવહ. વાણી સંયમ જાળવવો. નાણાંકીય જવાબદારીઓ વધે, આવક કરતા ખર્ચ વધી જાય. આ સમય દરમિયાન નાણાંનું રોકાણ કરવું નહીં કે મોટા સાહસિક કાર્યમાં ન પડવું. નોકરીયાત માટે આ સમય સારો ગણાવી શકાય. પ્રગત્તિ અને ઉન્નતિની તક મળે. વડીલો અને સ્નેહિજનોની તબિયત અંગે ચિંતા રહે, જીવનસાથીનો સહકાર મળે.

સિંહ : આ સપ્તાહ દરમિયાન અંગત મુશ્કેલીઓને કારણે વ્યથા અને બેચેની અનુભવાય. મનને પ્રવૃત્તિમાં વ્યસ્ત રાખવું જેથી રાહત અનુભવાય. નાણાંકીય પરિસ્થિતિ મધ્યમ રહે. ખર્ચ અને ચૂકવણીના કારણે આવક વપરાઈ જાય. નોકરીયાત વર્ગ માટે આ સમય પ્રતિકૂળતાસભર છે. વિરોધીઓથી સાવધ રહેવું. ઉતાવળીયા નિર્ણયો ન લેવા હિતાવહ, ઉપરી અધિકારીથી ચકમક ઝરે, મિલ્કતો અંગેના પ્રશ્નો યથાવત રહે, ગૃહજીવનમાં મતભેદ હોય તો તે દૂર થાય, આરોગ્ય એકંદરે સારૂં છતાં પણ બેચેની રહે.

કન્યા : આ સપ્તાહ દરમિયાન તમે સર્જનાત્મક કાર્યો કરી શકો. તેમાં સફળતા મળે જેથી મનમાં આનંદ ઉત્સાહનું વાતાવરણ રહે. નાણાંકીય મુંઝવણ અનુભવાય છતાં કોઇ કાર્ય અટકે નહીં. ધંધા-વ્યવસાય ક્ષેત્રે ધીમીગતિએ પ્રગતિ થાય, વિરોધીઓના હાથ હેઠા પડે, નોકરીયાત વર્ગ માટે આ સમય સફળતા-યશ-માન અપાવનાર રહે. ગૃહસ્થી જીવનમાં સંવાદિતતા ભર્યું વાતાવરણ રહે. સંતાનો પ્રત્યે વધુ ધ્યાન આપવું જરૂરી બને.

તુલા : આ સપ્તાહ દરમિયાન ટેન્શન અને તાણમાંથી મૂક્તિ મળે, નવિન તકો મળે તે વધાવી લેજો. યશ-માન-પ્રતિષ્ઠામાં વધારો થાય. આર્થિક પરિસ્થિતિ થોડીક ગૂંચવાય, ફરજ અને ખર્ચાઓ વધે છતાં તમારું કાર્ય અટકે નહીં. નોકરી-ધંધાક્ષેત્રે આ સમય સાનુકૂળતાસભર છે. નોકરીયાત વર્ગને મુશ્કેલી હોય તો તેમાંથી માર્ગ મળે. ધંધા-વ્યવસાયવાળાના ભાગીદારીના પ્રશ્નો હલ થાય. હિતશત્રુઓથી સાવધ રહેવું. સ્વજનો સાથે મતભેદ રહે. કુનેહપૂર્વકનું વર્તન રાખવું હિતાવહ.

વૃશ્ચિક : આ સપ્તાહ દરમિયાન તમે માનસિક રીતે સ્વસ્થ રહો, આત્મવિશ્વાસમાં વધારો થાય. ધંધા-વ્યવસાયમાં નવી તકો મળે જેનું ભવિષ્ય માટેનું આયોજન થાય. નોકરીયાત માટે સારૂં રહે. અંગત પ્રશ્નો ઉકેલાય. બઢતી મળે, ભાગીદારીથી ચેતતા રહેવું. હિતશત્રુઓને કારણે વિઘ્ન આવે. કૌટુંબિક રીતે જોતા ભાઈ-ભાંડુથી વિવાદ સર્જાય. બાળકોથી સુખ મળે. જીવનસાથીનો સહકાર સંપાદન કરી શકાય. તબિયત જાળવવી હિતાવહ.

ધન : આ સપ્તાહ દરમિયાન ખોટી ચિંતાઓ વધે, અવિશ્વાસ, શંકા, ભયથી દૂર રહેવું નહિં તો ગૃહજીવનમાં અસંતોષ રહે. નાણાંકીય તકલીફ દૂર થાય. અન્યોની મદદ દ્વારા ધંધાદારી કાર્યો પાર પડે. ખર્ચ વધે. નોકરીયાત વર્ગ માટે સમય સાનુકૂળ છે. ઉપરી અધિકારીવર્ગનો વિશ્વાસ સંપાદન કરી શકશો. કોર્ટ-કચેરીના પ્રશ્નો ઉકેલાય. વડીલો અને ભાઈ-ભાંડુની મદદ મળે, જીવનસાથી સાથે સમજદારી ભર્યું વર્તન રાખવું નહિં તો અશાંતિ સર્જાય. આરોગ્ય એકંદરે સારૂં રહે.

મકર : આ સપ્તાહ દરમિયાન લાંબા સમયથી અનુભવાતી બેચેની, અશાંતિ દૂર થાય. આર્થિકક્ષેત્રે સમય સાનુકૂળતાસભર છે. વધારાની આવક ઊભી કરી શકાય. ધંધા-વ્યવસાય ક્ષેત્રે શુભ સમય, નોકરીયાત વર્ગના બઢતી-બદલી અંગેના પ્રશ્નો હલ થાય. દાંપત્યજીવનમાં શાંતિ અને આનંદનું વાતાવરણ રહે. આરોગ્ય એકંદરે સારૂં રહે. અલબત્ત ઋતુગત બિમારીઓથી સંભાળવું હિતાવહ.

કુંભ : આ સપ્તાહ પ્રગતિકારક રહે. માનસિક સ્વાસ્થય જાળવી શકાય. વિપરીત સંજોગોમાંથી માર્ગ મળે. ધંધાકીય સ્થિતિ યથાવત રહે. આવક વધે નહિં પરંતુ ખર્ચામાં થોડો વધારો થતા નાણાંકીય મુંઝવણ રહે. વિરોધીઓથી ચેતતા રહેવું. નોકરીયાત વર્ગ માટે શુભ સમય. સમાધાનકારી વલણ અપનાવું. દાંપત્યજીવનમાં સર્જાયેલા મતભેદો દૂર થાય. સહકારભર્યું વાતાવરણ રહે. આરોગ્ય સારૂં રહે.

મીન : આ સપ્તાહ દરમિયાન નિરાશાના વાદળો દૂર થતા જણાય. બોધરેશન હળવું થાય. મનમાં રાહત અનુભવાય. ધંધાકીય ક્ષેત્રે જરૂરી આવક મળી રહે પરંતુ પુરૂષાર્થ કરવું પડે. મહત્વના નિર્ણયો લઈ શકાય. નોકરીયાત માટે મિશ્ર સમય, વાણી સંયમ રાખવો અથવા ન બોલવામાં નવ ગુણ જેવી પરિસ્થિતિ રહે. ગૃહસ્થીજીવનમાં મતભેદ ન સર્જાય તે જોવું. આરોગ્ય જાળવવું હિતાવહ. ખાવા-પીવામાં કાળજી, નિયમિતતા રાખવી જરૂરી.

# રત્નકણિકા

**દુઃખની રાત પૂરી થયા પછી સુખનો સૂરજ ઉગે જ છે.**

**- વાલ્મીકીજી**

# પંચાગ

**કનકચંદ્ર સી. વ્યાસ**

વિક્રમ સં. ૨૦૮૨, શા. શાકે. ૧૯૪૮, પા. દએ-૧૩૯૫, મુ. જિલ્હેજ-૧૪૪૮, જૈન વીર સં.-૨૫૫૨, કચ્છી સં. ૨૦૮૨, અધિક જયેષ્ઠ વદ-૮ કાલાષ્ટમી, પંચક તા.૮ જૂન ૨૦૨૬, સોમવાર, પારસી તા.૨૮, મુસ્લિમ તા.૨૨, શત્તતારકા નક્ષત્ર, વિષ્કુંભ યોગ, બાલવ કરણ, સૂ.ઉ.૬:૦૫, સૂ.અ.૭:૩૫આજનો દિવસ શુભ છે.આજે જન્મેલા બાળકની રાશી કુંભ (ગ શ સ ષ), રાત્રે ૩:૩૭ ક. પછી જન્મેલા બાળકની રાશી મીન (દ ચ ઝ થ) છે.

હમેશાં વાસણ ઢાંકીને રસોઈ બનાવો : તો પણ ૨૦ ટકા જેટલા ગેસની થશે બચત

# ભુજમાં લોહાણા સમાજવાડી ખાતે રાહતદરે નોટબુક વિતરણ શરૂ



**બાપાદયાળુ ચેરિટેબલ ટ્રસ્ટ અને ભુજ લોહાણા યુવા મંડળ દ્વારા ૧૪ મા વર્ષે આયોજન**

ભુજ : રસીક ક્તીરા પાર્ટીપ્લોટ ભુજ મધ્યે ભુજ લોહાણા મહાજનના સાંનિધ્યમાં બાપાદયાળુ ચેરીટેબલ ટ્રસ્ટ - નખત્રાણા અને ભુજ લોહાણા યુવા મંડળના સંયુક્ત ઉપક્રમે દરેક જ્ઞાતીના વિદ્યાર્થીઓ માટે રાહતદરે નામાંકિત કંપનીની નોટ બુક વિતરણ કાર્યક્રમનું વિમોચન ભુજ લોહાણા મહાજનના પદાધીકારીઓ, ટ્રસ્ટના ટ્રસ્ટીઓ અને સમાજના આગેવાનોના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ભુજલોહાણા મહાજનના પમુખ ડો.મુકેશ ચંદે, ટ્રસ્ટના ટ્રસ્ટી જયેશભાઈ સચદે, લોહાણા મહાજનના ઉપપ્રમુખ હરેશભાઈ ક્તીરા, મંત્રી કમલ કારીયા, ખજાનચી હિતેષભાઈ ઠક્કર, અખીલ કચ્છ લોહાણા મહાજનના મહામંત્રી નિતીનભાઈ ઠક્કર, તુષારભાઈ આઈયા, ભુજ શહેર ભાજપ પ્રમુખ મીતભાઈ ઠક્કર, જ્ઞાતી શ્રેષ્ટી દિનેશભાઈ ઠક્કર(ડો. પી.ઠક્કર), રઘુવંશી સોશ્યલ ગ્રુપના પ્રમુખ રાજેશભાઈ પલણ, માધાપર લોહાણા મહાજનના પ્રમુખ મનોજભાઈ ઠક્કર, કપીલભાઈ દૈયા, યુવા મંડળના પ્રમુખ નીલભાઈ સચદે, હરેશભાઈ તન્ના, મયંકભાઈ રૂપારેલ, જયસુખભાઈ માલેક મંચસ્થ રહ્યા હતા. મહેમાનોને આવકાર અને આયોજનની રૂપરેખા નિલભાઈ સચદે દ્વારા કરવામાં આવી હતી. આ પસંગે હર્ષદભાઈ ઠક્કર (હકી), મીતભાઈ પુજારા, ભાવેશભાઈ આઈયા, હિતેશભાઈ ઠક્કર, જીગરભાઈ રાજદે, રોહિત જોબનપુત્રા, જીગરભાઈ કોટક, જયેશભાઈ ઠક્કર, હરેશભાઈ ઠક્કર, રાજેશભાઈ ચોગાણી, હરીશભાઈ ચંદ્યધણ, દર્શનભાઈ અનમ, ચેતનભાઈ કતીરા, દિલીપભાઈ ઠક્કર ઉપસ્થિત રહ્યા હતા. પ્રાસંગીક ઉદબોધન કરતા ડો.મુકેશ ચંદે દ્વારા બાપાદયાળુ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા થતી પવૃતીઓની સરાહના કરી હતી સાથે સાથે વિદ્યા દાનને મહાદાન ગણાવતા આ નોટબુક વિતરણની ન માત્ર રઘુવંશી સમાજના લોકો પરંતુ અન્ય સમાજના લોકો પણ ફોન કરી પુછા કરતા હોય છે કે ક્યારે શરૂ થશે એટલે કે એક એવી સેવાની જ્યોત જે વસુદૈવ કુટુંબકમની ભાવનાથી પ્રજવલીત થઈ અને છેલ્લા ૧૪ વર્ષથી બાપા દયાળુ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા અવિરત ચાલી રહી છે અને આ પ્રવૃતી સાથે જોડાયેલ તમામ યુવાનોને અભિનંદન પાઠવતા ભવિષ્યમાં પણ આવી સેવાકીય પવૃતી માટે ભુજ લોહાણા મહાજનનો સંપુર્ણ સાથ- સહકાર મળી રહેશે તેવી ખાતરી આપી હતી. વિતરણ વ્યવસ્થા માટે યુવા મંડળની સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યા હતા.

આ પસંગે ટ્રસ્ટના ટ્રસ્ટી જયેશભાઈ સચદે (બાપાદયાળુ) એ ટ્રસ્ટ દ્વારા થતી રચનાત્મક સેવાકાય તથા સામાજીક પવૃતી ની માહીતી આપી અને આ ૧૪ વર્ષથી ચાલતા નોટબુક વિતરણમાં ભુજ લોહાણા મહાજનના સંપુર્ણ સહકારની નોંધ લઈ આભાર વ્યક્ત કરતા આ પોજેક્ટને પારપાડવા જે વિતરણ વ્યવસ્થા સંભાળવામાં આવે છે તેવી ભુજ લોહાણા યુવા મંડળ, રઘુવંશી સોશ્યલ ગ્રુપ, બાપાદયાળુ ગ્રુપ, સલંગ્ન સંસ્થાઓ જેની વિશેષ નોંધ લઈ આભાર વ્યક્ત કરી અભિનંદન પાઠવ્યા હતા. સાથે સાથે જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓને નિઃશુલ્ક નોટબુક આપવાની જાહેરાત કરી હતી. આ નોટબુક વિતરણ વ્યવસ્થામાં યુવા મંડળના ઉપપમુખ વરૂણ ઠક્કર, નમન ઠક્કર, અચીત ઠક્કર, જીત કોઠારી, અંકુરભાઈ ઠક્કર, શુભમ ઠક્કર, અક્ષત ઠક્કર, દક્ષ ઠક્કર, સ્મીત નરમ, યથશિ ગણાત્રા, દર્શન ઠક્કર, રાજવી ઠક્કર, બીજલ ઠક્કર, વ્યોમ કારીયા, તેમજ યુવામંડળ, બાપાદયાળુ ગ્રુપ તેમજ સંલગ્ન સંસ્થાઓના સદસ્યો સંભાળી રહયા છે. વિતરણ વ્યવસ્થા સોમવારથી શનિવાર દરમ્યાન દર રોજ સાંજે ૫ થી ૭ કરવામાં આવશે અને રવીવારે બંધ રહેશે.

આ પસંગે ભુજ લોહાણા મહાજન તથા સમાજની તમામ સંલગ્ન સંસ્થાઓના હોદેદારો-કારોબારી સદસ્યો તથા જ્ઞાતીના અગ્રણીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થીત રહ્યા હતા. કાર્યક્રમનું સફળતા પુર્વક સંચાલન જુગલ પુજારાએ કર્યું હતું.

# કચ્છના રેશનિંગ દુકાનદારો પર સરકારી અનાજ માટે સીબીડીસી પ્રક્રિયાનું દબાણ વધ્યું

**ગ્રામ્ય સ્તરે વીસીઈને રેશનકાર્ડ દીઠ રૂ. ૨૦ ચૂકવાશે, જ્યારે રેશનિંગ દુકાનદારો પાસે વિના મૂલ્યે કામ કરાવવાની નીતિ સામે રાજ્યવ્યાપી આક્રોશ**

ભુજ - કચ્છઉદય : કચ્છ સહિત સમગ્ર ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ સંપન્ન થતાંની સાથે જ અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના અધિકારીઓ દ્વારા રેશનિંગ દુકાનના સંચાલકો પર વહીવટી દબાણ વધારી દેવામાં આવ્યું છે. રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા હેઠળ સરકારી અનાજ મેળવતા ગ્રાહકો માટે સેન્ટ્રલ બેંક ડિજિટલ કરન્સી એટલે કે સીબીડીસી યોજનાના અમલીકરણ માટે દુકાનદારોને કોઈપણ પ્રકારનું વધારાનું વળતર ચૂકવ્યા વિના કામગીરી સોંપવામાં આવતા રાજ્યભરના વેપારીઓમાં ભારે અસંતોષ વ્યાપી ગયો છે. સરકારી અનાજ મેળવતા ગ્રાહકોને મળવાપાત્ર જથ્થાની વિસ્તૃત અને પારદર્શક માહિતી મળી રહે તે હેતુથી અગાઉ ઈ-કેવાયસી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી, ત્યારબાદ હવે રાજ્ય સરકાર નવી ડિજિટલ સિસ્ટમ અમલમાં મૂકવા જઈ રહી છે. આ મહત્વાકાંક્ષી કામગીરી માટે પંજાબ નેશનલ બેંક સાથે વહીવટી જોડાણ કરવામાં આવ્યું છે. આ નવી વ્યવસ્થા અંતર્ગત રેશનકાર્ડ ધારકોને ડિજિટલ પ્લેટફોર્મ પર લાવવા માટે ગ્રામ્ય કક્ષાએ કાર્યરત વિલેજ કોમ્પ્યુટર આંત્રપ્રિન્યોર એટલે કે બિઝનેસ કોરેસ્પોન્ડન્ટને પ્રત્યેક રેશનકાર્ડની નોંધણી બદલ રૂપિયા ૨૦નું વેતન ચૂકવવાનું સરકારે નક્કી કર્યું છે. બીજી તરફ રેશનિંગ દુકાનના સંચાલકોને પણ આ જ કામગીરી ફરજિયાતપણે કરવા માટે આદેશો આપવામાં આવ્યા છે, પરંતુ તેના બદલામાં તેઓને કોઈ પણ આર્થિક વળતર ચૂકવવામાં નહીં આવે તેવું સ્પષ્ટ કરાતા વિવાદ વકર્યો છે. કચ્છ, વડોદરા, અમદાવાદ, સુરત સહિતના તમામ જિલ્લાઓના એસોસિએશન પ્રમુખો દ્વારા સરકારની આ પક્ષપાતભરી નીતિ સામે ઉગ્ર વિરોધ નોંધાવવામાં આવ્યો છે. ગુજરાત રાજ્યભરમાં કાર્યરત અંદાજે ૧૭ હજાર જેટલી રેશનિંગ દુકાનોના સંચાલકોએ સરકારની આ જોહુકમી સામે મક્કમ વલણ અપનાવ્યું છે અને આગામી દિવસોમાં ઉચ્ચ સ્તરે રજૂઆત કરવાનું આયોજન ઘડી કાઢ્યું છે. એક તરફ ગ્રામીણ સ્તરે ઓનલાઈન કામ કરતા કર્મચારીઓને વળતર આપવું અને બીજી તરફ રેશનિંગ દુકાનદારો પાસે મફતમાં વૈતરૂં કરાવવાની સરકારની બેવડી નીતિનો વિરોધ દિનપ્રતિદિન ઉગ્ર બની રહ્યો છે. વેપારી મહામંડળના અગ્રણીઓના મતે ખરેખર રેશનિંગ દુકાનદારોને પ્રોત્સાહન આપવાની જરૂર છે, તેના બદલે વહીવટી તંત્ર દ્વારા તેઓનું માનસિક અને આર્થિક શોષણ કરવામાં આવી રહ્યું છે.

આ સમગ્ર વિવાદ વચ્ચે ચોંકાવનારી બાબત એ છે કે અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના સત્તાવાર પરિપત્રમાં આ કામગીરી ફક્ત વીસીઈ અથવા તો સંબંધિત બેંકના નિયુક્ત કર્મચારીઓએ જ કરવાની હોવાનો સ્પષ્ટ ઉલ્લેખ છે. સત્તાવાર આદેશમાં રેશનિંગ દુકાનદારો પર કોઈ આર્થિક જવાબદારી લાદવામાં આવી નથી, તેમ છતાં સ્થાનિક કક્ષાએ પુરવઠા વિભાગના અધિકારીઓ અને મામલતદારો દ્વારા વોટ્સએપ ગ્રૂપોના માધ્યમથી દુકાનદારોને બિનસત્તાવાર સૂચનાઓ આપીને હેરાન કરવામાં આવી રહ્યા છે. સરકારી નીતિ અને નિયમોનું ઉલ્લંઘન કરીને રેશનિંગ સંચાલકો પર બળજબરીપૂર્વક કામ થોપવામાં આવતું હોવાથી સમગ્ર રાજ્યના કાર્ડ વિતરકોમાં તીવ્ર આક્રોશ ફાટી નીકળો છે.

# સીએનજીના ભાવ ભડકે બળતા કચ્છમાં પણ સ્કૂલ વર્ધીના ભાડા વધવાની પૂરેપૂરી શક્યતા

**વાલીઓના બજેટ ખોરવાશે : નવા શૈક્ષણિક સત્રથી ભુજ, ગાંધીધામ અને અંજાર સહિતના શહેરોમાં સ્કૂલ વાન-રિક્ષાના માસિક ભાડામાં રૂા. ૧૦૦ થી ૨૦૦નો વધારો ઝીંકાવાના સંકેતો : જૂન માસની શરૂઆતમાં એસોસિએશનની બેઠકમાં લેવાશે આખરી નિર્ણય**

ભુજ - કચ્છઉદય : નવા શૈક્ષણિક સત્રનો આજથી પ્રંભ થયો છે ત્યારે કચ્છના વાલીઓ માટે ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. સમગ્ર રાજ્યની સાથે કચ્છ જિલ્લામાં પણ સીએનજી ગેસના ભાવમાં થઈ રહેલા સતત વધારાને પગલે સ્કૂલ વર્ધી એસોસિએશન દ્વારા હવે સ્કૂલ વાન અને સ્કૂલ રિક્ષાના માસિક ભાડામાં વધારો કરવાની ગંભીર હલચલ શરૂ કરી દેવામાં આવી છે. જેને કારણે ભુજ, ગાંધીધામ, અંજાર, આદિપુર અને માંડવી સહિતના વિસ્તારોમાં વેકેશન ખૂલતાની સાથે જ વાલીઓ પર મોંઘવારીનો વધુ એક ડામ પડે તેવી પૂરેપૂરી શક્યતા વર્તાઈ રહી છે. આ અંગે જૂન મહિનાની શરૂઆતમાં રાજ્ય એસોસિએશન દ્વારા એક મહત્ત્વની બેઠક બોલાવવામાં આવી છે, જેમાં ભાડા વધારા અંગે આખરી નિર્ણય લેવામાં આવશે.સામાન્ય રીતે સ્કૂલ વર્ધી એસોસિએશન દ્વારા દર ત્રણ વર્ષે ભાડામાં વધારો કરવામાં આવતો હોય છે. જે અનુસાર, છેલ્લે વર્ષ ૨૦૨૪માં ભાડામાં વધારો કરવામાં આવ્યો હતો, જેથી હવે પછીનો નિયમિત વધારો છેક વર્ષ ૨૦૨૭માં કરવાનો થતો હતો. પરંતુ, છેલ્લા ભાડા વધારા બાદ સીએનજીના દરમાં અણધાર્યો અને તોતિંગ વધારો ઝીંકાયો છે, જેના કારણે એસોસિએશનને સમય પહેલા જ ભાડા વધારવાની ફરજ પડી રહી છે. વર્ષ ૨૦૨૪માં જ્યારે છેલ્લે સ્કૂલ રિક્ષા અને સ્કૂલ વાનના ભાડા નક્કી કરાયા ત્યારે સીએનજીનો ભાવ પ્રતિ કિલો રૂા. ૭૬ આસપાસ હતો. જોકે, હાલમાં સીએનજીનો ભાવ રૂા. ૮૮ને પાર પહોંચી ગયો છે. આમ, સીધો રૂા. ૧૦નો તોતિંગ વધારો થઈ ચૂક્યો છે. રિક્ષા અને વાન ચાલકોનું કહેવું છે કે, સીએનજીમાં પ્રતિ કિલો ૧૦ રૂપિયા જેટલો મોટો વધારો થઈ ચૂક્યો હોવાથી જૂના ભાડામાં વાહન ચલાવવું હવે આર્થિક રીતે જરાય પોસાય તેમ નથી. જૂન માસની શરૂઆતમાં યોજાનારી ખાસ બેઠકમાં નવા શૈક્ષણિક વર્ષ માટે ભાડું વધારવું કે નહીં તે અંગે વિગતવાર ચર્ચા કરીને આખરી મંજૂરી અપાશે.

જો જૂન મહિનાની બેઠકમાં અપેક્ષિત વધારાને મંજૂરી મળી જશે, તો સ્કૂલ રિક્ષાના માસિક ભાડામાં રૂા. ૧૦૦ અને સ્કૂલ વાનના માસિક ભાડામાં રૂા. ૨૦૦ સુધીનો વધારો ઝીંકાઈ શકે છે. અગાઉના માળખા મુજબ સ્કૂલ વાનનું ૧ કિલોમીટરનું માસિક ભાડું રૂા. ૧૨૦૦ અને સ્કૂલ રિક્ષાનું ભાડું રૂા. ૭૫૦ નક્કી કરાયું હતું. ત્યારબાદ ક્રમશઃ દરેક ૧ કિલોમીટરના વધારા માટે સ્કૂલ રિક્ષામાં રૂા. ૧૦૦ અને સ્કૂલ વાનમાં રૂા. ૨૦૦નો વધારો નક્કી કરાયો હતો. જેથી હાલમાં ૫ કિલોમીટર દૂરની સ્કૂલ માટે રિક્ષાનું ભાડું રૂા. ૧૧૫૦ અને સ્કૂલ વાનનું ભાડું રૂા. ૨૦૦૦ વસૂલવામાં આવે છે. હવે જો નવો ભાવ વધારો અમલી બનશે, તો પ્રથમ ૧ કિલોમીટર માટે જ રિક્ષાનું ભાડું વધીને રૂા. ૮૫૦ અને સ્કૂલ વાનનું ભાડું રૂા. ૧૪૦૦ સુધીનું થઈ શકે છે. આમ, મોંઘા શિક્ષણ અને સ્ટેશનરીના ખર્ચ વચ્ચે વાહન ભાડાનો આ નવો બોજ કચ્છી વાલીઓની કમર તોડી નાખશે તેમાં કોઈ શંકા નથી.

# ભુજના જીઆઈડીસી હંગામી આવાસમાં પાણીની વિકટ સમસ્યા



ભુજ - કચ્છ ઉદય : ભુજ શહેરના વોર્ડ નં.૩ વિસ્તારમાં છેલ્લા બે-ત્રણ મહિનાથી પાણીની ગંભીર સમસ્યા સર્જાઈ છે. વોર્ડ નં.૩ ના સેક્ટર - ૧૬, સરદાર નગર, હંગામી આવાસ વિસ્તારમાં ખુબ જ ઓછા દબાણથી અપુરતું પાણી આવતું હોવાની વ્યાપક ફરિયાદો ઉઠી છે. સ્થાનિક રહેવાસી અમીનાબેન સુમરાએ જણાવ્યું હતું કે, નગરપાલિકા સમક્ષ વારંવાર રજૂઆત કરવા છતાં પરિસ્થિતિમાં કોઈ સુધાર થયો નથી. શુક્રવારે વોર્ડ નં.૩ ના રહેવાસીઓ આ વિસ્તારના નગર સેવકો ફકીરમામદ કુંભાર સાથે ભુજ નગરપાલિકામાં રજૂઆત માટે પહોંચ્યા હતા. નગરપાલિકાના ચીફ ઓફિસર, પ્રમુખ અને પાણી સમિતિના અધિકારીઓને પરિસ્થિતિથી વાકેફ કર્યા હતા. નગરપાલિકા તંત્રએ તાત્કાલિક પગલાં લઈ પુરતા દબાણથી પાણી પહોંચાડવાની ખાતરી આપી હતી. નગર સેવક ફકીરમામદ કુંભારે જણાવ્યું હતું કે, નજીકમાં બનેલ નવી સોસાયટીમાં મોટી લાઈખ ચેંવામાં આવી હોવાથી વોર્ડ નં.૩ ના કેટલાક વિસ્તારોમાં પાણીનું પ્રેસર ઓછું થયું છે. ગરમીના દિવસોમાં લોકોને પુરતું પાણી મળતું નથી. તંત્રએ સત્વરે કામગીરી કરવાની ખાતરી આપી હોવાનું જણાવી તેમણે લોકોને પાણીનો કરકસરપૂર્વક ઉપયોગ કરવા અનુરોધ કર્યો હતો.

# ગાંધીધામના પ્રથમ નાગરિક દિવ્યાબેન નાથાણી આર્ટ ઓફ લિવિંગના સત્સંગમાં જોડાયા

**ઈન્ટ્યુશન પ્રોસેસનો ડેમો જોઈ પ્રભાવિત થયા**



ગાંધીધામ - કચ્છઉદય : અહીં આવેલ આર્ટ ઓફ લિવિંગ કેન્દ્ર ખાતે દર ગુરૂવારે યોજાતા સત્સંગમાં આધ્યાત્મિક અને ઉત્સાહભર્યો માહોલ જોવા મળ્યો હતો. શહેરના પ્રથમ નાગરિક દિવ્યાબેન નાથાણી તેમની ટીમ સાથે સત્સંગમાં ઉપસ્થિત રહી ભજન, ધ્યાન તેમજ સત્સંગનો આનંદ માણ્યો હતો.

આર્ટ ઓફ લિવિંગના ગુજરાત સ્ટેટ ટીચર કો-ઓર્ડિનેટર અશોક પરીખે જણાવ્યું હતું કે, આર્ટ ઓફ લિવિંગ સંસ્થા છેલ્લા ચાર દાયકાથી વિશ્વભરમાં માનવ મૂલ્યો, તણાવમુક્ત જીવન અને સેવાકીય પ્રવૃત્તિઓ દ્વારા લાખો લોકોના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવી રહી છે. સમાજ અને શહેરના કલ્યાણ માટે જ્યાં પણ જરૂર પડશે ત્યાં આર્ટ ઓફ લિવિંગ પરિવાર હંમેશા સેવા માટે તત્પર રહેશે.

દિવ્યાબેન નાથાણીએ જણાવ્યું હતું કે સમાજના હિત માટે કાર્યરત સંસ્થાઓ શહેરની સાચી તાકાત છે. તેમણે ઉપસ્થિત સાધકોને ખાતરી આપી હતી કે શહેરના વિકાસ અને જનહિતના કાર્યોમાં તેઓ હંમેશા સૌની સાથે રહેશે.

તેમણે આર્ટ ઓફ લિવિંગ દ્વારા કરવામાં આવતી માનવતા ભરી સેવાઓ અને સમાજ જાગૃતિના કાર્યોની પ્રશંસા કરી હતી. તેમણે જણાવ્યું હતું કે તેમનું પરિવાર પણ લાંબા સમયથી આર્ટ ઓફ લિવિંગ સાથે જોડાયેલું છે.

કાર્યક્રમ દરમિયાન આર્ટ ઓફ લિવિંગના લોકપ્રિય ઈન્ટ્યુશન પ્રોસેસનો વિશેષ ડેમો પણ રજૂ કરવામાં આવ્યો હતો. બાળકોની આંતરિક શક્તિ, એકાગ્રતા અને અંતઃપ્રજ્ઞાના વિકાસને ઉજાગર કરતો આ ડેમો જોઈને દિવ્યાબેન નાથાણી તથા તેમની ટીમ પ્રભાવીત થઈ હતી.

# પૂર્વ મિસ ગુજરાત અને ભુજની હીના રાજગોરે વિશ્વ યોગાશન ચેમ્પિયનશિપમાં જીત્યો ગોલ્ડ મેડલ




ભુજ - કચ્છઉદય : અમદાવાદ ખાતે યોજાયેલી પ્રથમ વિશ્વ યોગાશન ચેમ્પિયનશિપ માં કચ્છના ભુજની દીકરી અને પૂર્વ મિસ ગુજરાત હીના રાજગોરે શાનદાર પ્રદર્શન કરીને વૈશ્વિક ફલક પર દેશ અને રાજ્યનું નામ રોશન કર્યું છે.

યોગ વિષયમાં પીએચડી કરી રહેલા હીના રાજગોરે આ આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં પોતાની અદ્ભુત ક્ષમતાનું પ્રદર્શન કરતા સીનિયર-બી મહિલા વર્ગની ફોરવર્ડ બેન્ડ સ્પર્ધામાં ભારત માટે સુવર્ણ ચંદ્રક પ્રાપ્ત કર્યો છે.

તેમની આ વૈશ્વિક સફળતાને કારણે ભુજ સહિત સમગ્ર કચ્છ પંથકમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

આ વૈશ્વિક સ્પર્ધામાં ભારતીય ખેલાડીઓનો દબદબો રહ્યો છે, જેમાં ભારતે ૪૦ ગોલ્ડ, ૮ સિલ્વર અને ૨ બ્રોન્ઝ સહિત કુલ ૫૦ મેડલ મેળવીને દુનિયાભરમાં ટોચનું સ્થાન હાસલ કર્યું છે. આ મેડલ ટેલીમાં જાપાન ૧૦ પદકો સાથે બીજા ક્રમે અને સિંગાપોર છ પદકો સાથે ત્રીજા સ્થાને રહ્યું છે.

આ જ ચેમ્પિયનશિપ માં રાજસ્થાન પોલીસના હેડ કોન્સ્ટેબલ ગાયત્રી દેવીએ પણ સીનિયર-સી મહિલા બેક બેન્ડિંગ કેટેગરીમાં નેપાળ અને બોત્સ્વાનાના ખેલાડીઓને પાછળ છોડીને ગોલ્ડ મેડલ જીત્યો હતો. આમ, અમદાવાદના આંગણે રમાયેલી આ પ્રથમ વિશ્વ યોગાશન ચેમ્પિયનશિપ માં ભુજની હીના રાજગોર અને અન્ય ભારતીય ખેલાડીઓએ વિશ્વ સ્તરે ભારતનો ડંકો વગાડ્યો છે.

# માધાપરમાં સાયબર ફ્રોડનું મોટું નેટવર્ક ઝડપાયું

**આશાપુરા એન્ટરપ્રાઈઝના નામે ચાલતું હતું મ્યુલ બેંક એકાઉન્ટનું કૌભાંડ : ૪૭ દિવસમાં ૭.૭૪ કરોડથી વધુની શંકાસ્પદ લેવડ-દેવડઃ રિક્ષા ચાલક અને તેના સાથીદારની સંડોવણીનો પર્દાફાશ**

ભુજ - કચ્છઉદય : કચ્છમાં સાયબર ગુનેગારો દ્વારા આચરવામાં આવતી ઓનલાઈન છેતરપિંડીને લઈને સરહદી રેન્જ સાયબર ક્રાઈમ પોલીસે મોટી સફળતા મેળવી છે. સમન્વય પોર્ટલ પર મળેલી માહિતીના આધારે પોલીસે તપાસ કરતા એક એવા મ્યુલ બેંક એકાઉન્ટનો પર્દાફાશ થયો છે, જેના દ્વારા દેશભરમાં સાયબર ફ્રોડની રકમની હેરાફેરી કરવામાં આવતી હતી. પોલીસ તપાસમાં સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાની માધાપર શાખામાં આશાપુરા એન્ટરપ્રાઈઝ નામની પેઢીના નામે એક બેંક ખાતું મળી આવ્યું હતું. આ ખાતાની પ્રાથમિક તપાસ કરતા જાણવા મળ્યું કે, તે મુકેશ ભરતભાઈ ગજરા (રહે. માધાપર, મૂળ રહે. સાંધાણ, તા. અબડાસા) નામના વ્યક્તિના નામે છે. આ ખાતું માત્ર ૪૭ દિવસ પહેલા જ ખોલવામાં આવ્યું હતું, પરંતુ આટલા ટૂંકા ગાળામાં તેમાં કુલ રૂ. ૭,૭૪,૧૫,૫૭૯ (સાત કરોડ ચુમોતેર લાખ પંદર હજાર પાંચસો ઓગણએસી) જેટલી માતબર રકમ જમા થઈ હોવાનું સામે આવ્યું છે. પોલીસ પૂછપરછમાં સામે આવ્યું છે કે મુકેશ ગજરા પોતે રિક્ષા ચલાવે છે. તેણે પોતાના બનેવીના ભાઈ ધીરજ શિવજી ભાનુશાલી (રહે. માધાપર) સાથે મળીને ઓનલાઈન છેતરપિંડી આચરતા લોકોને કમિશનના બદલામાં પોતાનું આ બેંક એકાઉન્ટ વાપરવા માટે આપ્યું હતું. આ ગુનાહિત પ્રવૃત્તિ માટે તેને ધીરજ ભાનુશાલી દ્વારા રૂ. ૫૦ થી ૬૦ હજારનું કમિશન પણ આપવામાં આવ્યું હોવાની કબૂલાત કરી છે. આ બેંક એકાઉન્ટનો ઉપયોગ કરીને સાયબર ગઠિયાઓએ દેશના અલગ-અલગ રાજ્યોમાં કુલ ૪૭ જેટલી છેતરપિંડી આચરી છે. જેમાં તમિલનાડુ, તેલંગાણા, રાજસ્થાન, કર્ણાટક, ગુજરાત, ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ, બિહાર, દિલ્હી, મધ્ય પ્રદેશ, કેરળ, હરિયાણા, પશ્ચિમ બંગાળ અને ઝારખંડ જેવા રાજ્યોનો સમાવેશ થાય છે. સાયબર ક્રાઈમ પોલીસે આ બાબતે ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો અને આઈ.ટી. એક્ટની કલમ ૬૬-ડી હેઠળ ગુનો નોંધીને કાયદેસરની તપાસ હાથ ધરી છે.

# સગીરાને લલચાવી ભગાડી જવાના મામલે આદિપુર પોલીસમાં ગુનો નોંધાયો

ગાંધીધામ - કચ્છઉદય : ગાંધીધામ તાલુકાના આદિપુર વિસ્તારમાં રહેતી એક સગીરા અચાનક ગુમ થઈ જતાં તેના પરિવારજનોમાં ચિંતા ફેલાઈ હતી. પરિવારજનોએ શોધખોળ હાથ ધરી હોવા છતાં સગીરાનો કોઈ પત્તો ન મળતા આખરે આદિપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

ફરિયાદ મુજબ, એક યુવાને સગીરાને પોતાના પ્રભાવમાં લઈ અને મોબાઈલ ફોન મારફતે સંપર્કમાં રહી તેને લલચાવી-ફોસલાવી ઘરેથી ભગાડી ગયો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. ઘટનાની જાણ થતા આદિપુર પોલીસે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની સંબંધિત કલમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે. પોલીસે સગીરાની સલામત શોધખોળ માટે વિવિધ દિશામાં તપાસ હાથ ધરી છે તેમજ આરોપી અને સગીરાના સંભવિત સ્થાનો અંગે માહિતી એકત્ર કરવાની કામગીરી શરૂ કરી છે. પ્રાથમિક તપાસમાં મોબાઈલ ફોનના ઉપયોગ અને સંપર્કોના આધારે પણ તપાસ આગળ ધપાવવામાં આવી રહી હોવાનું જાણવા મળે છે. આ સમગ્ર મામલે આદિપુર પોલીસ દ્વારા ગુનો દાખલ કરી સગીરાને સુરક્ષિત રીતે શોધી કાઢવા તથા આરોપીની ધરપકડ કરવા માટે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. કેસની વધુ તપાસ પોલીસ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ ચાલી રહી છે.

# ખાવડામાં મદદ કરવા જતા યુવાનને મોત મળ્યું

**રણમાં ફસાયેલા ટ્રેઈલરને બહાર કાઢતી વખતે રિવર્સ લેતા ટ્રેઈલરમાં દબાઈ જતા બન્યો બનાવ**

ભુજ - કચ્છઉદય : ખાવડામાં આરઈ પાર્ક ખાતે અદાણી ચેકપોસ્ટ નજીક શનિવારે રાત્રે સર્જાયેલા અકસ્માતના બનાવમાં મદદ કરવા ગયેલા યુવાનને મોત મળ્યું હતું.

આ બાબતે ખાવડા પોલીસમાંથી જાણવા મળતી વિગતો મુજબ ચેકપોસ્ટ પાસે ટ્રેઈલર નંબર જી.જે.૧૨ સીટી ૪૨૫૯ ફસાઈ ગયું હતું. તેને રોડ પર લાવવા માટે ટ્રેઈલર નંબર જી.જે.૧૨ બીઝેડ ૭૧૧૫ થી ખેંચવા માટે હુંક પટ્ટા લગાવવામાં આવ્યા હતા. બહાર કાઢતી વખતે ફસાઈ ગયેલા ટ્રેઈલરના ચાલક પંજાબના રિષભકુમાર સોમરાજ લોહરીયાએ પોતાનું ટ્રેઈલર અચાનક રીવર્સ લઈ લેતા પાછળ ગાડી વચ્ચે દબાઈ જવાના કારણે સૌરભરાજ નામના ૧૯ વર્ષિય હિમાચલ પ્રદેશના યુવાનનું મોત થયું હતું. આ યુવાન અન્ય ગાડીમાં ડ્રાઈવર સાથે માલ ખાલી કરવા માટે આરઈ પાર્કમાં આવ્યો હતો. માલ ખાલી કરીને જતો હતો અને ફસાઈ ગયેલા ટ્રેઈલરને બહાર કાઢવા મદદ કરતા હતા ત્યારે આ કરૂણ બનાવ બન્યો હતો. નવ યુવાનના મોતથી પરિવારમાં અરેરાટી ફેલાઈ હતી.

# ફેસબૂકમાં ખોટી આઈડી બનાવીને ઠગાઈ કરતો શખ્સ ઝડપાયો



ભુજ - કચ્છ ઉદય : શહેરમાં સસ્તા સોના અને નકલી નોટોના નામે ઠગાઈ કરતા ઈસમો સક્રીય છે ત્યારે ભુજ એલસીબીએ બાતમીના આધારે મુસ્લિમ એજ્યુકેશન ચોકડી પાસે જીલાની નગરમાં રહેતા મોહમદ તોફિક જુણસ સોઢાને ઝડપી લીધો હતો.

આરોપીએ પોતાના મોબાઈલમાં એન્ટરપ્રાઈઝ અને રાહુલભાઈ નામની ફેસબૂક આઈડી બનાવી હતી. તેમાં એક લાખના પાંચ લાખ કરી આપવાના વીડિયો મૂક્યા હતા. તેમજ સસ્તા ભાવે સોનાના બિસ્કિટની જાહેરાતો કરી હતી. આરોપી કબૂલાત આપી કે, તે લોભામણી લાલચો આપી લોકોને વિશ્વાસમાં લઈ વોટ્સએપમાં ચેટ કરી પૈસા પડાવી ઠગાઈ કરે છે.

તેની સામે એ-ડિવિઝન પોલીસમાં ગુનો દાખલ કરાવાયો હતો.

# કચ્છના માર્ગો પર આંખો આંજી દેતી હાઈ-પાવર એલઈડી લાઈટો સામે તંત્રના આંખ આડા કાન

ભુજ - કચ્છઉદય : કચ્છના વિસ્તૃત હાઈવે અને સતત ધમધમતા માર્ગો પર અત્યારે એક એવી જોખમી સમસ્યા વકરી રહી છે જે સીધી રીતે વાહનચાલકોના જીવ પર આવી બની છે. ફોર-વ્હીલર અને ટુ-વ્હીલર વાહનોમાં કંપની ફિટિંગ સિવાયની અતિશય તીવ્રતા ધરાવતી સફેદ એલઈડી લાઈટોનો ક્રેઝ અકસ્માતોનું મુખ્ય કારણ બની રહ્યો છે. સામેથી આવતા વાહનની આંખો આંજી દેતી આ લાઈટોને કારણે ક્ષણિક અંધાપો આવતા ગંભીર અકસ્માતો થવાની શક્યતા અનેકગણી વધી જાય છે. નિયમ મુજબ આ પ્રકારની લાઈટો ગેરકાયદે છે અને તે બદલ વાહનચાલકને એક હજાર રૂપિયાનો દંડ કરવાની જોગવાઈ છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે દંડ ભરવો એ હવે ગેરકાયદે લાઈટ વાપરવાનો પરવાનો બની ગયો હોય તેમ લાગે છે.

થોડા સમય પૂર્વે કચ્છના ખાવડા પંથકમાં આવી લાઈટો સામે સ્થાનિકોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો, ત્યારબાદ તંત્ર દ્વારા કામગીરી બતાવવા ખાતર થોડા દિવસ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું, પરંતુ તે બાદ ફરી બધું રાબેતા મુજબ થઈ ગયું છે.

આ પરિસ્થિતિ એટલા માટે પણ ચિંતાજનક છે કારણ કે વાહનચાલક પાસેથી દંડ વસૂલ્યા પછી પણ તે લાઈટ જપ્ત કરવામાં આવતી નથી. પરિણામે, એક હજારનો દંડ ભરીને વાહનચાલક ફરીથી એ જ ગેરકાયદેસર લાઈટ સાથે માર્ગો પર નીકળે છે, જેથી રોડ પર થતું આ પ્રકાશનું પ્રદૂષણ જરાય ઓછું થયું નથી.

સૌથી મોટો પ્રશ્ન એ છે કે જ્યારે આ પ્રકારની લાઈટો વાપરવી ગેરકાયદે છે, તો પછી બજારમાં તેનું ખુલ્લેઆમ વેચાણ શા માટે થઈ રહ્યું છે? અગાઉ અવાજ પ્રદૂષણ ફેલાવતા મોડિફાઈડ સાયલન્સરો સામે તંત્રએ લાલ આંખ કરીને સાયલન્સરો જપ્ત કરીને તેનો નાશ કર્યો હતો, તેવી જ કડક કાર્યવાહી એલઈડી લાઈટોના મામલે કેમ કરવામાં આવતી નથી? માત્ર દંડ વસૂલવાથી આ સમસ્યાનું નિરાકરણ આવતું નથી. જ્યારે હાઈવે પર દોડતા વાહનો અન્યની સુરક્ષા જોખમાવે ત્યારે તંત્રએ માત્ર દંડની રકમ લેવાને બદલે સખત કાર્યવાહી કરી આવી લાઈટો જપ્ત કરવી અનિવાર્ય બની છે.

કચ્છના નાગરિકો માટે આ જોખમી લાઈટો હવે જીવલેણ સાબિત થઈ રહી છે, ત્યારે જવાબદાર તંત્ર કુંભકર્ણની નિદ્રામાંથી ક્યારે જાગશે અને કડક પગલાં ક્યારે લેશે તે એક મોટો સવાલ છે.

# કવિ કલાવૃંદ સાહિત્ય સંસ્થાની બેઠક મળી

ભુજ - કચ્છઉદય : કવિ કલા વૃંદ સાહિત્ય સંસ્થા દ્વારા સભ્યોની સાહિત્ય ગોષ્ટી સાથે વિવિધ વિષય પર કાવ્ય પઠન બેઠક દિલીપ આચાર્યના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવી હતી.

આ પ્રસંગે વિવિધ વિષયની રચના જ્યોતિ ગોહિલ, ચંદુલાલ ગોર, ઉષા દાવડા, કનૈયાલાલ અબોટી, યોગેશ વ્યાસ, મદન ભટ્ટ, મીરાં વ્યાસ, મગનભાઈ ઠકકરે સ્વરચિત અને દિલીપ આચાર્યે મણીલાલ રૂઘાણીની રચનાનું પઠન કર્યું હતું. કિશોર સોની, પૂજા સોની, ભારતી ભંડેરી, બીના પીઠડીયા, ચૈતન્ય જોશી, વિનોદ વ્યાસ, નિશા મહેતા, જ્યંતી વેદિયા, સ્મિતા રૂઘાણી વગેરે ગ્રુપ સભ્યોનો સહયોગ મળ્યો હતો. જ્યોતિ ગોહિલે સહકાર બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

# માંડવી તાલુકામાં નર્મદા કેનાલના વળતર અને જમીન સંપાદનના પ્રશ્નો અંગે ખેડૂતોમાં ભારે રોષ

### આંદોલનની ચીમકી સાથે જિલ્લા વહીવટી તંત્રને પાઠવ્યું આવેદનપત્ર



ભુજ - કચ્છઉદય : માંડવી તાલુકામાં નર્મદા કેનાલ માટે સંપાદિત થયેલી ખેડૂતોની જમીનના પડતર પ્રશ્નો અને વળતરની ચૂકવણી ન થતાં ખેડૂતોમાં વ્યાપક અસંતોષ જોવા મળી રહ્યો છે. માંડવી તાલુકા નર્મદા કેનાલ હિત રક્ષક સમિતિ અને સ્થાનિક ખેડૂતો દ્વારા આ અંગે ભુજ કલેક્ટરને લેખિત રજૂઆત કરીને નર્મદા કેનાલ સંબંધિત વિવિધ અનિર્ણિત મુદ્દાઓનો સત્વરે નિકાલ લાવવા નમ્ર અપીલ કરવામાં આવી છે. ખેડૂતોએ ચીમકી ઉચ્ચારી છે કે જો સરકાર દ્વારા આ તમામ મુદ્દાઓ પર તાત્કાલિક પગલાં ભરવામાં નહીં આવે, તો તેઓને નાછૂટકે આંદોલનનો માર્ગ અપનાવવાની ફરજ પડશે.

ખેડૂતોએ પોતાની રજૂઆતમાં જણાવ્યું છે કે, માંડવી તાલુકાના ગામોમાંથી પસાર થતી નર્મદા કેનાલ માટે જમીન સંપાદનની કામગીરી વર્ષ ૨૦૧૧થી શરૂ કરવામાં આવી હતી. તે સમયે ખેડૂતોની કિંમતી જમીનો નજીવી કિંમતે સંપાદન કરવામાં આવી હતી અને વર્ષ ૨૦૧૨-૧૩માં તેનો એવોર્ડ જાહેર કરાયો હતો. આ એવોર્ડમાં અસંખ્ય ભૂલો હોવા છતાં, કેનાલનું કામ ઝડપથી પૂર્ણ થાય તે હેતુથી ખેડૂતોએ કોઈ વિરોધ કર્યા વિના વહીવટી તંત્રને સંપૂર્ણ સહકાર આપ્યો હતો. સરકાર દ્વારા ચૂકવવામાં આવેલું વળતર જમીનની વાસ્તવિક કિંમત કરતાં ખૂબ જ ઓછું હોવાથી ખેડૂતોએ વાંધા સાથે રાજકોટ જિલ્લા સેવા સત્તા મંડળમાં રેફરન્સ કેસો દાખલ કર્યા હતા. કોડાય, મેરાઉ, વાડા, દુર્ગાપુર, દુર્ગાપુર નવાવાસ, બાડા, પીપરી, મોટી રાયણ, નાની રાયણ અને બિદડા જેવા અનેક ગામોના ખેડૂતોના આ કેસો સંદર્ભે ગત ૬ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ અદાલત દ્વારા મહત્વનો હુકમ કરવામાં આવ્યો હતો. આ હુકમમાં ખેડૂતોને મૂળ એવોર્ડની તારીખથી ભાવ વધારો, વૃક્ષોની કિંમત અને વ્યાજ ચૂકવવાનો આદેશ નર્મદા નિગમને કરાયો હતો. પરંતુ આ ઐતિહાસિક ચુકાદાને દોઢ વર્ષ જેટલો લાંબો સમય વીતી ગયો હોવા છતાં પણ નર્મદા નિગમ દ્વારા આજદિન સુધી ખેડૂતોને કોઈ વળતર ચૂકવવામાં આવ્યું નથી કે આગળની કોઈ વહીવટી કાર્યવાહી પણ કરવામાં આવી નથી. વહીવટી અધિકારીઓની બદલી થઈ જતાં વર્તમાન સમયમાં કોઈને આ અંગેની ચોક્કસ માહિતી નથી, જેના કારણે ખેડૂતો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. રકમ ચૂકવવામાં વિલંબ કરીને વહીવટી તંત્ર સરકાર પર વ્યાજનો બોજ વધારી રહ્યું છે, જે અધિકારીઓની ઘોર બેદરકારી દર્શાવે છે.

ખેડૂતોએ વધુમાં આક્ષેપ કર્યો છે કે વર્ષ ૨૦૧૫ પહેલાં જે એવોર્ડ થયા હતા, તેમાં સ્થળ પર આવેલા મકાન, કૂવા, બોર, ઓરડી અને વૃક્ષોના પંચનામા કરાયા હોવા છતાં તેનો ઉલ્લેખ મૂળ એવોર્ડમાં કરાયો નહોતો. હવે સત્તા મંડળના એવોર્ડ મુજબ ચૂકવણી કરતી વખતે આ પંચનામાને ધ્યાને લેવામાં આવતા નથી, જેના કારણે વળતરની ચૂકવણી અટકી પડી છે. આ ઉપરાંત નર્મદા કેનાલ પસાર થવાના કારણે ખેડૂતોના સર્વે નંબર વચ્ચેથી કપાઈ જતાં જમીનના બે ટુકડા થઈ ગયા છે. આ જમીનોનું નવેસરથી સર્વે કરી બંને બાજુના ટુકડાના અલગ-અલગ સર્વે નંબર આપવાની અને હિસ્સા વહેંચણીની તમામ કામગીરી હજુ સુધી બાકી છે. નર્મદા નિગમને વારંવાર રજૂઆત કરવા છતાં આ બાબતે કોઈ યોગ્ય દાદ મળતી નથી. કેનાલ પસાર થવાને કારણે ખેડૂતોની વાડીઓમાં જવાના જૂના રસ્તાઓ પણ બંધ થઈ ગયા છે અને ભવિષ્યમાં જમીન બિનખેતી કરાવવા માટે કેનાલ પરથી રસ્તો લખી આપવાનો પણ નર્મદા નિગમ સાફ ઈનકાર કરી રહ્યું છે. સાથોસાથ માંડવી તાલુકાના જે ગામોમાં પ્રમોલગેશનની કામગીરી પૂર્ણ થઈ ગઈ છે, ત્યાં ૭/૧૨ના નકશાઓમાં અસંખ્ય ભૂલો જોવા મળી રહી છે. આ ભૂલો સુધારવા માટે ખેડૂતોને મામલતદાર કચેરી તેમજ ભુજ ડી.આઈ.એલ.આર. કચેરીના ધક્કા ખાવા પડી રહ્યા છે. નાના ટુકડા ધારક ખેડૂતોને ટુકડા ધારાનો નિયમ ન નડે તે માટેની જોગવાઈઓ સ્પષ્ટ કરવા અને ખેડૂત ખાતેદારના દાખલા આપવા પણ માંગ કરવામાં આવી છે. આ તમામ ગંભીર પ્રશ્નોથી થાકેલા માંડવીના જમીન ગુમાવનારા ખેડૂતોએ હવે ન્યાય ન મળવા પર ઉગ્ર આંદોલનની આખરી ચેતવણી આપી છે. આ વેળાએ માંડવી તાલુકા નર્મદા કેનાલ રક્ષક સમિતિના હોદ્દેદારો, હસમુખ રાજગોર, રાજેશ ચૌધરી, કલ્યાણજીભાઈ ગાજપરિયા અને સંબંધિત ગામના ખેડૂતો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# ગોંડલ નજીકથી રૂા. ૧.૫૧ કરોડનો અંગ્રેજી દારૂ ભરેલો ટ્રક પકડાયો

### એસએમસીના દરોડાથી સ્થાનિક પોલીસમાં દોડધામ : યુકેનો વર્ચ્યુઅલ નંબર ધરાવતાં બુટલેગરે અમદાવાદના સપ્લાયર પાસેથી દારૂ મંગાવ્યો હતો, દારૂ હરિયાણાથી આવતો હતો

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ: છેલ્લા ઘણા સમયથી રાજસ્થાનના સપ્લાયરો દ્વારા ગુજરાતમાં લાખો-કરોડોનો દારૂ સપ્લાય કરવામાં આવી રહ્યો છે. દારૂનો આટલો જંગી જથ્થો ગુજરાતની ચેકપોસ્ટ પસાર કરી કઈ રીતે ઘુસી જાય છે તેનો કોઈની પાસે જવાબ નથી. હરિયાણાથી ઘુસાડાયેલો રૂા.૧.૫૧ કરોડનો અંગ્રેજી દારૂ એસએમસીએ ગોંડલ નજીકથી ઝડપી લઈ ટ્રક ચાલકની ધરપકડ કરી છે. જોકે કયા બુટલેગરે આ દારૂનો જથ્થો મંગાવ્યો હતો તે વિશે એસએમસીને કોઈ માહિતી મળી નથી.

સામાન્ય રીતે એસએમસી રેડ કરે તેના પછી તપાસ સ્થાનિક કે બીજી કોઈ પોલીસને સોંપી દેવામાં આવે છે. પરંતુ આ કેસની તપાસ એસએમસી પોતે કરે તેવી શકયતા છે. એસએમસીના પીઆઈ આર. કે. કરમટા અને પીએસઆઈ વી. એન. જાડેજાએ ચોકકસ બાતમીના આધારે રાજકોટ-જૂનાગઢ હાઈ-વે પર ભરૂડી ટોલ પ્લાઝા નજીકથી આજે સવારે પસાર થયેલા ટ્રકને અટકાવી તલાશી લેતાં અંદરથી અંગ્રેજી દારૂની ૧૧૫૪ પેટી (૪૧૫૮૦ બોટલ) મળી આવી હતી. જેની કિંમત રૂા.૧.૫૧ કરોડ ગણી, ટ્રક, મોબાઈલ ફોન, રોકડ વગેરે સાથે કુલ રૂા.૧.૮૧ કરોડનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

ધરપકડ કરાયેલા ટ્રક ચાલક ભુરારામ કાલુરામ સરન (રહે. રાજસ્થાન)એ આ દારૂનો જથ્થો હરિયાણાથી લઈ આવી રહ્યાની કબુલાત આપી હતી. રાજસ્થાનના ખેમારામ રાવતારામ બેનીવાલે આ દારૂનો જથ્થો મોકલ્યો હતો. તેને ઉપરાંત ટ્રકના માલીક રામનિવાસ ઉર્ફે રામલાલ મુલતારામ અને તેના ભાઈ સુનિલને પણ એસએમસીએ આરોપી બનાવ્યો છે.

જોકે દારૂનો આ જંગી જથ્થો કોણે મંગાવ્યો હતો તે વિશે કોઈ ચોકકસ માહિતી એસએમસીને મળી નથી પરંતુ પ્લસ-૪૪ નંબરના મોબાઈલ ધારકે આ દારૂનો જથ્થો મંગાવ્યો હતો. પ્લસ-૪૪ યુકેનો કોડ છે. તેના વર્ચ્યુઅલ નંબર ધારકને આરોપી બનાવાયો છે. એસએમસીના સુત્રોએ જણાવ્યું કે જે ટ્રક ચાલક પકડાયો છે તે બે માસ પહેલાં પણ નવસારીમાં દારૂના જથ્થા સાથે પકડાયો હતો. તે વખતે આ જ ટ્રક હતો. જામીન પર છુટયા બાદ બીજી વખત પકડાયો છે. રનિંગ રેડ હોવાથી ગોંડલ તાલુકા પોલીસને તકલીફ નહીં પડે તેવું જાણકારોનું કહેવું છે. આમ છતાં નિયમ મુજબ ઈક્વાયરી કરાવાય તેવી શકયતા નકારાતી નથી.

# ઓડિશામાં સરકારી એન્જિનિયર પાસેથી રૂ. બે કરોડ રોકડા મળ્યા

(એજન્સી દ્વારા)

ભુવનેશ્વર: ઓડિશામાં વિજિલન્સ વિભાગની કાર્યવાહીમાં એક આશ્ચર્યજનક કેસ સામે આવ્યો છે. ૬ હજાર રૂપિયાનો પગાર મેળવતા એન્જિનિયર પાસેથી કરોડો રૂપિયાની રોકડ મળી આવી છે. આ ઉપરાંત તેની પાસેથી અલગ અલગ જગ્યાઓ પર મકાન અને જમીન પણ મળી આવી છે.

આ એન્જિનિયરનું નામ બૈકુંઠનાથ બેહરા છે. જે કંધમાલ જિલ્લાનાં બાલીગુડામાં ઈન્ટીગ્રેટેડ ટ્રાયબલ ડેવલોપમેન્ટ ઓથોરિટી (આઈટીડીએ)નાં સહાયક કાર્યકરી તરીકે તૈનાત છે. તેની કાયદેસરની આવક કરતા વધારે સંપતિ હોવાની ફરિયાદ મળ્યા પછી આ સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું. ભુવનેશ્વરનાં વિશેષ વિજિલન્સ ન્યાયમૂર્તિની તરફથી જારી સર્ચ વોરેન્ટને આધારે વિજિલન્સ ટીમોએ ભુવનેશ્વર, બારીપદા, જાજપુર જિલ્લાનાં ધર્મશાળા અને બાલીગુડામાં કુલ ૯ સ્થળોએ એક સાથે દરોડા પાડયા હતાં.આ ટીમમાં બે એડિશનલ પોલીસ સુપ્રિટેન્ડેન્ટ, પાંચ ડેપ્યુટી પોલીસ સુપ્રિટેન્ડેન્ટ, છ નિરીક્ષકો અને અન્ય સહાયક કર્મચારીઓ સામેલ હતાં.

ભુવનેશ્વરનાં નીલાદ્રી વિહારમાં ચાર માળની ઈમારત, શૈલાશ્રી વિહારમાં ત્રણ માળની ઈમારત, પટિયામાં બે માળનું મકાન મળી આવ્યું છે. જમીનનાં ૧૩ પ્લોટ પણ મળી આવ્યા છે. જેમાંથી સાત પ્લોટ ભુવનેશ્વરનાં પ્રમુખ સ્થળોએ આવેલા છે. પરિવારજનોનાં લોકરોમાંથી કુલ બે કરોડ રૂપિયા રોકડા મળી આવ્યા છે. આ ઉપરાંત ઘરમાંથી ૨.૬૬ લાખ રૂપિયા રોકડા મળી આવ્યા હતાં. સોનાનાં ઘરેણા, રોકાણ, પોસ્ટ સેવિંગ, બેંક ડિપોઝિટ વગેરેનું મૂલ્યાંકન કરવાનું કાર્ય ચાલુ છે.

# આઠ બેંક ખાતામાં સાયબર ફ્રોડના રૂા.૧.૭૮ કરોડ જમા, નવની ધરપકડ

### રૂા.૫ હજારથી રૂા.૧૦ હજાર લઇ બેંક ખાતા ભાડે આપ્યા હતા : રાજ્યભરમાં ઓપરેશન મ્યુલ હન્ટ ૨.૦ હેઠળ ગુના દાખલ કરવાનું શરૂ, રાજકોટ જિલ્લામાં આઠ ગુના નોંધાયા

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ: સાયબર ફ્રોડ માટે મામૂલી રકમ લઈ પોતાના બેંક ખાતા ભાડે આપનારાઓ વિરુદ્ધ રાજ્યભરમાં ઓપરેશન મ્યુલ હન્ટ અંતર્ગત ગુના દાખલ થયા બાદ હવે બીજા તબક્કામાં પણ ગુના દાખલ કરાવવાનું શરૂ કરાયું છે. રાજકોટ જિલ્લામાં કુલ ૮ ગુના દાખલ થયા છે. જેમાં કુલ ૧૬ આરોપીઓમાંથી ૯ની પોલીસે ધરપકડ કરી છે. આ તમામ ૮ ગુનામાં સંડોવાયેલા ૧૬ શખ્સોના ૮ બેંક ખાતામાં સાયબર ફ્રોડના રૂા.૧.૭૮ કરોડ જમા થયા હતા. જે અંગે દેશભરમાંથી ૫૦ અરજીઓ મળી હતી. રાજકોટ રૂરલ એસપી વિજયસિંહ ગુર્જરે જણાવ્યું કે, ધરપકડ કરાયેલા આરોપીઓએ રૂા.૫ હજારથી લઈ રૂા.૧૦ હજારમાં એક મહિના માટે પોતાના એકાઉન્ટ ભાડે આપ્યા હતા. અમૂક ગ્રામ્ય વિસ્તારના નાગરિકોએ પણ પોતાના એકાઉન્ટ ભાડે આપ્યા હતા. પરંતુ તેમને પોતાના એકાઉન્ટ સાયબર ફ્રોડ માટે ભાડે લેવાયાની જાણ ન હોવાથી તેમના વિરુદ્ધ ગુના દાખલ કરવામાં આવ્યા નથી. જેમણે જાણકારી સાથે પોતાના એકાઉન્ટ ભાડે આપ્યા હતા તેમને જ આરોપી બનાવાયા છે. આગામી દિવસોમાં વધુ ગુના દાખલ થશે. જે ખાતાધારકો સામે ગુના દાખલ થયા છે તેમના ખાતામાં ગેમિંગની રકમ પણ જમા થયા હતા. જેને હાલ ધ્યાને લેવાઈ નથી. માત્ર સાયબર ફ્રોડની રકમ જ ધ્યાને લેવાઈ છે.

વિંછીયા, ગોંડલ સિટી બી.ડિવિઝન, મેટોડા, જસદણ, ગોંડલ તાલુકા અને પડધરી પોલીસ મથકમાં એક જ્યારે ધોરાજી પોલીસ મથકમાં બે મળી કુલ આઠ ગુના દાખલ થયા છે. વિંછીયાના ગુનામાં બે આરોપીઓ સાગર ધીરુભાઈ ઝાપડીયા અને યોગેશ મુકેશભાઈ રાઠોડ (રહે. બંને વિંછીયા), ગોંડલ સિટી બી.ડિવિઝનના ગુનામાં સુલતાનશા રહેમાનશા શાહમદાર (રહે. વોરાકોટડા રોડ, ગોંડલ, હાલ જામનગર), મોસીન દાઉદ શાહમદાર (રહે. રણજીત રોડ, જામનગર), હુસેન ગફારભાઈ કાસમાણી (રહે. અલસફા સોસાયટી, જામનગર), મેટોડા પોલીસના ગુનામાં મિતલ ગોપાલદાસ રૂપારેલીયા (રહે. એસઆરપી કેમ્પ સામે, રાજકોટ), જસદણ પોલીસના ગુનામાં મહિપત વિરજીભાઈ પરમાર (રહે. ગઢડીયા, તા.જસદણ), ગોંડલ તાલુકા પોલીસના ગુનામાં ભરત અરજણદાસ રાવતાણી (રહે. પરસાણાનગર શેરી નં.૭, જામનગર રોડ) અને પડધરી પોલીસના ગુનામાં સાગર બાલકૃષ્ણ દાણીધારીયા (રહે. રાજકોટ)ની ધરપકડ કરવામાં આવી છે.

# સુપર અલ નીનોઃ રાજ્યોને એલર્ટ રહેવા કેન્દ્ર સરકારની સૂચના

### 'ખેડૂતોના હિતોના રક્ષણ માટે ઓછા વરસાદની સંભાવનાવાળા રાજ્યો વેળાસર આયોજન કરે': કેન્દ્રીય કૃષિ મંત્રાલય

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર : અલ નીનો ૨૦૨૬ના મધ્યમાં સુપર અલ નીનો બનીને ભારતીય ચોમાસાની ઋતુ સાથે સંભવતઃ ૨૦૨૭ની મોસમ પર પણ વિપરિત અસરો પેદા કરી શકે એવી વૈશ્વિક હવામાન એજન્સીઓ અને યુનાઈટેડ નેશન્સના અહેવાલોએ કૃષિ પ્રધાન ભારત દેશ માટે ચિંતાની સ્થિતિ ઊભી કરી છે. આ અહેવાલોના વિશ્લેષણની સાથોસાથ કેન્દ્ર સરકારે અલ નીનોની અસર સામે કોઇપણ ભોગે ખેડૂતોના હિતોનું રક્ષણ થાય એ માટે અત્યારથી સજ્જ થઇ રાજ્યોને એલર્ટ કર્યા છે. રાજ્યોને ખાસ કરીને ઓછો વરસાદ થાય એવી સંભવનાવાળા ગુજરાત સહિતના રાજ્યોને કન્ટિજન્સી પ્લાન તૈયાર કરવા પણ સૂચના આપવામાં આવી છે.

ગત સપ્તાહમાં નવી દિલ્હી ખાતે કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણમંત્રી શિવરાજસિંહ ચૌહાણે નૈઋત્યના ચોમાસા તેમજ અલ નીનોની સંભવિત અસર, પાણીની ઉપલબ્ધતા, બિયારણની વ્યવસ્થા, પાકની વ્યૂહરચના અને વિવિધ રાજ્યોની સજ્જતાના સ્તર અંગે વિગતવાર અને વ્યાપક સમીક્ષા કરી હતી. આ મહત્વપૂર્ણ ઉચ્ચ સ્તરીય બેઠકમાં કેન્દ્રીમંત્રી ચૌહાણે સ્પષ્ટ નિર્દેશો આપ્યા હતા કે તમામ સંબંધિત કેન્દ્રીય વિભાગો અને રાજ્ય સરકારોએ સંપૂર્ણ ગંભીરતા, બહેતર સંકલન અને યોગ્ય આગોતરા આયોજન સાથે કામ કરવું જોઈએ. આનો ઉદ્દેશ્ય એ સુનિશ્ચિત કરવાનો છે કે કોઈપણ પ્રકારની પ્રતિકૂળ હવામાન પરિસ્થિતિમાં ખેડૂતોને સમયસર સલાહ, યોગ્ય બિયારણ, વૈકલ્પિક પાકના વિકલ્પો, ભેજ સંરક્ષણ માટે સહાય અને યોગ્ય જળ વ્યવસ્થાપન સહાય મળે. તેમણે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે ખેડૂતોએ બિલકુલ ગભરાવાની જરૂર નથી કારણ કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ સરકાર સંપૂર્ણ સતર્કતા સાથે પૂરેપૂરી તૈયારીઓ કરી રહી છે. પ્રથમ લક્ષ્ય એ સુનિશ્ચિત કરવાનું છે કે હવામાન સંબંધિત કોઈપણ પડકારોની અસર ખેતરો પર અને ખેડૂતો પર શક્ય તેટલી ઓછી રહે.

બેઠકમાં માહિતી આપવામાં આવી હતી કે ભારતીય હવામાન વિભાગે સંકેત આપ્યો છે કે ૨૦૨૬માં દક્ષિણ-પશ્ચિમ ચોમાસું સામાન્ય કરતાં ઓછું રહી શકે છે. એવો સંકેત પણ આપવામાં આવ્યો હતો કે ચોમાસાની ઋતુ દરમિયાન અલ નીનોની સ્થિતિ વિકસી શકે છે. તેથી, કેન્દ્ર સરકારે તેની તૈયારીઓ પહેલેથી જ તેજ કરી દીધી છે અને તમામ રાજ્યોને એલર્ટ મોડમાં રહેવા જણાવ્યું છે. બેઠકમાં કેન્દ્ર અને રાજ્ય સરકારોના સંકલિત પ્રયાસો, બહેતર જળ વ્યવસ્થાપન પદ્ધતિઓ, અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ, સિંચાઈ સુવિધાઓના વિસ્તરણ અને ક્લાઈમેટ-રેઝિલિએન્ટ કૃષિ પદ્ધતિઓ અપનાવવાથી સંભવિત પડકારોની અસરને ઘણી મોટી હદ સુધી નિયંત્રિત કરી શકાય તેના પર ચર્ચા કરાઈ હતી. હાલની સ્થિતિએ દેશના જળાશયોમાં પાણીનો સંગ્રહ ખરિફ પાક માટે પર્યાપ્ત બની રહે એવી શક્યતાને પણ ગણતરીમાં લેવાયો હતો.

બેઠકમાં કેન્દ્રીય મંત્રી ચૌહાણે નિર્દેશ આપ્યો કે જે રાજ્યો અને જિલ્લાઓમાં ઓછો વરસાદ, લાંબો શુષ્ક ગાળો અથવા અલ નીનોની પ્રમાણમાં વધુ અસર થવાની સંભાવના છે, ત્યાં કોઈપણ વિલંબ વિના વિશેષ દેખરેખ, સતત સમીક્ષા અને ઝડપી કાર્યવાહી સુનિશ્ચિત કરવી આવશ્યક છે. તેમણે તાકીદ કરી હતી કે આકસ્મિક યોજનાઓ જિલ્લા સ્તર સુધી સક્રિય થવી જોઈએ અને આ યોજનાઓને માત્ર કાગળની કવાયત તરીકે ગણવી જોઈએ નહીં. આવી યોજનાઓ સ્થાનિક પરિસ્થિતિઓ, ઉપલબ્ધ જળ સંસાધનો, હાલની પાક પદ્ધતિઓ, બિયારણની ઉપલબ્ધતાની સ્થિતિ, વાવણીની પ્રગતિ, વરસાદનો અંતરાલ અને તમામ જિલ્લા-વિશિષ્ટ જોખમોને કાળજીપૂર્વક ધ્યાનમાં લીધા પછી તૈયાર અને અમલમાં મૂકવી જોઈએ. આનાથી ખેડૂતોને વ્યવહારુ અને સમયસર ઉકેલો પ્રદાન કરવામાં મદદ મળશે.

# ગામડાઓ સ્વચ્છતા ક્ષેત્રે અગ્રેસર બને : ભારતીબેન ગોસ્વામી

### રોહા (કોટડા) સહિત નખત્રાણા તાલુકામાં સ્વચ્છતા સપ્તાહ હેઠળ સફાઈ અભિયાન હાથ ધરાયું : સંસ્થાઓ, ધાર્મિકસ્થાન, ગ્રા.પં., પ્રા.શાળા ખાતે સફાઈ થઈ



નખત્રાણા - કચ્છ ઉદય : ગુજરાત સરકાર પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના સીધા માર્ગદર્શન હેઠળ આજે નખત્રાણા તાલુકાના રોહા (કોટડા) ખાતે સ્વચ્છતા ઝુંબેશનો પ્રારંભ કરાવતા તા.પં. પ્રમુખ ભારતીબેન નીતિનગિરિ ગોસ્વામીએ કહ્યું કે, તાલુકાના દરેક ગામના સરપંચો, અધિકારી અને પદાધિકારી, ગ્રામજનો સફાઈ પ્રત્યે જાગૃતિ દાખવે તે માટે સરકારશ્રી દ્વારા સ્વચ્છતા ઝુંબેશ આદરાઈ છે. ગામડાઓ સ્વચ્છતા ક્ષેત્રે અગ્રેસર બને તે જરૂરી છે. ગામના સરપંચ નિતિનગિરિ ગોસ્વામીએ આ અભિયાનનો મુખ્ય ઉદેશ ગ્રામ્ય વિસ્તારમાં સ્વચ્છતા અંગે વ્યાપક જન જાગૃત્તિ લાવવાનો છે. જાહેર સ્થળોની નિયમીત સફાઈ ઘન તેમજ પ્રવાહી કચરાની વ્યવસ્થાપનને વધુ અસરકારક બનાવવાનો છે. આજના કાર્યક્રમમાં રોહા કિલ્લો, પં.પ્રા.શાળા, ગ્રા.પં. કચેરી આંગવાણવાડી કેન્દ્ર સહિતના વિસ્તારને આવરી લેવાયા હતા. કાર્યક્રમમાં ઉપ સરપંચ હુસેનભાઈ ભજીર, ગ્રા.પં. સભ્યો, આંગવાડી વર્કર અરૂણાબેન જેપાર, આશા વર્કર ફરીદાબેન ભજીર, મુ.શિ. સહિત ગ્રામજનો જોડાયા હતા. તાલુકાના મોટા અંગિયા સહિત તમામ ગામોમાં સ્વચ્છતા અભિયાન ઝુંબેશ હાથ ધરાઈ હતી.

# રાપર સબ ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ ખાતે પ્રથમ વખત સીઝેરીયનનું સફળ ઓપરેશન





રાપર - કચ્છઉદય : સામૂહિક આરોગ્ય કેન્દ્રને સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલમાં અપગ્રેડ કરવામાં આવતા અને વિવિધ તજજ્ઞ તબીબોની જગ્યાઓ ભરાતાં સ્થાનિકે જ ઉત્તમ સારવાર મળી રહેતી હોવાથી ખાસ સગર્ભા માતાઓ અને બાળકોના જીવ બચી રહ્યા હોવાનું જાણવા મળ્યું હતું.

એમબીબીએસ, ગાયનેક એનેસ્થેસિસ્ટ, આંખનાં નિષ્ણાત, ફિઝિયોથેરાપિસ્ટ, પૂરતો નર્સિંગ સ્ટાઠ, બ્લડ સ્ટોરેજ અને લેબોરેટરી, મેડિકલ સ્ટોર વગેરેથી સજ્જ સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલમાં પ્રથમ વખત સીઝેરિયન દ્વારા સફળ પ્રસૂતિ ડો. રોબિનસિંગનાં માર્ગદર્શન હેઠળ ગાયનેકોલોજિસ્ટ ડૉ. હિનલ ચોધરી અને એનેસ્થેસિસ્ટ ડો. મિનિતા પ્રજાપતિ દ્વારા કરાવવામાં આવી હતી. રાપર આજુબાજુમાં સો કિ.મી. સુધીના વિસ્તારમાં ક્યાંય આયુષમાનકાર્ડ એપ્રૂવ્ડ હોસ્પિટલ ન હોવાથી ઘણીવાર સગર્ભા સ્ત્રીઓને હોસ્પિટલ સુધી પહોંચતા પહેલાં જ કેસ બગડી જતા હોય છે, ત્યારે સ્થાનિકે આ સુવિધા આશિર્વાદ સમાન હોવાનું પ્રસૂતા માતાએ જણાવ્યું હતું. રાપર સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલમાં પીડિયાટ્રિશિયન (બાળરોગ નિષ્ણાત)ની જગ્યા ભરવામાં આવે, તો સોનામાં સુગંધ ભળે અને નવજાત શિશુને સ્થાનિકે જ જરૂરી સારવાર મળી રહે, જેથી આગળના ધક્કા અને માતા અને બાળકનો જીવ બચાવી શકાય તેમ ડો. હિનલ ચોધરીએ જણાવ્યું હતું.

આ સફળ સર્જરીમાં મેલ નર્સ ડાહ્યાભાઈ મકવાણા, ચંદ્રેશ દરજી, દિલીપભાઈ, ખીમાભાઇ. સવિતાબેન વગેરે સહયોગી બન્યાં હતા. હાલ પૂરતો સ્ટાફ હોવાથી અલગ અલગ વિભાગના રોજની અઢીસો ઉપરની ઓપીડી હોવાનું જાણવા મળે છે.

# કચ્છમાં પવિત્ર પુરૂષોત્તમ માસ નિમિતે શહેરી સોસાયટીઓથી લઇ ગ્રામીણ વિસ્તારો બન્યા વૈકુંઠધામ

### સરહદી જિલ્લાના ખૂણે-ખૂણામાં કાંઠાગોર પૂજન, વનભોજન અને અન્નકૂટ મનોરથની રમઝટ





ભુજ - કચ્છઉદય : સરહદી કચ્છ જિલ્લામાં પણ પવિત્ર અધિક પુરુષોત્તમ માસ નિમિત્તે ભારે ભક્તિભાવ પૂર્વકનો માહોલ જોવા મળી રહ્યો છે. ભુજ, ગાંધીધામ, અંજાર અને માંડવી જેવા શહેરી વિસ્તારોની સોસાયટીઓથી લઈને વાગડ, અબડાસા અને નખત્રાણાના ગ્રામીણ વિસ્તારો સુધી ઠેર-ઠેર ધાર્મિક કાર્યક્રમોનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. આજના આધુનિક અને દોડધામભર્યા યુગમાં પણ કચ્છની મહિલાઓએ આખો મહિનો સમય કાઢીને કાંઠાગોરની પૂજા, ખેતર ખેડવું અને પુરુષોત્તમ ભગવાનની આરાધના કરીને ભારતીય સંસ્કૃતિ અને કચ્છી પરંપરાને અકબંધ રાખી છે. મહિલાઓના ભારે ઉત્સાહ અને ભક્તિને કારણે કચ્છની સોસાયટીઓ અને ગામના પાદરો જાણે સાક્ષાત્ વૈકુંઠધામ બન્યા હોય તેવો દિવ્ય અહેસાસ થઈ રહ્યો છે.

કચ્છના શહેરી વિસ્તારોની જુદી જુદી સોસાયટીઓમાં સવારના નવ વાગતા જ મહિલાઓ પરંપરાગત વસ્ત્રો ધારણ કરીને એકત્રિત થઈ જાય છે. સોસાયટીના કોમન પ્લોટ કે મંદિર પરિસરમાં માટી અને રેતીમાંથી કાંઠાગોરનું સ્થાપન કરીને વિધિવત્ પૂજા કરવામાં આવે છે. આ પૂજા દરમિયાન નાની બાળાઓથી લઈને વયોવૃદ્ધ માતાઓ સાથે મળીને આંબુડું જાંબુડું, કેરી ને કોઠીમડું, રાયદામોદર નોતર્યા, વાડી રાજા રામની જેવા પરંપરાગત ગીતો અને વાર્તાઓનું શ્રવણ કરે છે.

શહેરોની સરખામણીએ કચ્છના ગ્રામીણ વિસ્તારોમાં પુરુષોત્તમ માસનો ઉત્સાહ બેવડો જોવા મળી રહ્યો છે. ગામડાઓમાં વહેલી સવારે નદી-તળાવે સ્નાન કરવાનો અને પીપળાના વૃક્ષને જળ ચડાવવાનો મહિમા આજે પણ એવો જ અકબંધ છે. પવિત્ર એકાદશીના દિવસે વિવિધ સોસાયટીઓ અને મંડળો દ્વારા ભગવાન પુરુષોત્તમ સમક્ષ છપ્પનભોગ અને ફરાળી અન્નકૂટના ભવ્ય મનોરથો યોજાયા હતા. કાંઠાગોર પૂજનમાં ખેતર ખેડ્યા બાદ જે અનાજ એકઠું થાય છે તેને ચકલાં અને પક્ષીઓને ચણ તરીકે નાખીને કચ્છીઓએ પોતાની જીવદયાની પરંપરાને સાર્થક કરી છે. આ સિવાય પૂજા દરમિયાન એકત્રિત થતી દાનની રકમ સ્થાનિક ગૌશાળાઓમાં ગાયોના ઘાસચારા માટે અર્પણ કરવાનો ઉમદા સંકલ્પ પણ લેવાયો છે.

અધિક માસમાં વનભોજન અને પવિત્ર સ્નાનનું વિશેષ મહત્વ હોવાથી કચ્છી પરિવારો દ્વારા માંડવી અને પિંગળેશ્વરના દરિયાકિનારે અથવા સ્થાનિક પવિત્ર નદી-તળાવો પર જઈને સમૂહ સ્નાન અને ભજન-કીર્તનના આયોજનો કરાયા છે. ગ્રામીણ વિસ્તારોમાં સીમ-વગડામાં ઘટાદાર વૃક્ષોની નીચે વનભોજનના મનોરથો યોજીને ભગવાન શ્રીકૃષ્ણની બાળલીલાઓને યાદ કરવામાં આવી રહી છે.

ધાર્મિક વિધિઓની સાથે સાથે સોસાયટી પરિસરોમાં તુલસી, બીલીપત્ર અને પારિજાત જેવા પવિત્ર છોડ વાવીને પર્યાવરણ જતનનો સંદેશ પણ આપવામાં આવી રહ્યો છે. આમ, સમગ્ર કચ્છ જિલ્લો હાલ પુરુષોત્તમ ભગવાનની ભક્તિના રંગે રંગાયો છે અને આ ઉત્સવ પરિવારો તથા સમાજને એકતાના તાંતણે બાંધવાનું સબળ માધ્યમ બન્યો છે.

# રાપર ભાજપ અનુ.જાતિ મોરચા દ્વારા અંતર્ગત સફાઇ અભિયાન હાથ ધરાયું



રાપર - કચ્છ ઉદય : વડાપ્રધાન નરેન્દ્ર મોદી સરકારના આવીરત ૧૨ વર્ષ વિશ્વાસ વિકાસ અને જનકલ્યાણના કાર્યક્રમો અંતર્ગત દરિયાસ્થાન રાપર સંત ત્રિકમ સાહેબ મંદિર સફાઈ અભિયાન કાર્યક્રમ રાપર શહેર એસ.સી મોરચો બીજેપી તથા રાપર શહેર બીજેપી દ્વારા કાર્યક્રમ યોજાયો હતો. જેમાં જિલ્લા ભાજપ ના મંત્રી ઉમેશભાઈ સોની, લાલજીભાઇ કારોત્રા, ધારાસભ્યના પીએ વિનુભાઈ થાનકી, નગરપાલિકાના પ્રમુખ ચાંદભાઈ, ભરતભાઈ ઠક્કર, ભીખુભા સોઢા, મનજીભાઈ પટેલ, જનખાન બ્લોચ, ગુમાનસિંહ સોઢા કાર્યક્રમના ઈન્ચાર્જ હઠુભા સોઢા, કાનજીભાઈ આહિર, એસસી મોર્ચાના આંબાભાઈ મુછડીયા, દિનેશભાઈ રાઠોડ, ઉકાભાઇ મુછડીયા, રામજીભાઈ મુછડીયા, રમેશભાઈ મેરીયા, વિજયભાઈ ચૌહાણ, રાણાભાઇ પરમાર, દુધાભાઈ, પ્રવીણભાઈ ચૌહાણ, ભરતભાઈ ધેયડા વગેરે કાર્યકરો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# નખત્રાણા તાલુકા મહેશ્વરી સમાજની સામાન્ય સભા મળી



ભુજ - કચ્છઉદય : નખત્રાણા તાલુકા મહેશ્વરીની સમાજવાડી વાડી જનરલ સમાજની બેઠકમાં વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. બેઠકમાં હિસાબ- કિતાબ સાથે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં અંગીયા તાલુકા પંચાયત પરથી ચૂંટાયેલા સદસ્ય મનીષભાઈ મહેશ્વરી, કચ્છ જિલ્લા કોંગ્રેસ અનુસૂચિત વિભાગના ચેરમેન તરીકે નરેશ કે. ફુલિયાની નિયુક્તિ તેમજ નખત્રાણા તાલુકા ભાજપ અનુસૂચિત જાતિ મોરચાના પ્રમુખ તરીકે શાંતિલાલ ફુલિયાની વરણી થવા બદલ સમાજ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. સ્મશાનભૂમિની જમીન મંજૂર કરાવવા બદલ તાલુકા સમિતિના પ્રમુખ, મહામંત્રીનું સન્માન કરાયું હતું. બેઠકમાં સમાજના તેજસ્વી તારલાઓનું આગામી



સમયમાં સન્માન કાર્યક્રમ યોજવાનું નિર્ધારીત કરાયું હતું.

મિટીંગમાં પ્રમુખ હિતેશ મહેશ્વરી, મહામંત્રી મનીષ ડગરા, શાંતિલાલ ફુલિયા, નરેશ મહેશ્વરી, ભીમજીભાઈ ફુલિયા, દિલીપ કોચરા, ચંદ્રકાંત ફુલિયા, લખુભાઈ ડગરા, હરેશ ડગરા, શામજી ધુવા, શંકર મહેશ્વરી, ભરત મહેશ્વરી, મીઠુભાઈ મહેશ્વરી, રાજેશ જેપાર, પ્રહલાદ ફુલિયા, વેલજી જેપાર, દામજીભાઈ, કાનજીભાઈ, દિનેશભાઈ, સુમારભાઈ, મોહનભાઈ, જયેશ ધુવા, જયેશ ફુલિયા, પચાણભાઈ, હરેશ ધેડા, અનિલ મહેશ્વરી વગેરે જોડાયા હતા.

# આર્ષ અધ્યયન કેન્દ્રની શિબિરમાં બાળકોએ જ્ઞાન, વિજ્ઞાન અને પર્યાવરણની મેળવી સમજ

## એક હાથમાં ભગવદ્ ગીતા અને બીજા હાથમાં વિજ્ઞાનના પ્રયોગો : બાળકોએ લીધો પ્રકૃતિ રક્ષાનો સંકલ્પ : માધાપર ખાતે આયોજીત સંસ્કાર શિબિરમાં ખીલી બાળકોની પ્રતિભા

ભુજ - કચ્છઉદય : માધાપર સ્થિત આર્ષ અધ્યયન કેન્દ્ર દ્વારા ઓધવ બાગ-૨ ખાતે ૮થી ૧૫ વર્ષના બાળકો માટે આયોજિત છ દિવસીય 'બાળ પ્રતિભા સંસ્કાર શિબિર' ઉત્સાહભેર સંપન્ન થઈ છે. ૧થી ૬ જૂન દરમિયાન દરરોજ સાંજે યોજાયેલી શિબિરનો મુખ્ય ઉદ્દેશ્ય નવી પેઢીમાં ઉચ્ચ સંસ્કારોનું સિંચન કરવાનો, તેમનો સર્વાંગી વિકાસ કરવો અને ભવિષ્ય ઉજ્જવળ બનાવવાનો હતો. શિબિર દરમિયાન દરરોજ બાળકોને સ્વાદિષ્ટ અને પૌષ્ટિક પ્રસાદ પીરસવામાં આવ્યો હતો, અને અંતિમ દિવસે પૂજ્ય સ્વામીજીએ દરેક બાળકને આશીર્વાદરૂપે જીવનોપયોગી કિટ અર્પણ કરી પ્રોત્સાહિત કર્યા હતા.

શિબિર દરમિયાન બાળકોને વિવિધ ક્ષેત્રના નિષ્ણાતો દ્વારા અમૂલ્ય માર્ગદર્શન મળ્યું હતું. આર્ષ અધ્યયન કેન્દ્રના આચાર્ય પૂજ્ય સ્વામી પ્રદીપ્તાનંદ સરસ્વતીજીએ બાળકોને શ્રીમદ્ ભગવદ્ ગીતાના પાવન સંસ્કારોનું રસપાન કરાવ્યું હતું. આ સાથે વિજ્ઞાન પ્રત્યે રૂચિ કેળવાય તે માટે વિજ્ઞાન શિક્ષક



હિરેનભાઈ રાઠોડ દ્વારા 'ગમ્મત સાથે વિજ્ઞાન' અંતર્ગત અવનવા પ્રયોગો રજૂ કરવામાં આવ્યા હતા.

શિબિરમાં નિવૃત્ત શિક્ષિકા પ્રફુલ્લાબહેન મહેતાએ પ્રેરણાત્મક વાર્તાઓ અને કીર્તન, ધૂન દ્વારા બાળકોમાં ભક્તિભાવ જગાડ્યો હતો, અને જ્ઞાનની સરવાણી કરી હતી. યોગ શિક્ષક નિશાબેન ગોર દ્વારા બાળકોના શારીરિક અને માનસિક વિકાસ માટે રોજ યોગાસનો કરાવવામાં આવ્યા હતા. ઉપરાંત રમતગમત અને રોચક પ્રશ્નોત્તરી દ્વારા બાળકોને સામાન્ય જ્ઞાન પણ પુરૂ પાડવામાં આવ્યું હતું. પ્રતિભાશાળી બાળકોએ શિવ તાંડવઃ સ્ત્રોત પર યોગા રજૂ કરીને શારીરિક કૌશલ્યનું દર્શન કરાવ્યું હતું.શિબિર દરમિયાન 'વિશ્વ પર્યાવરણ દિવસ' ની વિશેષ ઉજવણી કરવામાં આવી હતી. જાણીતા કટાર લેખક અને રાષ્ટ્રીય એવોર્ડ વિજેતા ઈકો જર્નાલિસ્ટ રોનકભાઈ ગજ્જરે ડિજિટલ પ્રેઝન્ટેશન દ્વારા બાળકોને પર્યાવરણ બચાવવાની સરળ અને રસપ્રદ માહિતી આપી હતી. આ પ્રેરણાથી પ્રભાવિત થઈને શિબિરના બાળકોએ 'એક પેડ સ્વામીજી કે નામ' નો સંકલ્પ લઈ પ્રકૃતિ પ્રત્યે પોતાની અતૂટ પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

પૂજ્ય પ્રદીપ્તાનંદ સ્વામીજીએ જણાવ્યું હતું કે, બાળકો દેશનું ભવિષ્ય છે અને તેઓ પોતાના ધર્મ, સંસ્કારોને ઓળખે તે માટે આ શિબિર દર વર્ષે યોજાય છે. શિબિરના સફળ સમાપન બાદ આ સંસ્કાર યાત્રા અવિરત ચાલુ રહે તે હેતુથી ૧૪ જૂન, રવિવારથી દર રવિવારે સવારે ૯થી ૧૦ વાગ્યા દરમિયાન 'બાળ પ્રતિભા સંસ્કાર નિયમિત વર્ગ'નું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ૧૦થી ૧૫ વર્ષના બાળકો જોડાઈ શકશે.

# ભોજાય સર્વોદય ટ્રસ્ટ અને સાહિત્યકાર મોહન પરમાર એવોર્ડ અપાશે

## દર્શક ફાઉન્ડેશનના એવોર્ડ અર્પણ સમારોહ યોજાશે : રઘુવીર ચૌધરીના અધ્યક્ષસ્થાને યોજનારા સમારોહમાં રાજ્યભરના સાહિત્યકારો, શિક્ષણવિદો અને સમાજસેવકો રહેશે ઉપસ્થિત

ભુજ - કચ્છઉદય : ગુજરાતી સાહિત્ય, શિક્ષણ અને ગ્રામ વિકાસના ક્ષેત્રમાં નોંધપાત્ર યોગદાન આપનાર વ્યક્તિઓ અને સંસ્થાઓને પ્રોત્સાહિત કરવાના હેતુથી કાર્યરત મનુભાઈ પંચોળી 'દર્શક' ફાઉન્ડેશન દ્વારા વર્ષ-૨૦૨૫ના પ્રતિષ્ઠિત એવોર્ડ અર્પણ સમારોહનું આયોજન આગામી ૧૩ જૂનના રોજ કરવામાં આવ્યું છે. આ સમારોહમાં સમાજસેવા અને ગ્રામ પુનર્રચનાના ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી બદલ ભોજાય સર્વોદય ટ્રસ્ટ તેમજ ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે સમગ્ર સર્જનાત્મક યોગદાન બદલ જાણીતા સાહિત્યકાર મોહન પરમારને સન્માનિત કરવામાં આવશે.

દર્શન, સંવેદના અને સમાજ પ્રત્યેની પ્રતિબદ્ધતાને કેન્દ્રમાં રાખી કાર્યરત દર્શક ફાઉન્ડેશન દ્વારા દર વર્ષે વિવિધ ક્ષેત્રોમાં અનોખું યોગદાન આપનાર વ્યક્તિઓ અને સંસ્થાઓને સન્માનિત કરવામાં આવે છે. આ વર્ષે ગ્રામ પુનર્રચના એવોર્ડ માટે ભોજાય સર્વોદય ટ્રસ્ટની પસંદગી કરવામાં આવી છે. મહિલાઓના આરોગ્ય, માનસિક વિકલાંગ બાળકોના પુનર્વસન અને તેમને સ્વનિર્ભર બનાવવાના પ્રયાસો ઉપરાંત તબીબી અને માનવસેવાના અનેક ક્ષેત્રોમાં સંસ્થાએ કરેલી કામગીરીને ધ્યાને લઈ આ એવોર્ડ એનાયત કરવામાં આવશે.

ગુજરાતી સાહિત્ય જગતમાં પોતાના આગવા સર્જન દ્વારા વિશિષ્ટ સ્થાન ધરાવતા મોહન પરમારને તેમના સમગ્ર સાહિત્ય સર્જન બદલ સન્માનિત કરવામાં આવશે. તેમની રચનાઓમાં સમાજજીવનની વાસ્તવિકતા, માનવીય સંવેદનાઓ અને જીવનમૂલ્યોનું અસરકારક પ્રતિબિંબ જોવા મળે છે. તેમના સર્જનને મળનારું આ સન્માન ગુજરાતી સાહિત્ય જગત માટે ગૌરવની બાબત માનવામાં આવે છે.

તા. ૧૩ જૂને સાંજે ૪:૩૦ વાગ્યે યોજાનારા આ સમારોહનું અધ્યક્ષસ્થાન જ્ઞાનપીઠ પુરસ્કાર વિજેતા અને ગુજરાતી સાહિત્યના અગ્રણી સર્જક રઘુવીર ચૌધરી સંભાળશે. કાર્યક્રમમાં જાણીતા સાહિત્યકાર મનસુખભાઈ સલ્લા અને પ્રકાશભાઈ શાહ વિશેષ પ્રવચન આપશે. લાલ રાંભિયાની દ્વારા સ્તુતિગાનથી કાર્યક્રમનો પ્રારંભ થશે, જ્યારે મહેન્દ્રસિંહ પરમાર સમારોહની પ્રાસંગિક ભૂમિકા રજૂ કરશે.

અજય રાવલ દ્વારા મોહન પરમારનો પરિચય આપવામાં આવશે, જ્યારે હરેશ ધોળકિયા ભોજાય સર્વોદય ટ્રસ્ટની સેવાપ્રવૃત્તિઓ અને સમાજહિતના કાર્યોની ઝાંખી રજૂ કરશે. સમારોહ દરમિયાન મોહન પરમાર અને લીલાધર ગડા 'અધા' પોતાના પ્રતિભાવો વ્યક્ત કરશે. ડો. કૌશિક શાહ, મનસુખભાઈ સલ્લા અને પ્રકાશભાઈ શાહ પ્રારંભિક ઉદ્બોધન આપશે, જ્યારે અંતે રઘુવીર ચૌધરીનું અધ્યક્ષીય સંબોધન યોજાશે.

એવોર્ડ અર્પણ સમારોહ બાદ સંગીત સંધ્યાનું પણ આયોજન કરવામાં આવ્યું છે, જે કાર્યક્રમને સાંસ્કૃતિક સ્પર્શ આપશે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન રમજાન હસણિયા કરશે.

દર્શક ફાઉન્ડેશનના પ્રમુખ મધુકર પારેખ તેમજ ટ્રસ્ટીઓ પ્રકાશ ન. શાહ, રઘુવીર ચૌધરી, મનસુખ સલ્લા, મહેન્દ્રસિંહ પરમાર, અજય રાવલ અને સંજય ચૌધરીએ સાહિત્યપ્રેમીઓ, શિક્ષણવિદો, સમાજસેવકો અને જાગૃત નાગરિકોને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી આ ગૌરવપૂર્ણ પ્રસંગના સાક્ષી બનવા આમંત્રણ પાઠવ્યું છે.

# પુનરાજપરમાં ખેડૂતોની બેઠકમાં જમીન પ્રશ્ને ઉકેલ નહીં આવે તો આંદોલનની ચેતવણી

દયાપર - કચ્છઉદય : પુનરાજપર-લખપત લિગ્નાઈટ ખાણના નવા પ્રોજેક્ટને લઈને ઊભા થયેલા વિવાદ વચ્ચે પુનરાજપર ગામમાં ખેડૂતોની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. બેઠકમાં ખેડૂતોના જમીન સંબંધિત પ્રશ્નોનું તાત્કાલિક નિરાકરણ લાવવાની માંગ સાથે આગામી દિવસોમાં ઉગ્ર આંદોલન માટે તૈયાર રહેવાનો નિર્ણય લેવાયો હતો. તાજેતરમાં નખત્રાણા ખાતે પ્રાંત અધિકારીની ઉપસ્થિતિમાં યોજાયેલી બેઠકમાં પુનરાજપરના ગ્રામજનોએ પ્રોજેક્ટ સામે વિરોધ નોંધાવ્યો હતો. તેમ છતાં જીએમડીસી દ્વારા પોલીસ બંદોબસ્ત વચ્ચે કામગીરી શરૂ કરાતા ગ્રામજનોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. થોડા દિવસો અગાઉ ખાણ વિસ્તારમાં મશીનરી સાથે કામગીરી શરૂ કરવાના પ્રયાસ દરમિયાન ગ્રામજનો અને તંત્ર વચ્ચે તંગદિલી સર્જાઈ હતી.

બેઠકમાં જિલ્લા પંચાયતના પૂર્વ સભ્ય હઠુભા સોઢાએ જણાવ્યું હતું કે ખેડૂતોને વર્ષો અગાઉ ફાળવાયેલી અનેક જમીનોની આજદિન સુધી યોગ્ય માપણી થઈ નથી અને કેટલીક જમીનો રેવન્યુ નકશામાં પણ સ્પષ્ટ રીતે દર્શાવવામાં આવી નથી. આવા સંજોગોમાં ખેડૂતોના પ્રશ્નોનું નિરાકરણ લાવ્યા વગર ખાણ પ્રોજેક્ટની કામગીરી શરૂ કરવી યોગ્ય નથી.અગાઉ જિલ્લા કલેક્ટર સહિતના ઉચ્ચ અધિકારીઓ સમક્ષ અનેક વખત રજૂઆતો કરવામાં આવી છે. તેમ છતાં ખેડૂતોના પ્રશ્નો અંગે કોઈ હકારાત્મક નિર્ણય લેવામાં આવ્યો નથી. જેના કારણે હવે ખેડૂતોમાં અસંતોષની લાગણી વધુ પ્રબળ બની છે.

બેઠકમાં ઉપસ્થિત ખેડૂતો અને આગેવાનોએ જણાવ્યું હતું કે જો આગામી બે-ચાર દિવસમાં જમીન સંબંધિત પ્રશ્નોનો યોગ્ય ઉકેલ નહીં આવે તો તાલુકા અને જિલ્લા કક્ષાના ખેડૂતો તથા વિવિધ સામાજિક સંગઠનોના સહયોગથી આંદોલન શરૂ કરવામાં આવશે. ખેડૂતોના હકો અને જમીનોના રક્ષણ માટે તમામ સ્તરે લડત લડવા પણ તૈયારી દર્શાવવામાં આવી હતી.

બેઠકમાં ક્ષત્રિય સમાજના પૂર્વ પ્રમુખ જેતમાલજી જાડેજા, પુનરાજપરના સરપંચ હમીરજી જાડેજા, ચાંદુભા જાડેજા સહિત ગામના આગેવાનો અને મોટી સંખ્યામાં ખેડૂતો હાજર રહ્યા હતા.

# આશાપુરા ફાઉન્ડેશન દ્વારા વેકેશનમાં શીશુશિબિરમાં ૧૬૩૩ બાળકો જોડાયા





## બાળકો મોબાઈલથી દુર રહે અને શારીરિક અને માનસિક વિકાસ થાય તે હેતુંથી માઈનીંગ ક્ષેત્રના ૪૨ ગામોમાં શીશુ શીબીરનું આયોજન

આશાપુરા ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝ સંચાલિત આશાપુરા ફાઉન્ડેશન દ્વારા વેકેશન દરમ્યાન બાળકોનો સર્વાંગી વિકાસ થાય અને થોડો સમય મોબાઈલથી દુર રહે અને શારીરિક અને માનસિક રીતે સક્રિય થાય એ હેતુથી માઈનીંગ ક્ષેત્રના ૪૨ ગામોમાં શીશુ શીબીરનું આયોજન કરવામાં આવ્યું હતું. ૧૩ એપ્રિલથી લેર અને શિણાયનગર ગામથી શીશુ શીબીરની શરૂઆત થઈ અને ૬ જુનના નુંધાતડ અને નાની બાલાચોડ ગામે સમાપન થયું હતું. બાળકોના નૈતિક વિકાસ માટે પ્રાર્થના, યોગ, પ્રાણાયામ, અર્થસભર વાર્તા, આંકડાકીય રમત, ક્રાફટ અને આર્ટ તેમ જ મેદાનની રમતો વગેરે પ્રવૃતિઓ કરાવવામાં આવી હતી. લખપત, અબડાસા, મુન્દ્રા, માંડવી અને ભુજ તાલુકાના ૪૨ ગામોના ૧૬૩૩ બાળકો જોડાયા હતા. દરેક ગામમાંથી શાળાના શિક્ષકો, ગામના મોભીઓનો સહકાર મળ્યો હતો. આશાપુરા ફાઉન્ડેશનના આસીસ્ટન્ટ મેનેજર હસ્મિતા ત્રિવેદીના નેજા હેઠળ વંદનાબેન ગોસ્વામી, જીજ્ઞાબેન બાલાપુરીયા, હીનાબેન ભટ્ટ, જીજ્ઞાબેન રબારી, મીરલબેન જોષી, લીલાબેન ગરવા, સંગીતાબેન પુરબિયા, આરતીબેન પ્રજાપતિ, રીધ્ધીબેન ઠક્કર, ભચીબેન, રીધ્ધીબા, મનીષાબેન, શીતલબેન વગેરે સભ્યોએ મહેનત કરી હતી. ફાઉન્ડેશનના ટ્રસ્ટી દીનાબેન ચેતનભાઈ શાહે ટીમની કામગીરીને બિરદાવી હતી. આશાપુરા ગ્રુપના મનનભાઈ શાહે બાળકોના વિકાસની પ્રવૃતિઓ નિયમિત થાય તેવું જણાવ્યું હતું.

## સત્રનો આરંભ

ચાલો બચુડા લઈ લો થેલો,
શાળામાં નવું ભણવા જઈએ.
વેકેશનની રમત પડતી મૂકી,
હસતાં - હસતાં ભણવા
જઈએ.
ઘરનાં માહોલથી દૂર થઈને,
દોસ્તો સાથે નિશાળે જઈએ.
વેકેશનની મોજમજા ભૂલીને,
મન લગાવી ભણવા જઈએ.
રજામાં ભેગી કરેલી ઊર્જાનો,
ભણવામાં સદ્‌ઉપયોગ કરીએ.
સરસ્વતી માતાને નમન કરીને,
નવાંસત્રનો શુભઆરંભ
કરીએ.
'નિશુ'કે નવસત્રે બમણાં જોશે,
ભણવાની નવ શરૂઆત
કરીએ..!

**- નિશા ભરતભાઈ ઠાકર 'નિશુ'**

# નખત્રાણામાં ઘાસચારાની ગંભીર અછતથી મૂંગા પશુઓ પર સંકટ

## દાતાઓની મદદ છતાં પરિસ્થિતિ વિકટ : કમોસમી વરસાદ, ઊધઈનો પ્રકોપ અને નિષ્ફળ પાકના કારણે લીલા-સૂકા ચારાની તંગી

નખત્રાણા - કચ્છઉદય : ગત વર્ષે પડેલા શ્રીકાર વરસાદના કારણે કચ્છના સીમાડાઓમાં ઘાસચારો પૂરતા પ્રમાણમાં ઉગી નીકળ્યો હતો, જેના કારણે ફાગણ માસ સુધી પશુઓને પૂરતો આહાર મળતો રહ્યો હતો. પરંતુ ચૈત્ર માસ દરમિયાન પડેલા કમોસમી વરસાદ (માવઠાં)ના કારણે આ જ ઘાસમાં ઊધઈનો પ્રકોપ ફેલાયો અને મોટા પ્રમાણમાં ઘાસ સડી જતાં હાલ ઘાસચારાની ગંભીર અછત ઊભી થઈ છે. પરિણામે મૂંગા પશુઓ ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે.

ઉનાળાની તીવ્ર ગરમીમાં સામાન્ય રીતે સીમાડાઓમાં કુદરતી ઘાસ સંપૂર્ણપણે ખતમ થઈ જાય છે અને તે સમયે દાતાઓ તથા ગૌસેવા સંસ્થાઓ દ્વારા ગાયો માટે ધર્માદા ઘાસની વ્યવસ્થા કરવામાં આવતી હોય છે. પરંતુ હાલ અધિક માસની સ્થિતિ વચ્ચે બજારમાં પણ જરૂરી પ્રમાણમાં લીલો કે સૂકો ચારો ઉપલબ્ધ ન હોવાથી ગૌસેવા પ્રવૃત્તિઓ પર ગંભીર અસર પડી છે. દાતાઓ પણ ચારા અભાવે નિરાશા વ્યક્ત કરી રહ્યા છે. મોટી વિરાણીના તરૂણભાઈ રાજદે ગૌસેવા માટે દાતાઓના સહયોગથી લીલો ચારો ખરીદી લખપત, અબડાસા અને નખત્રાણા તાલુકાની વિવિધ ગૌશાળાઓ તેમજ પશુપાલકો સુધી પહોંચાડવાની કામગીરી હાથ ધરી છે. છતાં બજારમાં પૂરતો ચારો ન મળતા "છતે પૈસે પણ ચારો નથી મળતો" તેવી ચિંતાજનક પરિસ્થિતિ સર્જાઈ છે, તેમ તેમણે જણાવ્યું હતું.

ભુજ અને માંડવી તાલુકામાં ઉનાળુ હાઈબ્રિડ જુવારના વાવેતરથી ચારા ઉત્પાદનની આશા હતી, પરંતુ નબળા બિયારણના કારણે આ પાક સંપૂર્ણપણે નિષ્ફળ ગયો છે. આ કારણે ખેડૂતોને એક તરફ આર્થિક નુકસાન અને બીજી તરફ પશુચારા સંકટનો બેવડો આઘાત સહન કરવો પડી રહ્યો છે. સમગ્ર વિસ્તારમાં હાલ "દાઝ્યા પર ડામ" જેવી ગંભીર સ્થિતિ સર્જાઈ છે, જેમાં પશુપાલન વ્યવસ્થા પણ સંકટમાં મુકાઈ છે.

# અધિક માસ નિમિતે મુંદરામાં ભગવાન સત્યનારાયણ મંદિરે વિશેષ પૂજા

મુંદરા - કચ્છઉદય : શહેરની ઓસવાળ શેરી સ્થિત ભગવાન સત્યનારાયણનું મંદિર ૧૦૪ વર્ષ જૂનું છે, જયાં અધિક -પુરૂષોતમ માસમાં વિશેષ પૂજા, સત્સંગ સહિતના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. મંદિરમાં મિતેશ મારાજે દ્વારા પૂજા અર્ચના કરવામાં આવી રહી છે. મહિલાઓ દ્વારા વિશેષ સત્સંગનું આયોજન કરવામાં આવે છે. અધિક માસ પ્રસંગે મુન્દ્રા વોર્ડ નંબર -૫ના કાઉન્સિલર રાજેશ કષ્ટા, પ્રકાશ ઠક્કર, સંયોજક પ્રણવ શાહ, જગદીશ કેસરિયા, રૂપેશ ઝાલાએ વિશેષ પૂજા અને સત્સંગનો લાભ લીધો હતો. મંદિરના પૂજારી રાકેશ ભટ્ટે ઉપસ્થિત મહેમાનોનું સ્વાગત કર્યું હતું.







# સંઘ શતાબ્દી નિમિત્તે 'સૂરમાળા' ઓડિયોનું ભવ્ય વિમોચન

## આજે સાંજે ૭ વાગ્યે સ્મૃતિવન મેમોરિયલના ઓડિટોરિયમ ખાતે કાર્યક્રમ યોજાશે : સ્મૃતિવન ઓડિટોરિયમમાં અખિલ ભારતીય સંગઠન મંત્રી અભિજીત ગોખલેના હસ્તે કાર્યક્રમ યોજાશે

ભુજ - કચ્છઉદય : રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના શતાબ્દી વર્ષને અનુલક્ષીને રચાયેલા પ્રેરણાદાયી ગીતોના ઓડિયો આલ્બમ સંઘ શતાબ્દીની સૂરમાળા'નું વિમોચન સોમવારે ભુજ ખાતે ભવ્ય સમારોહમાં કરવામાં આવશે. રંગમંચ અને લલિત કલાઓને સમર્પિત અખિલ ભારતીય સંસ્થા સંસ્કારભારતી, કચ્છ જિલ્લા સમિતિના ઉપક્રમે યોજાનારા આ કાર્યક્રમમાં અખિલ ભારતીય સંગઠન મંત્રી અભિજીત ગોખલે મુખ્ય હસ્તે ઓડિયોનું વિમોચન કરશે.

કાર્યક્રમમાં સંઘચાલક કચ્છ વિભાગ હિંમતસિંહજી વસણ અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેશે. સંઘની શતાબ્દી યાત્રાને સંગીતના માધ્યમથી રજૂ કરવાનો અનોખો પ્રયાસ આ ઓડિયો આલ્બમમાં કરવામાં આવ્યો છે. સંઘની સ્થાપનાથી લઈને ભારતને વિશ્વગુરુ બનાવવાના સંકલ્પ સુધીની વિચારયાત્રાને વિવિધ ગીતોમાં અભિવ્યક્ત કરવામાં આવી છે.

અંગદાન જાગૃતિ અભિયાનના પ્રેરક દિલીપભાઈ દેશમુખની પ્રેરણાથી તૈયાર કરાયેલા આ ગીતોને કચ્છના જાણીતા ગાયકો અને સંગીતકારોએ પોતાના સ્વર અને સંગીતથી સજીવન બનાવ્યા છે. મીત સચદે, પ્રગતિ વોરા, અનિરુદ્ધ આહીર, નંદલાલ છાંગા, ઋષિકેશ પંત્રા અને સારંગ અધિકારીના સંકલન અને સમૂહ સ્વરમાં આ ગીતોની રજૂઆત કરવામાં આવી છે.

કાર્યક્રમ દરમિયાન સંગીતપ્રેમીઓ માટે વિશેષ સાંસ્કૃતિક રજૂઆતોનું પણ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં જાણીતા કલાકારો ઉપરાંત ઉદીશ વોરા અને હરમન ઝાલા દ્વારા પણ સંઘપ્રેરિત ગીતોની જીવંત રજૂઆત કરવામાં આવશે. સંગીત, રાષ્ટ્રભાવના અને સાંસ્કૃતિક અભિવ્યક્તિનો સમન્વય કરતો આ કાર્યક્રમ ભુજના સાંસ્કૃતિક જીવનમાં વિશેષ આકર્ષણનું કેન્દ્ર બનશે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી રહી છે. આજે ૮ જૂનના સાંજે ૭ વાગ્યે સ્મૃતિવન મેમોરિયલના ઓડિટોરિયમ ખાતે યોજાશે. સંસ્કારભારતી કચ્છના અધ્યક્ષ પ્રકાશ ગોસ્વામીએ સ્વયંસેવકો, કલા-રસિકો તેમજ જાહેર જનતાને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવવા અનુરોધ કર્યો છે.

# ભારતે અફઘાનિસ્તાનને ફોલોઓન આપ્યું

**અફઘાનિસ્તાન ૧૫૨ રનમાં ઓલઆઉટ : ઈન્ડિયાને પહેલી ઈનિંગ્સમાં ૪૧૨ રનની લીડ : ડેબ્યૂ મેચમાં માનવ સુથારે ૬ વિકેટ ઝડપી**

(એજન્સી દ્વારા)

ન્યુ ચંદીગઢ : ભારતે ન્યૂ ચંદીગઢ ટેસ્ટમાં અફઘાનિસ્તાનને ફોલોઓન રમવા માટે મજબૂર કરી દીધું છે. બીજી ઈનિંગ્સમાં અફઘાન ટીમનો સ્કોર ૬ ઓવરમાં ૨૧/૦ છે. ટીમ તરફથી સેદીકુલ્લાહ અટલ અને અબ્દુલ મલિક ક્રિઝ પર છે.

મેચના ત્રીજા દિવસે સોમવારે અફઘાનિસ્તાને ૧૧૩/૫ના સ્કોરથી આગળ રમવાનું શરૂ કર્યું હતું અને ટીમ ૧૫૨ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. આ રીતે ટીમ ઈન્ડિયાને પહેલી ઈનિંગ્સમાં ૪૧૨ રનની લીડ મળી હતી. રહેમત શાહે સૌથી વધુ ૬૦ રન બનાવ્યા હતા.





ઈન્ડિયન ટીમ તરફથી ડેબ્યૂ મેચ રમી રહેલા માનવ સુથારે ૬ વિકેટ ઝડપી હતી. પ્રસિદ્ધ ક્રિષ્નાને ૩ વિકેટ મળી હતી. ભારતીય ટીમે પોતાની પહેલી ઈનિંગ્સ ૫૬૪/૮ના સ્કોર પર ડિક્લેર કરી હતી.

ત્રીજા દિવસનો પહેલો સેશન ભારતીય ટીમને નામ રહ્યો હતો. ૩૨.૧ ઓવરના આ સેશનમાં અફઘાનિસ્તાને ૫૭ રન બનાવવામાં ૫ વિકેટ ગુમાવી દીધી. આ દરમિયાન અફઘાની ટીમ પહેલી ઈનિંગ્સમાં ૧૫૨ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી.

## ‘એના માટે કંઈ પણ સહેલુ નથી...’, કેપ્ટન્સી ગુમાવનાર સૂર્યકુમાર યાદવની પડખે આવ્યો હિટમેન

(એજન્સી દ્વારા)

મુંબઈ : સૂર્યકુમાર યાદવને ભારતીય ટી૨૦ ટીમના કેપ્ટન પદેથી હટાવ્યા બાદ રોહિત શર્માની પ્રથમ પ્રતિક્રિયા સામે આવી છે. રોહિત આ મુશ્કેલ સમયમાં સૂર્યાના સમર્થનમાં જોવા મળ્યો હતો. તેણે જણાવ્યું કે સૂર્યકુમાર યાદવ માટે આ સફરમાં કંઈપણ સરળ રહ્યું નથી. શનિવારે બપોરે બીસીસીઆઈએ શ્રેયસ અય્યરને ભારતીય ટી૨૦ ટીમનો નવો કેપ્ટન નિયુક્ત કર્યો છે. સૂર્યાની કેપ્ટનશીપમાં ભારતે થોડા મહિના પહેલા જ ટી૨૦ વર્લ્ડ કપનો ખિતાબ જીતીને ઈતિહાસ રચ્યો હતો. ભારત બેક-ટુ-બેક ૨ ટી૨૦ વર્લ્ડ કપ જીતનારો વિશ્વનો પ્રથમ દેશ બન્યો હતો, આ ઉપરાંત ટીમ ઈન્ડિયા હોમ ગ્રાઉન્ડ પર ટી૨૦ વર્લ્ડ કપની ટ્રોફી જીતનારી પણ પ્રથમ ટીમ બની હતી. આટલી શાનદાર સફળતા અપાવવા છતાં સૂર્યાને કેપ્ટન પદેથી હટાવી દેવાયા છે.



સૂર્યા સાથે પણ એવો જ વ્યવહાર થયો જેવો પૂર્વ કેપ્ટન રોહિત શર્મા સાથે થયો હતો. રોહિત શર્માએ ભારતને ૨૦૨૫ ચેમ્પિયન્સ ટ્રોફી જીતાડી હતી, પરંતુ તે ટૂર્નામેન્ટના તરત જ બાદ તેની પાસેથી કેપ્ટનશીપ છીનવી લેવામાં આવી હતી અને શુભમન ગિલને વનડે ટીમનો કેપ્ટન બનાવવામાં આવ્યો હતો.

શનિવારે ટી૨૦ મુંબઈ લીગના એક કાર્યક્રમ દરમિયાન વાતચીત કરતી વખતે રોહિત શર્માએ સૂર્યકુમારની સર્વોચ્ચ શિખર સુધીની સફર વિશે જણાવ્યું હતું કે, ‘તેણે એ મહેનત અને સમર્પણને હાઈલાઈટ કર્યું જેના કારણે સૂર્યાને ૩૦ વર્ષની ઉંમરે ભારતીય ટીમમાં જગ્યા મળી અને અંતે તેણે ટીમને ટી૨૦ વર્લ્ડ કપ જીતાડ્યો. રોહિતે કહ્યું, ‘મને પૂરી ખાતરી છે કે કંઈપણ સરળ રહ્યું નથી, ખાસ કરીને સૂર્યા માટે. જો હું ભૂલતો ન હોઉં તો તેણે ૩૦ કે ૩૧ વર્ષની ઉંમરે ભારત માટે ડેબ્યૂ કર્યું હતું, જેનો અર્થ એ છે કે, તેણે ક્યારેય હાર માની નહોતી. તે હંમેશાં મેદાનમાં ટકી રહેવા માંગતો હતો અને જ્યારે તક મળી, ત્યારે તે તેને બંને હાથે ઝડપી લેવા માંગતો હતો, અને તેણે એવું જ કર્યું.’

## ફ્રેન્ચ ઓપન ૨૦૨૬ ના નવા કિંગ બન્યા એલેક્ઝેન્ડર ઝ્વેરેવ

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : જર્મનીના ટેનિસ સ્ટાર એલેક્ઝેન્ડર ઝ્વેરેવે ઈતિહાસ રચી દીધો છે. ફ્રેન્ચ ઓપન ૨૦૨૬ ની પુરુષ સિંગલ્સના રોમાંચક ફાઈનલ મુકાબલામાં વર્લ્ડ નંબર ત્રણ ઝ્વેરેવે ઈટાલીના ફ્લેવિયો કોબોલીને હરાવીને પોતાના કરિયરનું સર્વપ્રથમ ગ્રાન્ડ સ્લેમ ટાઈટલ જીતી લીધું છે. ટેનિસ જગતના સૌથી પ્રતિષ્ઠિત ટૂર્નામેન્ટ્સમાંના એક એવા ફ્રેન્ચ ઓપન ૨૦૨૬ને તેનો નવો રાજા મળી ગયો છે. જર્મનીના સ્ટાર ટેનિસ ખેલાડી એલેક્ઝેન્ડર ઝ્વેરેવે આખરે વર્ષોની રાહ અને ત્રણ મોટી હારના આઘાતને પાછળ છોડીને ઈતિહાસ રચી દીધો છે. ફ્રાન્સની રાજધાની પેરિસમાં આવેલી રોલાં ગેરોની લાલ માટી પર રમાયેલા પુરુષ સિંગલ્સના ફાઈનલ મુકાબલામાં ઝ્વેરેવે શાનદાર પ્રદર્શન કરીને પોતાના કરિયરનું પ્રથમ ગ્રાન્ડ સ્લેમ ટાઈટલ પોતાના નામે કર્યું છે. આ ઐતિહાસિક વિજય સાથે જ તેઓ ફ્રેન્ચ ઓપન જીતનારા પ્રથમ જર્મન પુરુષ ખેલાડી બની ગયા છે. ફ્રેન્ચ ઓપનના મેન્સ સિંગલ્સના



ફાઈનલમાં વિશ્વના ત્રીજા નંબરના ખેલાડી એલેક્ઝેન્ડર ઝ્વેરેવ અને શાનદાર ફોર્મમાં ચાલી રહેલા ઈટાલીના ફ્લેવિયો કોબોલી વચ્ચે ટાઈટલ જીતવા માટે લોહીપાણી એક કરી દેનારો મુકાબલો ખેલાયો હતો. બંને ખેલાડીઓએ એક-એક પોઈન્ટ માટે જબરદસ્ત સંઘર્ષ કર્યો હતો. ઝ્વેરેવે આ મેચ કોબોલી સામે ૬-૧, ૪-૬, ૬-૪, ૬-૭ (૫), ૬-૧ ના સ્કોરથી જીતી લીધી હતી. ચોથો સેટ ટાઈબ્રેકરમાં હાર્યા બાદ પણ જર્મન સ્ટારે હિંમત ન હારી અને પાંચમા સેટમાં કોબોલીને સંપૂર્ણપણે બેકફૂટ પર ધકેલીને મેચ જીતી લીધી.

## સફળ કેપ્ટનશિપ, બે આઈપીએલ ટાઈટલ, છતાં પણ કેમ રજત પાટીદારને ટીમમાં સ્થાન નહીં, અગરકરે આપ્યો જવાબ

(એજન્સી દ્વારા)

મુંબઈ : આયર્લેન્ડ, ઈંગ્લેન્ડ અને એશિયન ગેમ્સ માટે થયેલી ટીમ ઈન્ડિયાની પસંદગીમાં પહેલીવાર વૈભવ સૂર્યવંશી અને મીડિયમ પેસર પ્રિન્સ યાદવની ટીમ ઈન્ડિયામાં પસંદગી ફેન્સ વચ્ચે ચર્ચાનો વિષય બનેલી છે, તો હાલમાં જ પોતાની કેપ્ટનશીપમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુને સતત બીજી ટ્રોફી જીતાડનારા રજત પાટીદારની ઉપેક્ષાને લઈને પણ વાતો થઈ રહી છે. આ સિઝનમાં પાટીદારનું એક અલગ જ સ્વરૂપ બધાએ જોયું અને તેમણે ધમાકેદાર અંદાજમાં બેટિંગ કરતા ખિતાબી સફર દરમિયાન ઘણી યાદગાર ઈનિંગ્સ રમી. પરંતુ તેમ છતાં પણ પાટીદારને ટીમમાં જગ્યા ન મળી. આ જ બાબતે પ્રેસ કોન્ફરન્સમાં ચીફ સિલેક્ટર અજીત અગરકરે સ્પષ્ટતા કરી કે પાટીદાર કેમ જગ્યા બનાવવામાં સફળ ન રહ્યા. ટીમની જાહેરાત બાદ મીડિયાને સંબોધિત કરતા,



મુખ્ય પસંદગીકાર અગરકરે સ્વીકાર્યું કે પસંદગી બેઠક દરમિયાન પાટીદાર સહિત ઘણા ખેલાડીઓના નામ પર ચર્ચા કરવામાં આવી હતી. અગરકરે એ વાત પર ભાર મૂક્યો કે ભારતીય ક્રિકેટમાં ઉપલબ્ધ વિશાળ ટેલેન્ટ પૂલના કારણે પસંદગી પ્રક્રિયા અત્યંત સ્પર્ધાત્મક બનેલી છે. તેમના મતે, દેશનું પ્રતિનિધિત્વ કરવાની યોગ્યતા ધરાવતા ઘણા ખેલાડીઓ પણ અનિવાર્ય રૂપે ટીમમાં જગ્યા બનાવવાથી ચૂકી જાય છે, કારણ કે ટીમમાં પસંદગી માટે મર્યાદિત જ જગ્યાઓ છે. પ્રેસ કોન્ફરન્સમાં આ સવાલ પર અગરકરે કહ્યું, ‘અમે ઘણા ખેલાડીઓ વિશે ચર્ચા કરી. પરંતુ જેઓ પસંદ કરાયા, તેઓ પૂરા હકદાર હતા. ભારતમાં ઘણા સારા ખેલાડીઓ છે. અહીં ઘણા એવા ખેલાડીઓ છે, જે ટીમમાં પસંદ થવા માટે ખૂબ જ સારા છે. પરંતુ જે ખેલાડીઓ રમી રહ્યા છે, તેઓ પણ સારું પ્રદર્શન કરી રહ્યા છે. અમને લાગે છે કે અમે એક સારી ટીમ પસંદ કરી છે. એવામાં કેટલાક ખેલાડીઓ જગ્યા બનાવવાથી ચૂકી પણ જશે, પરંતુ અમે સારી ટીમ પસંદ કરી છે.

## લોર્ડ્સ ટેસ્ટ બાદ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પીયનશીપ પોઈન્ટ ટેબલમાં મોટી ઉથલપાથલ

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : ઈંગ્લેન્ડ અને ન્યૂઝીલેન્ડ વચ્ચે રમાયેલી ત્રણ ટેસ્ટની ટુર્નામેન્ટમાં પહેલી મેચ ચોથા દિવસે પહેલા જ સેશનમાં ખતમ થઈ ગઈ હતી. આ મેચમાં સંપૂર્ણ રીતે બોલરોનો તરખાટ જોવા મળ્યો હતો. અંતમાં ઈંગ્લેન્ડની ટીમ ૧૧૫ રન કરવામાં સફળ રહી હતી. ઈંગ્લેન્ડ અને ન્યૂઝીલેન્ડ વચ્ચે રમાયેલી ચોથી મેચમાં ૨૫૩ રનનો ટાર્ગેટ હતો, જેમાં કિવીની ટીમે પોતાની બીજી ઈનિંગ્સમાં ૧૩૮ રન જ બનાવ્યા હતા. ન્યુઝીલેન્ડ ટીમે હાર સ્વીકારી અને ગેમ પર ફોક્સ કરવાની વાત કહી હતી. વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશીપ ૨૦૨૫-૨૭ના પોઈન્ટ ટેબલમાં આ મેચથી મોટો ફેરફાર જોવા મળ્યો હતો, ઈંગ્લેન્ડે ભલે મેચ જીતી પણ ખાસ કોઈ ફાયદો ટીમને



થયો નથી પણ ન્યૂઝીલેન્ડની ટીમ હારી જતા બીજા ક્રમેથી ડાયરેક્ટ ચોથા ક્રમે ધકેલાઈ ગઈ છે. આ એ જ ટીમ છે જે મેચ પહેલા ઉઝ ૨૦૨૫-૨૭ના પોઈન્ટ ટેબલમાં બીજા ક્રમે હતી. લોર્ડ્સના મેદાન પર હારી જતા હવે તે ચોથા ક્રમે પહોંચી ગઈ છે. ચારમાંથી બે મેચ જીતી હતી, જ્યારે એક મેચ હારી ગઈ અને એક મેચ ડ્રો રહી હતી. ઈંગ્લેન્ડની વાત કરવામાં આવે તો આ સીરિઝ શરૂ થાય એ પહેલા જ ૭માં ક્રમે હતી આ મેચ જીતીને ટીમ હાયર પોઝિશન પર પહોંચી છે. જોકે, તેમના પોઈન્ટની ટકાવારીમાં સુધારો થયો છે, કિવી ટીમની હારથી દક્ષિણ આફ્રિકા અને શ્રીલંકાને ફાયદો થયો છે, બંને એક સ્થાન ઉપર આવ્યા છે. દક્ષિણ આફ્રિકા ૭૫% પોઈન્ટ ટકાવારી સાથે બીજા સ્થાને પહોંચી ગયું છે, જ્યારે શ્રીલંકા ૬૬.૬૭% સાથે ત્રીજા સ્થાને પહોંચી ગયું છે. દરમિયાન, ઓસ્ટ્રેલિયન ટીમ ૮૭.૫૦% પોઈન્ટ ટકાવારી સાથે ટોચનું સ્થાન ધરાવે છે. ટીમ ઈન્ડિયા છઠ્ઠા સ્થાને, પાકિસ્તાન આઠમા સ્થાને રહી છે. ઉઝ ૨૦૨૫-૨૭ પોઈન્ટ ટેબલમાં અન્ય ટીમોના સ્ટેન્ડિંગની વાત કરીએ તો, બાંગ્લાદેશ ૫૮.૩૩% પોઈન્ટ ટકાવારી સાથે પાંચમા સ્થાને છે, જ્યારે ભારતીય ટીમ ૪૮.૧૫% પોઈન્ટ ટકાવારી સાથે છઠ્ઠા સ્થાને છે. પાકિસ્તાન ટીમ આઠમા સ્થાને છે, ચાર મેચ રમ્યા પછી ફક્ત ૮.૩૩% પોઈન્ટ ટકાવારી સાથે. અંતે, વેસ્ટ ઈન્ડિઝની ટીમ નીચેનું સ્થાન ધરાવે છે.

## મહિલા ક્રિકેટ માટે ઐતિહાસિક ક્ષણ : જય શાહ




(એજન્સી દ્વારા) નવીદિલ્હી : આઈસીસીના ચેરમેન જય શાહે જણાવ્યું હતું કે: “આ મહિલા ક્રિકેટ માટે એક સીમાચિહ્નરૂપ ક્ષણ છે અને અમે માનીએ છીએ કે અત્યાર સુધીનું સૌથી રોમાંચક અને મહત્વાકાંક્ષી આઈસીસી મહિલા ટી૨૦ વર્લ્ડ કપ શરૂ કરવાનો એક યોગ્ય માર્ગ છે. આ ઈવેન્ટની આસપાસનો ઉત્સાહ અને ઉત્સાહ વધારવામાં મદદ કરશે, જે ૧૨ જૂને બર્મિંગહામમાં પહેલો બોલ ફેંકાય તે પહેલાં ટુર્નામેન્ટની અપેક્ષાને અંતિમ વેગ આપશે. આ ઈવેન્ટ વધુ સમાવિષ્ટ, વૈશ્વિક રમત બનાવવાના એજન્ડા સાથે જોડાયેલી આઈસીસીની પ્રતિબદ્ધતા અને વિશ્વાસની બીજી અભિવ્યક્તિ છે.’તેમણે વર્લ્ડ કપમાં ભાગ લઈ રહેલી તમામ ૧૨ ટીમોને ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવતાં એક્સ પર પોસ્ટ કરતાં લખ્યું તમામ ૧૨ ટીમોને શુભેચ્છા! ઈંગ્લેન્ડ અને વેલ્સના પ્રતિષ્ઠિત સ્થળોએ રેકોર્ડબ્રેક હાજરી અને મહિલા ઈવેન્ટ માટે સૌથી વ્યાપક વૈશ્વિક પ્રસારણ સાથે, અમે એક અવિસ્મરણીય ટુર્નામેન્ટ માટે તૈયાર છીએ જે લાખો ચાહકો અને વિશ્વના શ્રેષ્ઠ ખેલાડીઓને એકસાથે લાવે છે.

## આમિર ખાને બટવારા ફિલ્મ ટાઈટલ મેળવ્યું

(એજન્સી દ્વારા)

મુંબઈ: આમિર ખાને નિર્માતા સલીમ અખ્તરના પરિવારને રુબરુ મળીને તથા અનેક વિનવણીઓ કરીને ‘બટવારા’ ફિલ્મ ટાઈટલના હક્કો મેળવ્યા છે. ઉલ્લેખનીય છે કે સલીમ અખ્તરે બનાવેલી અને જે પી દત્તાએ દિગ્દર્શિત કરેલી ૧૯૮૯ની મલ્ટીસ્ટારર ફિલ્મ ‘બટવારા’ એક આઈકોનિક ફિલ્મ ગણાય છે. તેમાં ધર્મેન્દ્ર, વિનોદ ખન્ના, શમ્મી કપૂર, અમૃતા સિંહ સહિતના કલાકારોએ કામ કર્યું હતું. આમિર ખાને રાજકુમાર સંતોષીના દિગ્દર્શન હેઠળ સની દેઓલ તથઆ પ્રીતિ ઝિન્ટાને મુખ્ય કલાકારો તરીકે લઈ બનાવેલી ફિલ્મનું ટાઈટલ પહેલાં ‘લાહોર ૧૯૪૭’ નક્કી થયું હતું. બાદમાં આમિરને




એવો ડર પેઠો હતો કે હાલના રાજકીય માહોલમાં લાહોર શબ્દ ટાઈટલમાં આવશે તો ફિલ્મે ભારે ટીકાઓનો સામનો કરવો પડશે. આથી તેણે ‘બટવારા ૧૯૪૭’ ટાઈટલ નક્કી કર્યું હતું. જોકે, હવે આમિરે ૧૯૪૭ શબ્દ પણ પડતો મૂકી ‘બટવારા’ શબ્દ જ ટાઈટલમાં વાપરવાનો ફેંસલો લીધો હતો. પરંતુ, ‘બટવારા’ ફિલ્મના હક્કો સલીમ અખ્તરના પરિવાર પાસે હોવાથી આમિર રુબરુ તેમને મળ્યો હતો. પોતે સલીમ અખ્તરની ‘બાઝી’ ફિલ્મમાં કામ કર્યું હતું એ વાત તાજી કરી હતી અને પરિવારને આ ટાઈટલ કેમ પોતાની ફિલ્મ માટે જરુરી છે તેમ સમજાવ્યું હતું.

## હૈ જવાની તો ઈશ્ક હોના હૈ ફિલ્મનો રકાસ થાય તેવી આશંકા

(એજન્સી દ્વારા)

મુંબઈ : બોલિવુડના ફલોપ સ્ટાર ગણાતા વરુણ ધવનની ‘હૈ જવાની તો ઈશ્ક હોના હૈ’નો પણ કરુણ રકાસ થાય તેવી આશંકા વ્યક્ત થઈ રહી છે. કથિત



રીતે આશરે ૧૦૦ કરોડનાં બજેટમાં બનેલી મનાતી આ ફિલ્મની કમાણી બે દિવસમાં માંડ ૧૫ કરોડ થઈ છે. આથી, આ ફિલ્મ પોતાની પ્રોડક્શન કોસ્ટ પણ કાઢી શકશે કે કેમ તે વિશે આશંકાઓ વ્યક્ત થઈ રહી છે. ડાયરેક્ટર તરીકે ડેવિડ ધવનની આ છેલ્લી ફિલ્મ હોવાનું કહેવાય છે.

જોકે, ફિલ્મ ક્રિટિક્સ એવી ટીકાઓ કરી રહ્યા છે કે ડેવિડ ધવન હજુ પણ ૩૦ વર્ષ પહેલાંના જમાના પ્રમાણે ફિલ્મ બનાવી રહ્યા છે અને અત્યારના ઓટીટીના જમાનામાં આવી ફિલ્મ ચાલે પણ નહીં. આ ફિલ્મમાં ‘બીવી નંબર વન’ ફિલ્મનાં ગીત ‘ચુનર ચુનર’ની બેઠી કોપી કરાઈ છે. આ બાબતે મૂળ ફિલ્મના નિર્માતા દ્વારા કાનૂની વાંધો પણ લેવાયો હતો. જોકે, આ વિવાદનો પણ ફિલ્મને કોઈ ફાયદો થયો નથી.

## રકુલ પ્રીત સિંઘે ટ્રોલરોની જોરદાર ઝાટકણી કાઢી

(એજન્સી દ્વારા) મુંબઈ : રકુલ પ્રીત સિંઘે ઓનલાઈન ટીકાકારોનો વારંવાર આત્મવિશ્વાસ અને સૌમ્યતાથી સામનો કર્યો છે. તેના પતિ જેકી ભગનાનીએ રમૂજમાં તેમના લગ્નને પરિસ્થિતિજન્ય ગણાવ્યા ત્યારે તેણે ભારે ઓનલાઈન ટ્રોલિંગનો સામનો કરવો પડયો હતો. રકુલે સ્પષ્ટતા કરી કે આ નિવેદનને કોઈપણ સંદર્ભ વિના લેવામાં આવ્યું છે. ત્યાર પછી કપલે એક હળવો વાયરલ વીડિયો શેર કર્યો જેમાં તેણે ભગનાનીની જેન ઝીની જેમ વાત કરવા માટે મજાક કરી. રકુલે ઓનલાઈન નકારાત્મકતા રોકવા સોશિયલ મીડિયા એકાઉન્ટને આધાર સાથે જોડવાની પણ અપીલ કરી.

રકુલે પોતે કોસ્મેટીક સર્જરી કરાવતી હોવાની અટકળોનો પણ જવાબ આપ્યો, જ્યારે પોતાને ડોક્ટર ગણાવતા કોઈ વ્યક્તિએ રકુલ તેની પાસે નાકની સર્જરી કરાવતી હોવાનો દાવો કર્યો. રકુલે તુરંત પ્રતિસાદ આપતા ફોલોઅર્સને આવા ગેરમાર્ગે દોરતા મેડિકલ દાવા વિશે



સાવધ રહેવાની તાકીદ કરી અને સ્પષ્ટતા કરી કે તેના દેખાવમાં વજન ઘટાડા તેમજ શિષ્તબદ્ધ ફિટનેસને કારણે ફેરફાર થયો હતો. એવી જ રીતે કેટલાક સોશિયલ મીડિયા વપરાશકારોને ‘દે દે પ્યાર દે ટુ’માં વય તફાવતની ટીકાનો પણ જવાબ આપતા પ્રોજેક્ટનો બચાવ કર્યો હતો. તેણે જણાવ્યું કે વયનો તફાવત જ ફિલ્મનો મુખ્ય થીમ હતો.

## કિમ કાર્દાશિયન અને લુઈસ હેમિલ્ટનના સંબંધો કન્ફર્મ!

(એજન્સી દ્વારા)

મુંબઈ : ચર્ચા અને ચકચારની એરણ પર ન રહે એનું નામ કિમ કાર્દાશિયન. હોલીવુડની ચર્ચાસ્પદ પર્સનાલિટી કિમ કાર્દાશિયન અને લુઈસ હેમિલ્ટનના સંબંધો કન્ફર્મ થયા



છે. તાજેતરમાં કિમે તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર “લેટલી” કેપ્શન સાથે ફોટા અને વીડિયો (કેરોયુઝલ) ની શ્રેણી શેર કરી છે. તેમાં ન્યૂ યોર્ક સિટીનો ખૂબ જ રમુજી અને ફિલ્ટર વગરનો વીડિયો શામેલ છે, જેણે સોશિયલ મીડિયા પર ધમાલ મચાવી છે. હોલીવુડ અને રમતગમતના બે મોટા નામ - કિમ કાર્દાશિયન અને ફોર્મ્યુલા વન લિજેન્ડ લુઈસ હેમિલ્ટન - હાલમાં ઈન્ટરનેટ પર છવાયેલા છે.

## વિચલિત કરતી વાર્તા સાથે ‘બંદર’માં બોબી દેઓલનો દમદાર અભિનય

(એજન્સી દ્વારા)

મુંબઈ : ‘બંદર’ એક એવા માણસની વાર્તા છે જેના પર એવા ગુનાનો આરોપ મૂકવામાં આવે છે જે તેણે કર્યો નથી એવો તેનો દાવો છે. સમર મહેરા (બોબી દેઓલ) ૫૦ વર્ષનો સંઘર્ષશીલ અભિનેતા છે, જે એક સમયે ટેલિવિઝનમાં કામ કરતો હતો. તેને હજુ પણ ટીવી શોઝ માટે ઓફરો મળે છે, પરંતુ તે બધાને નકારી કાઢે છે કારણ કે તે ફિલ્મોમાં પોતાનું નસીબ અજમાવવા માંગે છે. જીવનનિર્વાહ માટે તે સ્ટેજ શોઝમાં પરફોર્મ કરે છે. દિલ્હીમાં એક સ્ટેજ શો પૂરો કરીને પરત ફર્યા બાદ પોલીસ તેના ઘરે આવે છે અને ગાયત્રી (સપના પબ્બી)




નામની મહિલાના બળાત્કારના આરોપસર તેની ધરપકડ કરે છે. સમર અને ગાયત્રી વચ્ચે એક સમયે શારીરિક સંબંધ હતો, પરંતુ ગાયત્રીનું વર્તન બદલાઈ જતાં સમરે તેને અવગણવાનું શરૂ કર્યું અને પછી તેને બ્લોક કરી દીધી. કોર્ટમાં ગાયત્રી અને તેના વકીલ સંપૂર્ણ તૈયારી સાથે આવે છે, જ્યારે સમરના વકીલ તેમની દલીલોનો યોગ્ય રીતે સામનો કરી શકતા નથી. પરિણામે, સમરને ૧૫ દિવસની ન્યાયિક કસ્ટડીમાં મોકલવામાં આવે છે અને તેને તલોજા જેલમાં ખસેડવામાં આવે છે. અહીં તેને જીવનનો સૌથી મોટો આઘાત લાગે છે, કારણ કે જેલનું જીવન અત્યંત ગંદી અને રહેવા માટે અયોગ્ય પરિસ્થિતિઓથી ભરેલું છે. વધુમાં, બળાત્કારના આરોપી તરીકે અન્ય કેદીઓ અને અંડરટ્રાયલ કેદીઓ તરફથી પણ તેને ભારે શંકા અને તિરસ્કારનો સામનો કરવો પડે છે.

## પેદ્દીમાં જાહ્નવી કપૂરના અશ્લીલ દ્રશ્યો બદલ ડાયરેક્ટરે માફી માંગી

(એજન્સી દ્વારા)

મુંબઈ : રામચરણની પેદ્દી બોક્સ ઓફિસ પર કમાણી કરી રહી છે, તેવામાં જાહ્નવી કપૂર પર ફિલ્માવવામાં આવેલા દ્રશ્યો દર્શકોને વાંધાજનક લાગતાં હોબાળો થયો હતો. સોશયલ મીડિયા પર તેના પાત્રને ઓવરસેક્સુઅલાઈઝ્ડ જણાવીને ફિલ્મમાં મહિલાઓને આ રીતે દર્શાવવા બદલ પ્રશ્નો ઉઠાવ્યા હતા. આ પ્રતિક્રિયાને જોઈને દિગ્દર્શક બુચ્ચી બાબૂ સાના ભાવુક બની ગયોહતો અને તેણે દર્શકોની મહિલાઓ પ્રત્યેની ભાવનાઓનું સમ્માન



કરતાં માફી માંગી હતી. એટલું જ નહી તેણે વાંધાજનક દ્રશ્યોને દૂર કરવાની ઘોષણા પણ કરી હતી. ડાયરેક્ટરે માફી માંગતા કહ્યું હતું કે, તેના સિનેમાનો ઉદ્દેશ્ય મનોરંજન તેમજ લોકોને પ્રેરિત કરવાનો હતો.

# અદાણી પોર્ટ્સે આર્જેન્ટિનામાં દેશના પ્રથમ એલએનજી નિકાસ પ્રોજેક્ટ માટે મેળવ્યો ૧૦ વર્ષનો કોન્ટ્રાક્ટ

## આર્જેન્ટિનાની મેરિડિયન ગ્રૂપ સાથે મળીને અદાણીની પેટા કંપની વૈશ્વિક ટેન્ડર પ્રક્રિયામાં વિજેતા બની : વર્ષ ૨૦૨૭થી ભારત સહિત વૈશ્વિક સ્તરે ઊર્જા પુરવઠો મજબૂત કરાશે



નવી દિલ્હી : અદાણી પોર્ટ્સ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિમિટેડ દ્વારા વૈશ્વિક સ્તરે એક મોટી સિદ્ધિ હાંસલ કરવામાં આવી છે. કંપનીએ આર્જેન્ટિનાના સૌપ્રથમ લિક્વિફાઈડ નેચરલ ગેસ નિકાસ પ્રોજેક્ટ માટે ૧૦ વર્ષનો મરીન સર્વિસિસ કોન્ટ્રાક્ટ સુરક્ષિત કર્યો છે. આ મહત્વપૂર્ણ કરાર સાથે અદાણી જૂથે દક્ષિણ અમેરિકાના બજારમાં સત્તાવાર પ્રવેશ કર્યો છે, જે તેની આંતરરાષ્ટ્રીય દરિયાઈ સેવાઓનો વ્યાપ વિસ્તારવાની દિશામાં એક મોટું કદમ માનવામાં આવી રહ્યું છે.

કંપની દ્વારા જારી કરવામાં આવેલા સત્તાવાર નિવેદન અનુસાર, સધર્ન એનર્જી એસએ (સેસા) દ્વારા યોજવામાં આવેલી વૈશ્વિક સ્પર્ધાત્મક ટેન્ડર પ્રક્રિયા બાદ આ કરાર એનાયત કરવામાં આવ્યો છે. આ કોન્ટ્રાક્ટ અદાણી પોર્ટ્સની પેટા કંપની 'અદાણી હાર્બર ઈન્ટરનેશનલ અને આર્જેન્ટિના સ્થિત 'મેરિડિયન ગ્રૂપ'ના કન્સોર્ટિયમને મળ્યો છે. આ પ્રોજેક્ટનું સંચાલન બંને કંપનીઓ વચ્ચેના ૫૧:૪૯ ટકાની ભાગીદારી ધરાવતા સંયુક્ત સાહસ 'મેરિડિયન ટ્રાન્સપોર્ટેસ મેરીટીમોસ એસએ' દ્વારા કરવામાં આવશે. આ સફળતાથી આંતરરાષ્ટ્રીય એનર્જી લોજિસ્ટિક્સ ક્ષેત્રે અદાણી પોર્ટ્સની પકડ વધુ મજબૂત બનશે.

આ દસ વર્ષીય કરાર હેઠળ કન્સોર્ટિયમ દ્વારા સંપૂર્ણ દરિયાઈ સેવાઓ પૂરી પાડવામાં આવશે. જેમાં એલએનજી કેરિયર્સ માટે ટગબોટ કામગીરી, ઓફશોર લોજિસ્ટિક્સ, સપ્લાય સપોર્ટ અને ક્રૂ ટ્રાન્સફર જેવી સેવાઓનો સમાવેશ થાય છે. આ સમગ્ર કામગીરીને સફળતાપૂર્વક પાર પાડવા માટે ચાર ઉચ્ચ ગુણવત્તાયુક્ત ટગબોટ, એક એક્કર હેન્ડલિંગ ટગ સપ્લાય વેસલ અને એક ક્રૂ બોટ તૈનાત કરવામાં આવશે. આ અદ્યતન ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટની સુરક્ષા અને કાર્યક્ષમતામાં વધારો કરશે.

આ સિદ્ધિ અંગે ખુશી વ્યક્ત કરતા અદાણી પોર્ટ્સના હોલ-ટાઈમ ડિરેક્ટર અને ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર (સીઈઓ) અશ્વિની ગુપ્તાએ જણાવ્યું હતું કે, અદાણી જૂથ હાલમાં ૧૨ દેશોમાં દરિયાઈ કામગીરી ધરાવે છે અને કંપની પાસે પોર્ટ્સ, એલએનજી ટર્મિનલ્સ, રાષ્ટ્રીય તેલ કંપનીઓ તથા રિફાઈનરીઓને સપોર્ટ કરતા મરીન એસેટ્સનો વિશાળ કાફલો છે. તેઓએ ઉમેર્યું કે, વૈશ્વિક સ્તરની ઊંડી કાર્યકારી કુશળતા અને સ્થાનિક ભાગીદારીના સમન્વયથી કંપની નવા ઊર્જા વ્યાપાર કોરિડોર બનાવવામાં અને લાંબા ગાળાના પુરવઠાને વધુ સ્થિર કરવામાં મહત્વની ભૂમિકા ભજવી રહી છે.

વૈશ્વિક ઉર્જા બજારમાં આર્જેન્ટિના ઝડપથી એક મોટા એલએનજી સપ્લાયર તરીકે ઉભરી રહ્યું છે. વર્ષ ૨૦૨૭થી ભારતને વાર્ષિક ૧૦ મિલિયન ટન સુધીના એલએનજી નિકાસને ટેકો આપવા માટે કરારો પહેલેથી જ થઈ ચૂક્યા છે. આવી સ્થિતિમાં, સધર્ન એનર્જી એફએલએનજી પ્રોજેક્ટ આ વધતા સપ્લાય બેઝને વૈશ્વિક માંગ કેન્દ્રો સાથે જોડવામાં નિર્ણાયક સાબિત થશે. ગોલાર એલએનજી અને પાન અમેરિકન એનર્જીના સંયુક્ત સાહસ સધર્ન એનર્જી એસએ દ્વારા આ પ્રોજેક્ટ વિકસાવવામાં આવી રહ્યો છે.

આ પ્રોજેક્ટ આર્જેન્ટિનાના રિઓ નેગ્રો પ્રાંતમાં આવેલા સાન મેટિયાસ ગલ્ફ ખાતે આકાર લઈ રહ્યો છે. જ્યાં જનરલ સાન માર્ટિન પાઈપલાઈનમાંથી આવતા કુદરતી ગેસને ફ્લોટિંગ લિક્વિફાઈડ નેચરલ ગેસ વેસલ 'હિલી એપિસેયો' પર લિક્વિફાઈડ કરવામાં આવશે. આ પ્રોજેક્ટની વ્યાવસાયિક કામગીરી સપ્ટેમ્બર ૨૦૨૭થી શરૂ થવાની અપેક્ષા છે. તેના પ્રથમ તબક્કામાં વાર્ષિક ૨.૪૫ મિલિયન ટન એલએનજીનું ઉત્પાદન થવાનો અંદાજ છે, જે અંદાજે ૨૮ કાર્ગો સમાન છે. આ સાથે જ તે આર્જેન્ટિનાનો પ્રથમ કાર્યરત એલએનજી નિકાસ પ્રોજેક્ટ બની જશે.

# ઉદ્યોગ ક્ષેત્રમાં ઉત્પાદનની ગુણવત્તા સ્પર્ધાત્મકતા અને ટકાઉ ઔદ્યોગિક વિકાસમાં માનકોની ભૂમિકા ખુબ જરૂરી



## ભારતીય માનક બ્યુરો અને ફોકિયાના સંયુક્ત ઉપક્રમે ગાંધીધામ ખાતે એમએસએમઈ મીટ યોજાઈ

ગાંધીધામ - કચ્છઉદય : ભારતીય માનક બ્યુરો, ગાંધીધામ શાખા કાર્યાલય, ઉપભોક્તા બાબતો વિભાગ, ઉપભોક્તા બાબતો મંત્રાલય, ભારત સરકાર અને ફેડરેશન ઓફ કચ્છ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન (ફોકિઆ)ના સંયુક્ત ઉપક્રમે ઔદ્યોગિક ગુણવત્તા અને સ્પર્ધાત્મકતા વધારવામાં માનકોની ભૂમિકા વિષય પર અર્ધ-દિવસીય સેમિનાર અને એમએસએમઈ મીટનું આયોજન ગાંધીધામ ખાતે કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં વિવિધ ઉદ્યોગોમાંથી આશરે ૬૦ જેટલા પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. સંતોષ ગોયલ, ફોકિઆ એક્ઝિક્યુટિવ કમિટી સભ્યઅને ડિરેક્ટર, શ્રીજી લિક્વિડ સ્ટોરેજ ટર્મિનલ્સ પ્રા. લિ. એ ફોકિઆ વતી સ્વાગત પ્રવચન આપતાં જણાવ્યું હતું કે, વિકસતા ઉદ્યોગ ક્ષેત્રમાં ગુણવત્તા માનકોનું મહત્વ વધી રહ્યું છે. તેમણે ઉત્પાદનની ગુણવત્તા, સ્પર્ધાત્મકતા અને ટકાઉ ઔદ્યોગિક વિકાસમાં માનકોની ભૂમિકા પર ભાર મૂક્યો હતો.

કાર્યક્રમ દરમિયાન ભારતીય માનક બ્યુરોના અધિકારીઓએ વિસ્તૃત તકનીકી સત્રો યોજ્યા. ઋતુરાજસિંહ, સાયન્ટિસ્ટ-ઈ અને હેડ, ગાંધીધામ શાખા, સુદીપ્તકુમાર, જોઈન્ટ ડિરેક્ટર, ગાંધીધામ શાખા અને વિશાલ ગોદારા, આસિસ્ટન્ટ ડિરેક્ટર, ગાંધીધામ શાખાએ માનક ઓનલાઈન પોર્ટલની સુધારેલી માર્ગદર્શિકાઓ, બીઆઈએસ સર્ટિફિકેશન સ્કીમ, પ્રમાણન પ્રક્રિયા, ખર્ચ માળખું અને એમએસએમઈને ઉપલબ્ધ છૂટની વિગતો આપી હતી.

પુનિત નાથવાણી, સ્ટાન્ડર્ડ્સ પ્રમોશનએ કાર્યક્રમનું સંચાલન કર્યું અને બીઆઈએસની વિવિધ પ્રવૃત્તિઓ અંગે માહિતી આપી. સેમિનારમાં ક્વોલીટી કંટ્રોલ ઓર્ડર્સ, નિયમનકારી અનુપાલન અને ડિજિટલ સોલ્યુશન્સ જેવા વિષયો પર વિસ્તૃત ચર્ચા કરાઈ હતી.

ઉદ્યોગ પ્રતિનિધિઓએ વ્યવહારૂ મુશ્કેલીઓ અને પ્રમાણન પ્રક્રિયા અંગે પ્રશ્નોત્તર સત્રમાં સક્રિય ભાગીદારી દર્શાવી. પૂર્વ કચ્છની અગ્રણી લાર્જ, મધ્યમ અને એમએસએમઈ કંપનીઓના પ્રતિનિધિઓએ પણ ચર્ચામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. કાર્યક્રમના અંતે ઉપસ્થિત ઉદ્યોગોના સભ્યોએ બીઆઈએસની આ પહેલની ખૂબ સરાહના કરી અને ગુણવત્તા જાગૃતિ, સ્ટાન્ડર્ડાઈઝેશન તથા રાષ્ટ્રીય ગુણવત્તા વ્યવસ્થામાં ઉદ્યોગોની વધુ ભાગીદારીની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

કાર્યક્રમનું આયોજન ફોકિઆની ટીમ શિવાની ભગત (સિનિયર એક્ઝિક્યુટિવ), વંદના વૈષ્ણવ (સિનિયર એક્ઝિક્યુટિવ) અને જીનીશાસદાની (જુનિયર એક્ઝિક્યુટિવ) દ્વારા કરવામાં આવ્યું હતું.

# દિવ્યાંગોના સપનાઓને મળી નવી પાંખ, મુંબઈમાં સશક્તીકરણ અભિયાન યોજાયું

## રાજ્યપાલ જિષ્ણુદેવ વર્માના હસ્તે વ્હીલચેર, સિલાઈ મશીન અને એઆઇ સ્માર્ટ ચશ્માંનું વિતરણ : દિવ્યાંગોને રોજગાર સાથે જોડવાનો સંકલ્પ

મુંબઈ - કચ્છઉદય : દિવ્યાંગજનોના કલ્યાણ, સ્વાવલંબન અને સામાજિક સશક્તીકરણને પ્રોત્સાહન આપવા ધી હેતુ ચેરિટેબલ ટ્રસ્ટ અને ડીએલએસ મુંબઈના સંયુક્ત ઉપક્રમે વિશાળ દિવ્યાંગ સશક્તીકરણ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં રાજ્યપાલ જિષ્ણુદેવ વર્મા મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા સમાજના દરેક વર્ગની ભાગીદારી જરૂરી છે. દિવ્યાંગજનોને સમાન તક, સન્માન અને સહયોગ મળે ત્યારે જ સર્વાંગી વિકાસનું સ્વપ્ન સાકાર બની શકે છે. કાર્યક્રમના સંયોજક અને હેતુ ટ્રસ્ટના સેક્રેટરી રીખબ જૈનએ ટ્રસ્ટની વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે દિવ્યાંગજનોને આત્મનિર્ભર બનાવવાના હેતુથી વિવિધ સહાય યોજનાઓ અમલમાં મૂકવામાં આવી રહી છે. કાર્યક્રમ દરમિયાન રાજ્યપાલના હસ્તે ૧૦૦ વ્હીલચેર, ૫૦ સિલાઈ મશીન અને ૧૦૦ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ આધારિત સ્માર્ટ ચશ્માં લાભાર્થીઓને અર્પણ કરવામાં આવ્યાં હતાં. સાથે જ વર્ષ ૨૦૨૬ દરમિયાન ૧૦૦ દિવ્યાંગ યુવાનોને રોજગારી ઉપલબ્ધ કરાવવાનો સંકલ્પ પણ જાહેર કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે બોમ્બે હાઈકોર્ટના જસ્ટિસ શ્યામ સી. ચાંડક, જસ્ટિસ મકરંદ સુભાષ કાર્સાક અને રાજ્યના કેબિનેટ પ્રધાન મંગલ પ્રભાત લોઢાએ દિવ્યાંગજનો માટે શિક્ષણ, રોજગાર અને સામાજિક સ્વીકૃતિના મહત્વ અંગે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. તેમણે હેતુ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવી રહેલી સેવાકીય પ્રવૃત્તિઓને પ્રશંસનીય ગણાવી હતી. હેતુ ટ્રસ્ટના પ્રેરક અને નિવૃત્ત ન્યાયમૂર્તિ કે.કે. તાતેડએ જણાવ્યું હતું કે જીવનના પડકારો સામે સંઘર્ષ કરતા લોકોને યોગ્ય માર્ગદર્શન અને સહયોગ પૂરો પાડવો એ ટ્રસ્ટનો મુખ્ય ધ્યેય છે. સમાજના અંતિમ વ્યક્તિ સુધી સહાય પહોંચાડવા માટે ટ્રસ્ટ સતત કાર્યરત છે. કાર્યક્રમ દરમિયાન સમાજસેવા ક્ષેત્રે વિશિષ્ટ યોગદાન બદલ નરેન્દ્ર રાઠીને પ્રતિષ્ઠિત 'હેતુ ગૌરવ પુરસ્કાર'થી સન્માનિત કરવામાં આવ્યા હતા. ઉપરાંત પ્રવીણ કોઠારી, દેવેન્દ્ર જૈન, વિમલ ગોયલ અને રાકેશ પંસારીનું સ્મૃતિચિહ્ન આપી બહુમાન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે પી. જી. તપડિયાએ આભારવિધિ વ્યક્ત કરી હતી.

# વાગડ વિસ્તારની શાળાઓ વિદ્યાર્થીઓના કિલ્લોલથી ગુંજી ઉઠી



ગાંધીધામ - કચ્છઉદય : પાંત્રીસ દિવસના ઉનાળું વેકેશન બાદ આજથી નવા શૈક્ષણિક કાર્યનો પ્રારંભ થયો છે, ત્યારે વાગડ વિસ્તારના રાપર તાલુકામાં ૨૮૯ જેટલી પ્રાથમિક શાળા, ૪૦ ચાલીસ જેટલી માધ્યમિક શાળા તથા ખાનગી શાળામાં શૈક્ષણિક વર્ષનો આરંભ થયો છે. રાપર તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી સામતભાઈ વસરા તથા બીઆરસી મેહુલ દવેએ જણાવ્યું હતું કે તાલુકાની જિલ્લા પંચાયત સંચાલિત ૨૮૯ પ્રાથમિક શાળામાં ધોરણ ૧થી ૮ સુધી ૧૫,૬૯૧ વિદ્યાર્થીઓ અને ૧૪૯૭૫ વિદ્યાર્થિનીઓ શાળામા નવા શૈક્ષણિક કાર્ય માટે સ્કૂલમાં પ્રારંભ કરશે. શહેરની અયોધ્યાપુરી કન્યા શાળાના આચાર્ય વિજયભાઈ જાની, શાળા નંબર એકના આચાર્ય ચેતનભાઈ સુથારે જણાવ્યું હતું કે, વેકેશન પુરૂ થતા નવાવર્ષના શૈક્ષણિક કાર્યનો પ્રારંભ થયો છે. શાળામાં વિદ્યાર્થીઓના કિલ્લોલ તથા શોરબકોરથી ગુજી ઉઠશે. વેકેશન બાદ મળતા વિદ્યાર્થીઓ અને શિક્ષકોના ચહેરા પર સ્મિત જોવા મળતું હતું.

# ગઢશીશા જીએમડીસીના અનુભવી કર્મચારીઓને ભાવભીની વિદાય

## મદારસંગ બી. સોઢા અને રાજુભાઈ કોટેચાની વર્ષોની સેવાઓને કરાયું સન્માનિત : નિવૃત્ત જીવન માટે પાઠવાઈ શુભકામનાઓ

ગઢશીશા - કચ્છઉદય : ગુજરાત મિનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશન (જી.એમ.ડી.સી.) ગઢશીશા એકમમાં વર્ષો સુધી નિષ્ઠા, પ્રામાણિકતા અને જવાબદારીપૂર્વક સેવા આપનાર કર્મચારીઓ મદારસંગ બી. સોઢા અને રાજુભાઈ કોટેચા વયમર્યાદાના કારણે નિવૃત્ત થતાં તેમના સન્માનમાં ભાવસભર વિદાય સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ દરમિયાન બંને કર્મચારીઓના લાંબા સેવાકાળને યાદ કરી તેમની કાર્યનિષ્ઠા અને સંસ્થાપ્રત્યેના સમર્પણને બિરદાવવામાં આવ્યું હતું.

સમારંભમાં ઉપસ્થિત અધિકારીઓ અને કર્મચારીઓએ જણાવ્યું હતું કે, કોઈપણ સંસ્થાની સફળતા પાછળ કર્મચારીઓની મહેનત અને પ્રતિબદ્ધતા મહત્વની ભૂમિકા ભજવતી હોય છે. મદારસંગ બી. સોઢા અને રાજુભાઈ કોટેચાએ પોતાના સેવાકાળ દરમિયાન ફરજ પ્રત્યેની લગન, સમયપાલન અને સહકારની ભાવનાથી સૌના દિલમાં આગવું સ્થાન બનાવ્યું છે. તેમની કામગીરી નવા કર્મચારીઓ માટે પણ પ્રેરણારૂપ રહી છે. જનરલ મેનેજર એસ.ડી. ભંડેરીએ બંને નિવૃત્ત કર્મચારીઓને અભિનંદન પાઠવતાં જણાવ્યું હતું કે, તેમણે સંસ્થાની પ્રગતિ અને વિકાસમાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે. વર્ષો સુધીની તેમની નિષ્ઠાપૂર્વકની સેવા હંમેશા યાદ રહેશે. તેમણે બંને કર્મચારીઓનું નિવૃત્ત જીવન સ્વસ્થ, સુખમય અને પરિવાર સાથે આનંદપૂર્ણ પસાર થાય તેવી શુભેચ્છા વ્યક્ત કરી હતી.

વિદાયના પ્રતિભાવમાં મદારસંગ બી. સોઢા અને રાજુભાઈ કોટેચાએ પોતાના કાર્યકાળ દરમિયાન અધિકારીઓ, સહકર્મચારીઓ અને સ્ટાફમિત્રો તરફથી મળેલા પ્રેમ, સહકાર અને માર્ગદર્શન બદલ આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, જી.એમ.ડી.સી.માં વિતાવેલા વર્ષો તેમના જીવનની અમૂલ્ય મૂડી સમાન છે અને અહીંના સંસ્મરણો જીવનભર તેમની સાથે જોડાયેલા રહેશે. કાર્યક્રમમાં ડેપ્યુટી જનરલ મેનેજર ડી.એસ. બેનીવાલ, ડી.એસ. પાઠક, ગોવિંદસિંહ સોઢા, સરપંચ પ્રતિનિધિ સંજયગિરિ ગોસ્વામી સહિત અધિકારીઓ, કર્મચારીઓ અને સ્ટાફમિત્રો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. ઉપસ્થિત સૌએ નિવૃત્ત કર્મચારીઓને સન્માનિત કરી તેમના જીવનના નવા અધ્યાય માટે શુભેચ્છાઓ પાઠવી હતી. સમગ્ર કાર્યક્રમ લાગણીસભર વાતાવરણ વચ્ચે સંપન્ન થયો હતો.

# ભુજમાં ગ્રામ્ય મામલતદાર કચેરી પાસે ફરી લારીઓ દૂર કરાતા ઘર્ષણ





ભુજ: શહેરના ગ્રામ્ય મામલતદાર કચેરી અને એકોર્ડ હોસ્પિટલ સામેના વિસ્તારમાં વધતા દબાણને લઈને તંત્ર દ્વારા ફરી એકવાર કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. થોડા સમય અગાઉ આ વિસ્તારમાંથી દબાણો દૂર કરવામાં આવ્યા હતા, પરંતુ ત્યારબાદ ફરીથી ગલીઓ અને માર્ગો પર લારીઓ તથા ફેરીયાઓના સ્ટોલ ઉભા થઈ ગયા હતા. અગાઉ શેરી ફેરીયાઓ દ્વારા તંત્ર સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી કે દબાણ હટાવવાની કાર્યવાહીમાં સમાનતા જળવાતી નથી અને માત્ર કેટલાક ચોક્કસ દબાણકારોને જ નિશાન બનાવવામાં આવે છે, જ્યારે અન્ય સામે કાર્યવાહી થતી નથી. આ મુદ્દે ફેરીયાઓમાં અસંતોષ જોવા મળ્યો હતો. આ દરમિયાન આજે તંત્રની ટીમે એકોર્ડ હોસ્પિટલ સામે તેમજ ગ્રામ્ય મામલતદાર કચેરી તરફ જતી ગલીમાં ઉભી રહેલી લારીઓ અને દબાણો દૂર કરવાની કામગીરી હાથ ધરી હતી. કાર્યવાહી દરમિયાન કેટલાક દબાણકારો અને તંત્ર વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી, જેના કારણે સ્થળ પર થોડા સમય માટે ઘર્ષણનું વાતાવરણ સર્જાયું હતું.

# પર્યાવરણ બચાવવું એ માત્ર સરકારની નહીં, દરેક નાગરિકની નૈતિક ફરજ




## માય ભારત, ભુજ દ્વારા આલ્ફા પ્લસ સ્ટડી સેન્ટર ખાતે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરાઈ : વૃક્ષ વાવેતર, વિતરણ, ચિત્ર સ્પર્ધા અને પ્રદર્શનનું આયોજન કરાયું

ભુજ - કચ્છઉદય : માય ભારત, જિલ્લા કેન્દ્ર સરકાર ભુજ દ્વારા આલ્ફા પ્લસ સ્ટડી સેન્ટર ખાતે વિશ્વ પર્યાવરણ દિવસની ભવ્ય ઉજવણી કરાઈ હતી. આપણી ધરતી, આપણી જવાબદારી થીમ પર યોજાયેલ કાર્યક્રમમાં વૃક્ષ વાવેતર, વિતરણ, ચિત્ર સ્પર્ધા અને પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું.

શરૂઆતમાં મહેમાનોનું ગુલાબના પુષ્પથી સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સાંજે પર્યાવરણ દિન પ્રતિજ્ઞા સાથે કાર્યક્રમનો શુભારંભ થયો. પર્યાવરણ જાગૃતિ અંગે ચર્ચા, પોસ્ટર પ્રદર્શન અને પાર્કિંગ સાઈટ પાસે નાની જાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જૂના કેમ્પસમાં મહેમાનો અને વિદ્યાર્થીઓના હસ્તે વૃક્ષારોપણ કરી વૃક્ષોનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. મુખ્ય અતિથિ જિલ્લા યુવા અધિકારી, માય ભારત ભુજના અમિત શર્માએ જણાવ્યું હતું કે, પર્યાવરણ બચાવવું એ માત્ર સરકારની નહીં, દરેક નાગરિકની નૈતિક ફરજ છે. એક વૃક્ષ, સો સુખના મંત્રને જીવનમાં ઉતારી પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળી આપણે ધરતીને લીલીછમ બનાવી શકીએ છીએ. યુવાનોએ પર્યાવરણના સંરક્ષણ માટે આગળ આવવું પડશે કારણ કે આજનું વાવેતરે કાલનું ભવિષ્ય છે. શ્રી શર્માએ વિદ્યાર્થીઓને રોજિંદા જીવનમાં પાણી બચાવવા, વીજળીનો કરકસરપૂર્વક ઉપયોગ કરવા અને સ્વચ્છતા જાળવવા પણ આહવાન કર્યું હતું.

કાર્યક્રમનું સંકલન એમ. આઈ. બાયડ દ્વારા અને સંચાલન હેમલ સચદે સર દ્વારા કરવામાં આવ્યું હતું. માય ભારત કેન્દ્ર તરફથી કર્મચારી વોલેન્ટિયર બટુકભાઈ રાઠોડ, ગરવા લક્ષ્મણ, સોઢા રણજીતસિંહે વ્યવસ્થા સંભાળી હતી. આલ્ફા પ્લસ તરફથી સંસ્થાના ડાયરેક્ટર મોહમ્મદ મોરાણી તેમજ શિક્ષકોમાં જેકીલ ખોજા અને વિશાલપુરી ગોસ્વામી ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે આલ્ફા પ્લસ સ્ટડી સેન્ટરનો આભાર માનવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને ઓનલાઈન સર્ટિફિકેટ આપવામાં આવશે તેવી જાહેરાત કરવામાં આવી હતી. મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ, વાલીઓ અને પર્યાવરણ પ્રેમીઓએ ઉત્સાહભેર ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# મોટી વિરાણીમાં આઠ આખલા પકડી પાંજરાપોળમાં ખસેડાયા

નખત્રાણા - કચ્છઉદય : મોટી વિરાણી વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી તોફાની આખલાઓના જમાવડાથી સર્જાતા ત્રાસને પગલે અંતે નગરપાલિકા તથા ગ્રામજનોની સંયુક્ત કામગીરીથી મોટી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. નખત્રાણા નગરપાલિકા, લોકપ્રતિનિધિઓ અને સ્થાનિક શ્રમિકોના સહયોગથી આઠ તોફાની આખલાઓને પકડીને પાંજરાપોળમાં ખસેડવામાં આવ્યા હતા.

સ્થાનિક વિસ્તારમાં અંદાજે ૨૦થી ૩૦ આખલાઓના ટોળાંના કારણે અવારનવાર ટકરાવની ઘટનાઓ બનતી હતી, જેમાં કેટલાક નાગરિકો ઈજાગ્રસ્ત પણ થયા હતા. સતત વધતા આ ત્રાસને ધ્યાનમાં રાખીને આખલાઓને પકડીને નિયંત્રિત કરવા માટે ઝુંબેશ હાથ ધરાઈ હતી અને સફળતાપૂર્વક આઠ તોફાની આખલાઓને પાંજરાપોળમાં મોકલવામાં આવ્યા હતા.

આ અંગે માહિતી આપતાં ગોવિંદભાઈ બળિયાએ જણાવ્યું હતું કે આગામી દિવસોમાં ગામમાં રહેલા બાકીના અંદાજે ૨૫થી ૩૦ આખલાઓને પણ પકડીને પાંજરાપોળમાં ખસેડવાની કાર્યવાહી હાથ ધરાશે. તેમણે જણાવ્યું કે આ પગલાથી ગ્રામજનોને લાંબા સમયથી ચાલી આવતી સમસ્યામાં મોટી રાહત મળશે. આખલા પકડવાની મુશ્કેલ કામગીરી દરમિયાન મગન પરગડુ, રાજા મમુ રબારી, રામા આશા, દેવા મમુ રબારી તથા કરશન જાગરિયા સહિતના સ્થાનિકોએ ખાસ જહેમત ઉઠાવી કામગીરીને સફળ બનાવવામાં સહયોગ આપ્યો હતો.

# નર્મદા કેનાલનું પાણી તળાવો-ચેકડેમોમાં છોડવા ઉઠી પ્રબળ માંગ

ભુજ - કચ્છઉદય : કચ્છમાં ઉનાળાની ઋતુ દરમિયાન પાણીની સમસ્યા દિવસેને દિવસે ગંભીર બનતી જઈ રહી છે. નર્મદા કેનાલમાં હાલ પાણીનો પ્રવાહ બંધ હોવાથી કેનાલની આસપાસ આવેલા અનેક તળાવો, ચેકડેમો અને જળાશયોમાં પાણીનો અભાવ સર્જાયો છે. જેના કારણે પશુ-પક્ષીઓ ઉપરાંત જંગલી જીવજંતુઓ અને વન્યપ્રાણીઓ માટે પણ મુશ્કેલ પરિસ્થિતિ ઊભી થઈ છે. પાણીની શોધમાં અનેક વન્યજીવો ગામો, ખેતરો અને વાડીઓ તરફ આવી રહ્યા હોવાનું જોવા મળી રહ્યું છે, જેના કારણે ખેડૂતો અને પશુપાલકોમાં પણ ચિંતા વ્યાપી છે.

સામાજિક અગ્રણી નારણભાઈ હાલાઈએ જણાવ્યું હતું કે કચ્છ જેવા અછતગ્રસ્ત વિસ્તારમાં તળાવો અને ચેકડેમો માત્ર પાણીના સંગ્રહ માટે જ નહીં, પરંતુ સમગ્ર જીવસૃષ્ટિના અસ્તિત્વ માટે મહત્વપૂર્ણ આધારસ્તંભ સમાન છે. હાલ અનેક જળાશયો ખાલી થવાની સ્થિતિમાં પહોંચી ગયા હોવાથી પશુધન અને વન્યજીવો માટે પીવાના પાણીની તંગી અનુભવાઈ રહી છે. જો સમયસર યોગ્ય પગલાં નહીં ભરાય તો આગામી દિવસોમાં સમસ્યા વધુ ગંભીર સ્વરૂપ ધારણ કરી શકે છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે રાજ્ય સરકાર દ્વારા અગાઉ નર્મદા કેનાલથી સાત કિલોમીટરના વિસ્તારમાં આવેલા તળાવો અને ચેકડેમોને કેનાલના પાણીથી ભરવા અંગે માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી હતી. આ યોજના પાછળનો હેતુ પાણીની અછત દરમિયાન સ્થાનિક જળાશયોને જીવંત રાખવાનો અને પર્યાવરણનું સંતુલન જાળવવાનો હતો. પરંતુ હાલમાં આ દિશામાં પૂરતી કામગીરી થતી ન હોવાનું જણાઈ રહ્યું છે. પાણીના અભાવે જંગલ વિસ્તારોમાં રહેતા પ્રાણીઓ માનવ વસાહતો તરફ આવી રહ્યા હોવાથી અકસ્માતો, પાકને નુકસાન અને માનવ-વન્યજીવ સંઘર્ષ જેવી સ્થિતિ પણ સર્જાઈ શકે છે. બીજી તરફ, ગ્રામ્ય વિસ્તારોમાં પશુપાલકોને પોતાના પશુઓ માટે પાણીની વ્યવસ્થા કરવામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. આવી સ્થિતિમાં નર્મદા કેનાલનું પાણી તાત્કાલિક નજીકના તળાવો અને ચેકડેમોમાં છોડવામાં આવે તો મોટી રાહત મળી શકે તેમ છે.

સ્થાનિક લોકોનું માનવું છે કે જળાશયો ભરવાથી માત્ર પશુ-પક્ષીઓ અને વન્યજીવોને જ નહીં, પરંતુ ભૂગર્ભ જળસ્તર જાળવવામાં પણ મદદ મળશે. સાથે જ ચોમાસું આવવા સુધી પાણીની ઉપલબ્ધતા જળવાઈ રહેતાં ગ્રામ્ય વિસ્તારોમાં જીવનધારા યથાવત રહી શકશે. તેથી તંત્ર દ્વારા તાત્કાલિક કાર્યવાહી કરીને સરકારની માર્ગદર્શિકા મુજબ કેનાલ નજીકના તમામ તળાવો અને ચેકડેમોને ભરવાની કામગીરી હાથ ધરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

# આઈટીઆઈ ભચાઉ ખાતે "સમર સ્કીલ કેમ્પ-૨૦૨૬" નું આયોજન

ભુજ - કચ્છ ઉદય : ઔદ્યોગિક તાલીમ સંસ્થા (આઈટીઆઈ) ભચાઉ દ્વારા આગામી તા. ૧૫ થી તા. ૨૦/૬ દરમિયાન આઈટીઆઈ વોંધ, ભચાઉ ખાતે "સમર સ્કીલ કેમ્પ-૨૦૨૬" નું આયોજન કરવામાં આવ્યું છે. આ ૬ દિવસીય કેમ્પ માં વિદ્યાર્થીઓને કોમ્પ્યુટર, મિકેનિકલ, ઈલેક્ટ્રિકલ અને ગાર્મેન્ટ જેવા આધુનિક ક્ષેત્રોની પ્રાથમિક જાણકારી સાથે પ્રાયોગિક સ્કીલની તાલીમ આપવામાં આવશે.

આ સમર કેમ્પ દરમિયાન નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન, પ્રાયોગિક પ્રવૃત્તિઓ અને ઈન્ટરેક્ટિવ સેશનનું આયોજન કરવામાં આવ્યું છે. આ તાલીમ સફળતાપૂર્વક પૂર્ણ કરનાર તમામ વિદ્યાર્થીઓને સંસ્થા તરફથી પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે.

વિદ્યાર્થીઓને નવી ટેક્નોલોજી સાથે પરિચિત કરવા અને તેમનામાં રોજગારલક્ષી કૌશલ્યો વિકસાવવાના મુખ્ય હેતુથી આ કેમ્પ યોજાવા જઈ રહ્યો છે.

ઔદ્યોગિક તાલીમ સંસ્થા, ભચાઉના આચાર્ય દ્વારા રસ ધરાવતા તમામ વિદ્યાર્થીઓને આ સમર સ્કીલ કેમ્પમાં વધુમાં વધુ સંખ્યામાં જોડાઈને આ તકનો લાભ લેવા માટે જાહેર અનુરોધ કરવામાં આવ્યો છે.

# માંડવીમાં નર્મદાનું પાણી બંધ થતાં લોકોની મુશ્કેલીમાં વધારો

ભુજ : માંડવી નગર પાલિકા વિસ્તારમાં ગઈ રાતથી નર્મદાનું પાણી પુરવઠો બંધ થઈ જતાં નગરજનોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. પાણી પુરવઠો અચાનક ખોરવાતા અનેક વિસ્તારોમાં પીવાના અને ઘરગથ્થુ ઉપયોગ માટે પાણીની તંગી સર્જાવાની સ્થિતિ ઉભી થઈ છે. પાણી પુરવઠો કયા કારણોસર બંધ થયો છે અને તેને પુનઃ શરૂ કરવામાં કેટલો સમય લાગશે તે અંગે સત્તાવાર માહિતી હજુ સુધી જાહેર કરવામાં આવી નથી. જોકે, નર્મદાના પાણી પર નિર્ભર રહેલા રહેવાસીઓમાં ચિંતા જોવા મળી રહી છે. નગરજનો દ્વારા પાણી પુરવઠો વહેલી તકે પુનઃ શરૂ કરવા અને વૈકલ્પિક વ્યવસ્થા ઉભી કરવા માંગ કરવામાં આવી છે. જો સમસ્યાનો તાત્કાલિક ઉકેલ નહીં આવે તો આગામી દિવસોમાં લોકોને વધુ હાલાકી ભોગવવી પડી શકે છે.

# મુન્દ્રામાં ગુજરાત એટીએસનું ગુપ્ત સર્ચ ઓપરેશન : પાકિસ્તાનથી આવેલા જહાજની સઘન તપાસ શરૂ

## મુંબઈ તરફ જઈ રહેલા જહાજને રોકીને સર્ચ ઓપરેશન હાથ ધરાયું ; તાજેતરમાં જ મુન્દ્રામાંથી ઝડપાયું હતું રૂ. ૧,૧૮૦ કરોડનું કોકેઈન

**એટીએસ ગુજરાતની ટીમ મુંદરા આવી અને અમુક સીએફએસમાં તપાસ કરી અથવા તો દસ્તાવેજો સાથે તેમને તેડા મોકલી પૂર્વ વિગતો ચકાસી હોવાની ચર્ચા : કેપ્ટાગોન ડ્રગ્સનો જથ્થો પકડાયા પહેલા પણ અહીથી મોટી માત્રામાં નીકળી ગયો હોવાની આશંકા : કયા બની બેઠલા સીએફએસવાળાઓના લેવાયા છે પુછાણા? લાકડાના કન્સાઈનમેન્ટની હેરફેર વાળાઓનો તો ઉઘડો નથી લેવાઈ રહ્યો ને? શું મુંદરા પહોચેલી ટીમ સાંજ સુધીમાં ગાંધીધામ બાજુ પણ ત્રાટકશે ખરી?**

**ઓપરેશન સિંદુર વખતે ભારત સરકારે સીધું પાકીસ્તાનથી ભારત જહાજ ન આવી શકે તે પરિપત્રની અમલવારીમાં છટકબારી સુધી કરાંચીથી લોડ થયેલ ચીજવસ્તુઓ ઓમાન અથવા અન્યત્રથી દેખાડી ભારત-મુંદરામાં આવતા હોવાના મુદ્દે તો કયાંક આંતકવાદ વિરોધી દળ ત્રાટકીને આવા પાકીસ્તાની જહાજ પર છાનબીન તો નથી આદરી રહી ને?**

ભુજ - કચ્છઉદય : કચ્છના વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ એવા મુન્દ્રા બંદરે ગુજરાત આતંકવાદ વિરોધી દળ (એટીએસ) દ્વારા એક મોટી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. સૂત્રોમાંથી પ્રાપ્ત બાતમીના આધારે એટીએસની ટીમે વહેલી સવારથી જ મુન્દ્રા બંદરે પહોંચીને પાકિસ્તાનથી આવેલા એક શંકાસ્પદ જહાજને રોકી લીધું છે અને તેની ઝીણવટભરી તપાસ શરૂ કરી દીધી છે. આ હિલચાલને પગલે સમગ્ર બંદર વિસ્તાર સહિત સુરક્ષા એજન્સીઓમાં ભારે ઉત્તેજના અને ચર્ચાનો માહોલ જોવા મળી રહ્યો છે.

સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર, આ શંકાસ્પદ જહાજ પાકિસ્તાનથી આવ્યું હતું અને મુન્દ્રા બંદર થઈને મુંબઈના ન્હાવા શેવા બંદર તરફ આગળ વધવાનું હતું. જો કે, જહાજમાં કોઈ વાંધાજનક કે શંકાસ્પદ સામગ્રી હોવાની પાકી આશંકા સેવાતાં જ એટીએસની ટીમે તુરંત એક્શનમાં આવીને તેને આંતરી લીધું હતું. હાલમાં આ ઓપરેશન સંપૂર્ણપણે ગુપ્ત રાખવામાં આવ્યું છે અને જહાજમાંથી હજુ સુધી કોઈ ચોક્કસ વસ્તુ કે સામગ્રી પકડાઈ હોવાની સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી.આ સમગ્ર સર્ચ ઓપરેશનની ખાસ વાત એ છે કે ગુજરાત એટીએસ દ્વારા આ તપાસ તદ્દન સ્વતંત્ર રીતે ચલાવવામાં આવી રહી છે. આ ઓપરેશનમાં હાલ પૂરતું કસ્ટમ્સ વિભાગ કે અન્ય કોઈ કેન્દ્રીય સુરક્ષા એજન્સીને સામેલ કરવામાં આવી નથી. સુરક્ષા

અનુસંધાન પાના નં.૫ પર

# મુન્દ્રા પોર્ટમાં ૧૭.૮૩ કરોડનું કોલસા કૌભાંડ: ઈન્ડોનેશિયન કોલસાના નામે યુ.એસ. કોલસાની હેરાફેરીનો પર્દાફાશ

**૨૦૨૦ થી ૨૦૨૬ દરમ્યાન ૧૪૮૬૪ મેટ્રીક ટન ઉચ્ચ ગુણવતાનો કોલસો બારોબાર સગેવગે કરાયો : અદાણીએ જેને કોન્ટ્રાકટ આપ્યો હતો તે પેઢીના કર્મચારીની શીફ્ટ દરમ્યાન ટ્રકો મોકલાતી અને ઈન્ડોનેશીયનના બદલે યુએસ કોલસો ભરી અપાતો હોવાનું સામે આવ્યું : ચાર પેઢી - શખ્સો સામે મુંદરા પોલીસે નોંધાઈ ફરિયાદ**

ભુજ - કચ્છઉદય : મુન્દ્રા સ્થિત અદાણી પોર્ટ એન્ડ એસ.ઈ.ઝેડ. લિમિટેડમાં કરોડો રૂપિયાનું મોટું કોલસા કૌભાંડ સામે આવ્યું છે. આ કૌભાંડે દેશના મોટા પોર્ટ ઓપરેશનમાં ચાલતી ગેરરીતિઓ પરથી પડદો ઉઠાવ્યો છે. મુન્દ્રા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, વર્ષ ૨૦૨૦ થી ૨૦૨૬ દરમિયાન લાંબા સમયથી ચાલી રહેલા આ કૌભાંડમાં અંદાજે ૧૪,૮૬૪ મેટ્રિક ટન ઉચ્ચ ગુણવત્તાવાળો યુ.એસ. કોલસો કંપનીની જાણ બહાર સગેવગે કરી દેવામાં આવ્યો હતો, જેની કુલ કિંમત ૧૭,૮૩,૬૮,૦૦૦ રૂપિયા થાય છે.

આ અંગેની વિગતો મુજબ, મુન્દ્રા અદાણી વેસ્ટ પોર્ટ પર જ્યારે વિદેશી શીપ બર્થ થાય છે, ત્યારે ત્યાંથી કોલસો કન્વેયર બેલ્ટ મારફતે વિવિધ કંપનીઓના યાર્ડમાં સ્ટોર કરવામાં આવે છે. આ સમગ્ર ઓપરેશનલ અને મેન્ટેનન્સ કામગીરી માટે ચેન્નઈ રાધા એન્જીનીયરીંગ વર્ક્સ અને માસ મરીન કંપનીને અદાણી પોર્ટ એન્ડ સેઝ દ્વારા કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હતો. કંપનીમાં ગણતરી દરમ્યાન કોલસો ઓછો જણાતા સમગ્ર મામલો સામે આવ્યો હતો. તપાસમાં સામે આવેલી વિગતો મુજબ સીતા ઈન્ટરનેશનલ ફર્મના ગાંધીધામના જીગરસિંહ વાઘેલા વીધી એન્ટરપ્રાઈઝ પાસેથી સસ્તો ઈન્ડોનેશિયન કોલસો ખરીદતા હતા. જ્યારે એ.ઈ.એલ. કંપનીના ઓફરોલ કર્મચારી ક્રિષ્ના ગોપાલ શ્રીગંગાપ્રસાદ મોહનલાલ પવાર (રહે.મુળ દિલ્હી હાલે મુંદરા) ની નાઈટ શિફ્ટ હોય, ત્યારે જ ટ્રકોને વેસ્ટ પોર્ટ પર મોકલાતી હતી. ત્રિશુલ ટ્રાન્સપોર્ટના શક્તિસિંહ ઝાલા દ્વારા બનાવવામાં આવેલા ગેટપાસનો ઉપયોગ કરીને ટ્રક યાર્ડમાં પ્રવેશતી હતી. ચેન્નઈ રાધા કંપનીના લીંકુ શ્રીચંદનની મદદથી ઈન્ડોનેશિયન કોલસાના બદલે અદાણી એન્ટરપ્રાઈઝના યાર્ડમાંથી ઉચ્ચ ગુણવત્તાવાળો અને મોંઘો યુ.એસ. કોલસો ટ્રકમાં લોડ કરી દેવામાં આવતો હતો.

અદાણી પોર્ટ એન્ડ સેઝના વેસ્ટ પોર્ટમાં બેકઅપ યાર્ડ અને જેટીના ઈન્ચાર્જ પંકજભાઈ પેથાણીએ મુંદરા પોલીસમાં નોંધાવેલી ફરિયાદ મુજબ, આ સમગ્ર ગોટાળો ત્યારે ધ્યાનમાં આવ્યો જ્યારે તેમણે ૨૦૨૦-૨૧ થી ૨૦૨૫-૨૬ સુધીના યુ.એસ. કોલસાના ડેટાની સિસ્ટમ (એ.પી.એમ. એસ. અને આઈ-પોસ) સાથે સરખામણી કરી. ડેટા ચકાસતા માલૂમ પડ્યું કે ૧૪,૮૬૪ મેટ્રિક ટન કોલસો ઓછો હતો. અગાઉ આ નુકસાનને સામાન્ય લોસ ગણવામાં આવતું હતું, પરંતુ પાછળથી આ એક સુનિયોજિત ગુનાહિત કાવતરું હોવાનું સામે આવ્યું હતું. ફરિયાદી પંકજભાઈ પેથાણીએ મુન્દ્રા પોલીસ સ્ટેશનમાં અરજી આપ્યા બાદ આ ગંભીર કૌભાંડ અંગે ગુનો દાખલ થયો છે. પોલીસે ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો હેઠળ ક્રિષ્ના ગોપાલ, જીગરસિંહ વાઘેલા, શક્તિસિંહ ઝાલા અને લીંકુ શ્રીચંદન વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ કૌભાંડે કોર્પોરેટ જગતમાં સુરક્ષા અને કર્મચારીઓની પ્રામાણિકતા પર અનેક સવાલો ઉભા કર્યા છે. શું આ કૌભાંડમાં હજુ અન્ય મોટા માથાઓની સંડોવણી હશે? તે તો હવે તપાસ બાદ જ સ્પષ્ટ થશે.

### ઉચ્ચ ગુણવતાનો કોલસો ભરી આપવા માટે અપાતું હતું કમીશન

આ ગેરરીતિ બદલ મુખ્ય આરોપી ક્રિષ્ના ગોપાલ, જીગરસિંહ વાઘેલા પાસેથી પ્રતિ ટન ૧,૨૦૦ થી ૧,૬૦૦ રૂપિયા સુધીનો આર્થિક લાભ મેળવતો હતો. આ મળેલા કમિશનમાંથી તે લીંકુ શ્રીચંદન અને શક્તિસિંહ ઝાલાને પણ કામગીરીમાં મદદ કરવા બદલ રકમ ચૂકવતો હતો.

## શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭નો પ્રારંભ

# વેકેશન બાદ ભૂલકાઓના કિલ્લોલથી કચ્છના વર્ગખંડો ગુંજ્યા

**નવો ઉત્સાહ અને નવી આશાઓ સાથે અબડાસાથી વાગડ સુધી રાબેતા મુજબ શાળાઓ ધમધમી : તીવ્ર ગરમી વચ્ચે બાળકોની સુવિધા માટે તંત્ર સજ્જ**



ભુજ - કચ્છઉદય : સમગ્ર રાજ્યની સાથે જ સરહદી જિલ્લા કચ્છમાં પણ ઉનાળુ વેકેશન પૂર્ણ થતાંની સાથે જ આજરોજ, ૮ જૂનને સોમવારથી તમામ સરકારી, અર્ધ-સરકારી અને ખાનગી શાળા- કોલેજોમાં નવા શૈક્ષણિક વર્ષ

અનુસંધાન પાના નં.૫ પર

# અંજારમાં જુગારધામ પર પોલીસનો દરોડો : ૯ જુગારીઓ રંગેહાથ ઝડપાયા : સંચાલક ફરાર

## ટીમશ્રી જાડેજાની અસમાજીક તત્વો સામે અવિતરત લાલઆંખ



ગાંધીધામ : આ સૂચનાના આધારે અંજાર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી એચ.એ.જાડેજાએ સ્ટાફના માણસોને આવા કેસો શોધી કાઢવા માટે સખત આદેશ આપ્યા હતા. બાતમીના આધારે સવાસરનાકા પાસે ખુલ્લી શેરીમાં દરોડો અંજાર પોલીસ સ્ટેશનની ટીમ જ્યારે પેટ્રોલીંગમાં હતી, તે દરમ્યાન ચોક્કસ બાતમી હકીકત મળી હતી કે, સવાસરનાકા પાસે આવેલ લુહાણા સમાજવાડી નજીકની જમાદાર વાળી ખુલ્લી શેરીમાં અનવર હુશેન સીદ્દી (રહે. અંજાર) બહારથી માણસો બોલાવીને જાહેરમાં ધાણી પાસા વડે રૂપિયાની હાર-જીતનો જુગાર રમી રમાડે છે. આ હકીકત મળતા જ પોલીસ સ્ટાફે બાતમી વાળી જગ્યાએ તાકીદે રેઈડ કરી જુગાર રમતા આરોપીઓને રંગેહાથ ઝડપી લીધા હતા અને અંજાર પોલીસ સ્ટેશનમાં જુગારધારા કલમ-૧૨ હેઠળ ગુનો (ગુ.ર.નં. ૧૧૯૯૩૦૦૩૨૬ ૦૭૦૭/૨૦૨૬) નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. નવ જુગારીઓ રંગેહાથ ઝડપાયા, સંચાલક ફરારપોલીસ દરોડા દરમિયાન સ્થળ પરથી ૯ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે, જેમાં (૧) પારશ મણીલાલ કોઢીયા (ઉ.વ.૩૫, રહે. રામનગર, અંજાર), (૨) અક્રમ ઈબ્રાહીમશા શેખ (ઉ.વ.૨૯, રહે. હેમલાઈ ફળીયુ, અંજાર), (૩) જેસાભાઈ ઉર્ફે મહેશ રાઘાભાઈ રબારી (ઉ.વ.૩૮, રહે. ભાદ્રોઈ, તા. અંજાર), (૪) શામજીભાઈ પ્રેમજીભાઈ દેવીપુજક (ઉ.વ.૨૬, રહે. મણીનગર, આદીપુર, તા. ગાંધીધામ), (૫) દિનેશ વીજુભાઈ દેવીપુજક (ઉ.વ.૨૯, રહે. વિજયનગર, અંજાર), (૬) અલી અસગર આલીશા શેખ (ઉ.વ.૨૪, રહે. હેમલાઈ ફળીયુ, અંજાર), (૭) જમનશા મામદશા શેખ (ઉ.વ.૩૨, રહે. મદીનાનગર, અંજાર), (૮) સૈયદ કાસમ આરબ (ઉ.વ.૩૫, રહે. હેમલાઈ ફળીયુ, અંજાર) અને (૯) સમીર આદમ મેમણ (ઉ.વ.૩૮, રહે. સોરફીયા ફળીયુ પાસે, અંજાર) નો સમાવેશ થાય છે. જ્યારે જુગાર રમાડનાર મુખ્ય આરોપી (૧૦) અનવર હુશેન સીદ્દી (રહે. અંજાર) રેઈડ દરમિયાન હાજર મળી આવ્યો ન હતો. રોકડ રકમ સહિતનો મુદ્દામાલ જપ્ત કરતી પોલીસ ટીમઅંજાર પોલીસે ઘટનાસ્થળેથી જુગારના પટમાંથી રોકડા રૂ. ૪૫,૭૦૦/- તથા રૂ. ૦૦/- ની કિંમતના ૨ નંગ ધાણી પાસા મળીને કુલ રૂ. ૪૫,૭૦૦/- નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. આ જુગારનો ગણનાપાત્ર કેસ શોધી કાઢવાની સફળ કામગીરી અંજાર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેક્ટર શ્રી એચ.એ.જાડેજા, પોલીસ સબ ઈન્સપેક્ટર શ્રી એસ.જી.વાળા તથા અંજાર પોલીસ સ્ટાફના માણસો દ્વારા કરવામાં આવી છે.

હરસ,ભગંદર,ફીશરની ગુજરાતમાં સૌપ્રથમ અમેરિકન હાર્મોનિક-લેસોટ્રેક્સ લેસર-HAL-IRC-K.S. દાખલ થયા વિના સારવાર
ડૉ.વેકરીયા પાઈલ્સ હોસ્પિટલ
એસ્ટ્રોન ચોક, રાજકોટ
93741 04727, 98240 66321
ગરીબ દર્દીઓને રાહત દરે સારવાર


તૃતીય વાર્ષિક ભાવાંજલિ



સ્વ. શ્રી સાવજસિંહજી વખતસિંહજી જાડેજા
જન્મ તા. ૨૪/૦૯/૧૯૫૦, સ્વ. તા. ૦૮/૦૬/૨૦૨૩
ગામ : વિંઝાણ, હાલે : ભુજ-કચ્છ, ઉ.વ. ૭૩

અમારા પરિવારના મોભી વડીલ માર્ગદર્શક, કચ્છ ક્ષત્રિય સમાજના પૂર્વ ઉપપ્રમુખ, કચ્છ ઈતિહાસ પરિષદના પ્રમુખશ્રી, સમાજપ્રેમી કોમી એકતાના પ્રખર હિમાયતી કચ્છ ક્ષત્રિય સમાજની એકતાના હિમાયતી, પરોપકારી સ્વભાવ, અતિથિ સત્કારની ઉત્તમ ભાવનાવાળા, દિલાવર દિલના દાતા તેમજ કચ્છ ઈતિહાસ અને ભૌગોલિક સંશોધનોમાં કુનેહશકિત તથા વિચક્ષણ બુદ્ધિનું ખુબજ અનેરૂં યોગદાન રહ્યું હતું જે ક્યારે નહીં ભુલાય. મા આશાપુરા આપની દિવ્ય આત્માને ચિર શાંતિ અર્પે અને આપના આશીર્વાદ પરિવાર ઉપર હંમેશાં અવિરત રહે તેવી પ્રાર્થના...

શોકમગ્ન

પુત્ર :● જાડેજા વિરભદ્રસિંહજી સાવજસિંહજી (અધ્યક્ષશ્રી, રાજપૂત કરણી સેના ગુજરાત પ્રદેશ) (ઉપપ્રમુખશ્રી, કચ્છ જિલ્લા રાજપૂત ક્ષત્રિય સભા)
પુત્ર :● જાડેજા શિવભદ્રસિંહજી સાવજસિંહજી (Asst. Gen. Manager D.P. World Mundra Port)
ભાઈઓ :● જાડેજા કિશોરસિંહજી વખતસિંહજી (પૂર્વ બાંધકામ ચેરમેન, કચ્છ જિલ્લા પંચાયત)
● જાડેજા સજ્જનસિંહજી વખતસિંહજી (સરપંચશ્રી, વિંઝાણ ગ્રામ પંચાયત)
● સ્વ. જાડેજા પ્રાગજીભા અમરસિંહજી
● જાડેજા હરિશચંદ્રસિંહજી અમરસિંહજી (પૂર્વ પ્રમુખશ્રી, રાજપૂત ક્ષત્રિય સમાજ અબડાસા તાલુકા)
● જાડેજા રઘુવીરસિંહજી અમરસિંહજી (જેસલ-તોરલ અંજાર આજીવન ભોજનાલયના દાતાશ્રી)
● જાડેજા વિક્રમસિંહજી અમરસિંહજી (ઉપપ્રમુખશ્રી, કચ્છ જિલ્લા કિસાન મોરચા ભાજપ)
પૌત્ર :● જાડેજા હરદીપસિંહ વિરભદ્રસિંહજી ● જાડેજા ધર્મદીપસિંહ વિરભદ્રસિંહજી
:● જાડેજા મહિપાલસિંહ શિવભદ્રસિંહજી
જમાઈ શ્રી :● સિદ્ધરાજસિંહ હરિશચંદ્રસિંહ ઝાલા (ઈસનપુર-હળવદ)
:● કર્મરાજસિંહ વીરભદ્રસિંહ ચુડાસમા (કાદીપુર, હાલે-અમેરિકા-USA)



કચ્છઉદયના ૩૩માં વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે હાર્દિક શુભેચ્છા..

કચ્છી માડુની લાગણી અને માંગણીને વાચા આપના લોકપ્રહરી સાંધ્યદૈનિક 'કચ્છ ઉદય'ને ૩૩મા વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે ખૂબ ખૂબ શુભેચ્છા...

Hello Life! SMC
શ્યામ મેડીકેર
મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ અને આઈ.સી.યુ.
24 HOURS ઈમરજન્સી સારવાર
ઈમરજન્સી ઓપરેશન થીયેટર | ડિલક્ષ રૂમ | આઈ.સી.યુ. | એન.આઈ.સી.યુ.

હોસ્પિટલમાં ઉપલબ્ધ સુવિધાઓ
● અદ્યતન આઈ.સી.યુ. ● એન.આઈ.સી.યુ.
● વેન્ટીલેટરની સુવિધા ● ૨૪ કલાક ફાર્મસી (દવાની દુકાન) અને લેબોરેટરીની સુવિધા
● પ્રસુતિ તેમજ સ્ત્રી રોગોની સારવાર
● અદ્યતન ઓપરેશન થીયેટર
● જનરલ સર્જરી જેવી કે હર્નિયા, એપેન્ડીકસ, હરસ, મસા,
● પાઈલ્સ, પથરી તેમજ પ્રોસ્ટેટ ગ્રંથીના રોગોની સારવાર

આયુષ્માન ભારત :-
● આ યોજના હેઠળ તમામ પ્રકારની સારવાર ફ્રી
● એક માસના બાળકોને પેટીમાં રાખવાની અને ગંભીર બિમારીની સારવાર તદ્દન ફ્રી
● વાહન અકસ્માત યોજના (તમામ શરતોને આધિન*)



શ્યામ મેડીકેર | 49-બી, લોટસ કોલોની, જી.કે.જનરલ હોસ્પિટલની સામે, ભુજ-કચ્છ. ફોન : 02832, 252012, M. : 90990 52012